**આજનો સુવિચાર**

જીવનમાં રૂપિયા કરતા માણસની કિંમત હોય, કેમ કે, જયાં માણસની માણસાઈ કામ આવે છે ત્યાં રૂપિયા કામ નથી આવતા...

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૫૪ જૂનાગઢ તા.૧૧-૦૨-૨૦૨૫ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 54, Junagadh : Date : 11 February, 2025, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# વડાપ્રધાન મોદીનું ફ્રાન્સમાં રેડ કાર્પેટ સ્વાગત : આજે સાંજે AI શીખર સંમેલન

## ફ્રાન્સ પાસેથી ભારત ૨૬ રાફેલ યુધ્ધ વિમાન, સબમરીન ખરીદશે : રૂા.૧ લાખ કરોડના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર થશે

નવી દિલ્હી, તા.૧૧: વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસની મુલાકાતે ફ્રાન્સ પહોંચી ગયા છે. અહીં તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ‘એઆઈ એક્શન સમિટ’નું સહ-અધ્યક્ષતા કરી રહ્યા છે. આ સમયગાળા દરમિયાન દ્વિપક્ષીય વાટાઘાટો યોજાશે. ફ્રાન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પેરિસમાં AI સમિટના સહ-અધ્યક્ષતાપદેથી પહેલા સ્વાગત રાત્રિભોજનમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. પીએમ મોદીએ સોમવારે 'X' પર લખ્યું: પેરિસમાં મારા મિત્ર રાષ્ટ્રપતિ મેક્રોનને મળીને આનંદ થયો. પ્રધાનમંત્રીએ રાત્રિભોજનમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને પણ મળ્યા. વાન્સ પણ AI સમિટમાં હાજરી આપવા માટે ફ્રાન્સમાં છે.

વડાપ્રધાન મોદીએ પેરિસમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ સાથે વાતચીત કરી, વડા પ્રધાન કાર્યાલયે 'X' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

દેશને ચીન-પાક સહિતના મોરચે લશ્કરી તાકાતની દ્રષ્ટિએ વધુ મજબૂત કરવા અને સૈન્યની પ્રહાર ક્ષમતા વધારવાના એક મોટા કદમમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે રૂા.૧ લાખ કરોડના સી-રાફેલ તથા સ્કોર્પીન સબમરીન સહિતના કરાર પર હસ્તાક્ષર કરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફ્રાન્સ યાત્રાના પ્રથમ દિવસે જ ભારત નૌકાદળ માટે ૨૬ રાફેલ મરીન ફાઈટર વિમાન ફ્રાન્સ પાસેથી ખરીદશે તથા ત્રણ સબમરીન ફ્રાન્સના સહયોગથી બોલશે. આ બન્ને કરાર પર સહી સિકકા થશે. આ બન્ને મેગાડીલથી ભારત-ફ્રાન્સની સંરક્ષણ ક્ષેત્રે ભાગીદારી મજબૂત થશે. ભારત ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ-મરીન ખરીદશે જે હાલના હવાઈદળના કાફલાથી વધારાનો ફાયર પાવર હશે.

આ વિમાનોમાં ૨૨ સિંગલ એન્જીન અને ૪ ડબલ એન્જીન ટ્રેઈનર રાફેલ વિમાન હશે. જેની કુલ કિંમત રૂા.૬૩૦૦૦ કરોડની હશે. આ ઉપરાંત રૂા.૩૩૫૦૦ કરોડના સોદામાં ત્રણ ડિઝલ-ઈલેકટ્રીક સ્કોર્પીન સબમરીન ફ્રાન્સના સહયોગથી મઝગાવ ડોક યાર્ડમાં નિર્માણ કરવામાં આવશે. રાફેલ યુધ્ધ વિમાન અને સબમરીનની ખરીદી કર્યા બાદ ભારતની સંરક્ષણ તાકાતમાં વ્યૂહાત્મક વધારો થશે જે ચીન અને પાકિસ્તાનનો મુકાબલો કરવામાં ભારતને ખુબ જ મદદરૂપ થશે.



## પરવેશ વર્માનું દિલ્હીના મુખ્યમંત્રી બનવું લગભગ નિશ્ચિત



નવી દિલ્હી, તા.૧૧: દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ રાજકીય વર્તુળોમાં મુખ્યમંત્રીના ચહેરાને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. મુખ્યમંત્રી બનવાની રેસમાં ઘણા નામો આગળ આવી રહ્યા છે. આ દરમિયાન, સમાચાર આવી રહ્યા છે કે મુખ્યમંત્રી બનવા માટે પરવેશ વર્માનું નામ લગભગ નક્કી થઈ ગયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શપથ ગ્રહણ સમારોહ વડાપ્રધાન મોદીના અમેરિકા પ્રવાસથી પાછા ફર્યા પછી થશે.

જોકે, આ પહેલા પણ મુખ્યમંત્રીના ચહેરાને લઈને મેરેથોન શરૂ થઈ ગઈ છે. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં એ પણ પ્રકાશમાં આવ્યું છે કે રાજસ્થાનની જેમ દિલ્હીમાં પણ બે ડેપ્યુટી સીએમનું ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી શકે છે. દિલ્હીના મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે ઘણા દાવેદારો ઉભરી આવ્યા છે. જોકે, સૌથી મજબૂત દાવેદાર પૂર્વ મુખ્યમંત્રી સાહિબ સિંહ વર્માના પુત્ર પરવેશ વર્મા છે અને જેમણે નવી દિલ્હીથી ચૂંટણી જીતી છે. તેમણે અરવિંદ કેજરીવાલને પણ હરાવ્યા છે. અહેવાલ મુજબ, મુખ્યમંત્રી તરીકે પરવેશ વર્માનું નામ લગભગ નક્કી થઈ ગયું છે. તેમના નામ પર

## આવતીકાલે માઘપૂર્ણિમા : મહાકુંભમાં ટ્રાફિકજામની સ્થિતિ યથાવત : તંત્ર ઉંધામાથે



પ્રયાગરાજ તા.૧૧ આવતીકાલે બુધવારે માઘ પૂર્ણિમાએ મહાકુંભમાં સ્નાન પર્વનું મહત્વ હોઈ મહાકુંભ મેળા ક્ષેત્રમાં અને પ્રયાગરાજમાં દરેક પ્રકારના વાહનોની એન્ટ્રી પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. છેલ્લા કેટલાય દિવસોથી મહાકુંભમાં આવવા માટે જે મહા ટ્રાફિક જામ સર્જાયો છે ત્યારે પરીસ્થિતિ વિકટ ન બને તે માટે પ્રશાસને આ મોટો નિર્ણય લીધો છે.

બીજી બાજુ મહાકુંભમાં શ્રદ્ધાળુઓની ભીડને જોતા ભારે વાહનોની પ્રયાગરાજમાં નો એન્ટ્રીના કારણે શહેરમાં ખાદ્યાન્ન સંકટ પેદા થવા લાગ્યું છે. લોટ, મેંદો, સોજીના મોટાભાગના ભંડારો ખતમ થવા લાગ્યા છે. પાંચ-દસ કિલોની લોટની ગુણીને સ્ટોક નથી બચ્યો, જયાં પણ આ ગુણી મળી રહી છે ત્યાં ભાવ વધી ગયા છે.

પ્રયાગરાજમાં બધા પ્રકારના વાહનો માટે નો એન્ટ્રી કરી દેવાઈ છે. પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં છેલ્લા એક-બે દિવસમાં અચાનક શ્રદ્ધાળુઓનો ટ્રાફિક વધી જતા ભયાનક સમસ્યાઓ સર્જાય છે. માર્ગો પર કેટલાય કિલોમીટર ટ્રાફિક જામ છે. જેના કારણે અનેક સમસ્યાઓ પેદા થઈ રહી છે. વાહનચાલકો, સ્થાનિક લોકો, યાત્રાળુઓ ભારે પરેશાન થઈ ગયા છે.

## મહાકુંભમાં ગુજરાત પેવેલીયનની બોલબાલા : સૌરાષ્ટ્રના ગાંઠીયા, ઉત્તર ગુજરાતના રોટલા ભારે લોકપ્રિય બન્યા

પ્રયાગરાજ,તા.૧૧: મહાકુંભ મેળો ગુજરાતની સખી મંડળની બહેનો માટે પણ રોજગારીનો અવસર લાવ્યો છે. કુંભમેળામાં સંગમ તાન કરવા માટે મોટી સંખ્યામાં જઈ રહેલા ગુજરાતીઓ માટે ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલા પેવેલિયન પાસે ઉભી કરાયેલા કાફેટેરિયામાં ગુજરાતી વ્યંજનો બનાવવા અને પીરસવાની જવાબદારી ગુજરાતથી ગયેલી વિવિધ સખી મંડળની બહેનોને સોંપવામાં આવી છે.

વિશેષ વાત તો એ છે કે, આ કાફેટેરિયામાં બનતા ગાંઠિયા અને કાઠિયાવાડી થાળીનો ચટકો અન્ય રાજ્યના સ્વાદ રસિયાઓને પણ લાગ્યો છે.પ્રયાગરાજમાં ગંગા નદીના વિશાળ પટમાં ઉભા કરવામાં આવેલા કુંભ મેળાના અલાયદા નગરમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સેક્ટર-૬માં ભારદ્વાજ નગર પાસે એક વિશાળ પેવેલિયન બનાવવામાં આવ્યું છે.

## ટ્રમ્પની ટેરિફ વોરથી સોનામાં આગઝરતી તેજી ભડકી વધુ રૂા.૨૪૦૦ના ઉછાળા સાથે ભાવ રૂા.૮૮૫૦૦

નવી દિલ્હી તા.૧૧: અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પએ અમેરિકામાં આયાત થઈ રહેલા તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર નવેસરથી ૨૫ ટકા ટેરિફ (Tariff) લાગૂ કરવાની ધમકી આપતા વિશ્વ બજારમાં સોનાના ભાવમાં આગ ઝરતી તેજી ફાટી નિકળી છે. તેને પગલે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂપિયા ૨,૪૩૦ ઉછળી અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટી ૮૮,૫૦૦ને સ્પર્શી ગયા છે. જ્યારે સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂપિયા ૨,૪૩૦ વધી રૂપિયા ૮૮,૧૦૦ થયા છે. દિલ્હી ખાતે ચાંદીનો કીલો દીઠ ભાવ રૂપિયા ૧,૦૦૦ ઉછળી રૂપિયા ૯૭,૫૦૦ થયા છે. MCX ખાતે સોનાના ભાવ ૮૫,૦૦૦ની સપાટી કુદાવી ગયા છે. સોનાનો ભાવ રૂપિયા ૯૪૦ વધી રૂપિયા ૮૫,૮૨૮ થયા છે.જૂન મહિનાની ડિલિવરી માટેનો કોન્ટ્રેક્ટ રૂપિયા ૧,૦૧૫ એટલે કે ૧.૧૮ ટકા ઉછળી રૂપિયા ૮૬,૬૩૬ થયો છે.જ્યારે માર્ચ મહિના માટેનો ચાંદીનો વાયદો રૂપિયા ૬૩૨ વધી રૂપિયા ૯૫,૯૬૫ થયો છે.

## ૧૫-૨૦ વર્ષ જુની મોટરસાયકલ, કાર, કોમર્શિયલ વાહનોની રિન્યુઅલ ફીમાં ૨૦૦ ટકાનો તોતિંગ વધારો

નવી દિલ્હી તા.૧૧: દેશમાં માર્ગો પર દોડતા જૂના વાહનોથી સર્જાતા પ્રદુષણ તથા વધુ પડતા ઈંધણનો વપરાશ સહિતની સમસ્યા સામે સરકારે બનાવેલી સ્ક્રેપ પોલીસી હજુ શરુ થઈ શકી નથી અને ૧૫ વર્ષ કે તેથી જૂના વાહનો હજુ પણ માર્ગ પર બિન્દાસ દોડે છે.

તે સમયે હવે કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ મંત્રાલયે એક ડ્રાફ્ટ નોટીફીકેશનમાં જૂના વાહનોના રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરવા માટેની ફીમાં મોટો વધારો કર્યો છે. આ પ્રકારના વાહન ચાલકોન જૂના વાહનો ‘મોંઘા’ પડે તે જોવામાં આવી રહ્યું છે. વાહનો માટેના બીએસ-ટુ માપદંડ અમલમાં આવ્યા તે પુર્વેના વાહનોને આ નવી પ્રસ્તાવીત જોગવાઈ લાગુ પડશે.

૨૦ વર્ષ કે તેથી જૂના મોટરસાયકલ અને કારના રજીસ્ટ્રેશન રીન્યુઅલ હવે મોંઘુ બનશે. મોટરસાયકલ માટે આ ફી રૂા.૨૦૦૦ અને કાર માટે રૂા.૧૦૦૦૦ કરવામાં આવી છે.

## લોકસભાના ૧૫૧ સાંસદો પર ફોજદારી ગુના : સુપ્રિમ કોર્ટને રિપોર્ટ સોંપાયો

નવી દિલ્હી તા.૧૧ ભારતમાં લોકસભાના ૨૫૧ સાંસદો સામે ફોજદારી ગુના છે અને તે પૈકી ૧૭૦ સામે પાંચ કે તેથી વધુ વર્ષની સજા થઈ શકે તેવા ગંભીર ગુના નોંધાયેલા છે. રાજકારણનાં અપરાધીકરણ મુદ્દાનો આંકડાકીય રીપોર્ટ સુપ્રિમ કોર્ટમાં રજુ કરાયો હતો અને તેમાં આ વિગતોનો ખુલાસો થયો છે. સુપ્રિમ કોર્ટનાં જસ્ટીસ દિવાંકર દતા તથા મનમોહન સમક્ષ એમિકસ કયુરી અને સીનીયર એડવોકેટ વિજય હંસારીયાએ ૮૩ પાનાનો રીપોર્ટ રજુ કર્યો હતો.જુદી જુદી હાઈકોર્ટમાંથી ડેટા એકત્રીત કરીને આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. કેરળના તો ૨૦ માંથી ૧૯ સાંસદો સામે ફોજદારી કેસ છે અને તેમાંથી ૧૧ સામે ગંભીર આરોપ છે. તેલંગણાનાં ૮૨ ટકા અર્થાત ૧૭ સાંસદો, ઓડીશાનાં ૨૭ માંથી ૧૬, ઝારખંડનાં ૧૪ માંથી ૧૦, તામીલનાડુના ૩૯ માંથી ૨૬ સામે ફોજદારી ગુના છે. ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, કર્ણાટક તથા આંધ્રપ્રદેશનાં અર્ધોઅર્ધ લોકસભા સભ્યો સામે ફોજદારી ગુના છે.

### બિહારના બેગુસરાયમાં બનેલી જઘન્ય ઘટના

## ૧૦ વર્ષની બાળકી પર બળાત્કાર કરી ગળુ દબાવી હત્યા કરાઈ

બેગુસરાય, તા.૧૧: બિહારના બેગુસરાયમાં શ્રાદ્ધ સમારોહ માટે ફૈબાના ઘરે આવેલી ૧૦ વર્ષની બાળકી સાથે જે કરવામાં આવ્યું તે ભયાનક છે. અહીં એક ક્રૂર વ્યક્તિએ પહેલા છોકરી પર બળાત્કાર ગુજાર્યો અને પછી તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. આ ઘટના સાહેબપુર કમલ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં બની હતી. આ ઘટના અંગે પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે ખાગરિયા જિલ્લાની એક ૧૦ વર્ષની બાળકી તેના પરિવાર સાથે ૮ ફેબ્રુઆરીએ શ્રાદ્ધ સમારોહમાં હાજરી આપવા માટે તેની ફૈબાના ઘરે આવી હતી. ૯ ફેબ્રુઆરીની રાત્રે ઘરમાં પૂજા અને કીર્તન ભજન ચાલી રહ્યું હતું. પછી, રાત્રે ૮:૦૦ વાગ્યે, બાળકી ગાયબ થઈ ગઈ. છોકરીનો મૃતદેહ ઘરથી ૫૦૦ મીટર દૂર મકાઈના ખેતરમાં પડયો હતો. તે અર્ધ નગ્ન અવસ્થામાં હતી.

## પંજાબ પોલીસ દ્વારા આતંકવાદી મોડયુલનો પર્દાફાશ

અમૃતસર, તા.૧૧: પંજાબ પોલીસે એક આતંકવાદી મોડયુલનો પર્દાફાશ કર્યો છે. અહીં ૩ ફેબ્રુઆરીના રોજ બંધ પોલીસ ચોકી પાસે કરવામાં આવેલા વિસ્ફોટમાં સામેલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ પોલીસ અધિકારીએ આજે જણાવ્યું હતું.

પોલીસે તેમના કબજામાંથી એક એકે-૪૭ રાઈફલ, બે પિસ્તોલ અને કારતૂસ પણ જપ્ત કર્યા છે. ધરપકડ બાદ શંકાસ્પદોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેમાંથી એક પોલીસ અધિકારી પાસેથી પિસ્તોલ છીનવી લીધી અને ગોળીબાર કર્યો હતો. પોલીસે જણાવ્યું કે જવાબી ફાયરીંગમાં બે આરપીઓ ગોળી વાગવાથી ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ત્રણેયની ઓળખ લવપ્રીત સિંહ, બૂટા સિંહ અને કરણદીપ સિંહ તરીકે થઈ છે. જેઓ અમૃતસર ગ્રામીણના રહેવાસી છે અને તેમના સંબંધો દુબઈ સ્થિત એક વ્યકતિ સાથે છે. જેણે તેમને ભંડોળ અને શસ્ત્રો પૂરા પાડવામાં મદદ કરી હતી.


હાર્દિક શુભેચ્છા......

**વુમન કેર / હોસ્પિટલ**

**ડો. નિલેશ જે. મારકણા**
એમ.એસ. (ગાયનેક)

● મેટરનીટી હોમ
● લેપ્રોસ્કોપીક
● સોનોગ્રાફી



બાલાજી એવન્યુ, પહેલો માળ, મોતીબાગ પાસે, ડો.પાનસુરીયાની સામે, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૭૫૦૭૭
મો.+૯૧-૮૪૬૯૭ ૭૧૦૫૧

**સંપૂર્ણ આયુર્વેદિક સારવાર**

પૃથ્વીરાજ હોસ્પિટલ

આયુર્વેદ - પંચકર્મ
ફિઝીયોથેરાપી

● તમામ પ્રકારનાં રોગો
● સાંધાનો દુ:ખાવો
● સાયટીકા
● ચેતાતંત્રના રોગો
● માનસિક રોગો
● પક્ષઘાત
● માઈગ્રેન (આધાશીશી)
● અનિંદ્રા



**ડો. મહિપતસિંહ ડોડીયા**
એમ.ડી. (આયુ.)

જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

હાર્દિક શુભેચ્છા......

Smiit INTERNATIONAL
**સ્મિત** ઈન્ટરનેશનલ
એગ્રી કોમોડીટીઝ ટ્રેડ બ્રોકર્સ

શૈલેષ નથવાણી
મો. +૯૧ ૯૮૨૫૨ ૮૮૯૫૪/ ૯૪૨૮૭ ૦૨૩૪૧
E-Mail : shailesh@smiitint.com

કલ્પેશ હિન્ડોચા
મો.+૯૧ ૯૮૨૫૫ ૦૭૨૬૫ / ૯૬૬૨૪ ૫૯૯૯૯
E-Mail : kalpesh@smiitint.com

સ્મિત નથવાણી
મો. +૯૧ ૭૨૦૨૦ ૨૦૨૨૧
E-Mail : smit@smiitint.com

**સ્મિત ઈન્ટરનેશનલ**
૪૦૧-૪૦૪,સેવન સીસ કોમ્પ્લેક્ષ, રાધાકૃષ્ણનગર, મોતીબાગ, વંથલી રોડ, જૂનાગઢ -૩૬૨૦૦૧ (ગુજ.) ભારત
+૯૧-૨૮૫-૨૬૭૦૪૬૮ /૨૬૭૦૪૬૯/૨૬૭૦૪૭૦

હાર્દિક શુભેચ્છા......

**Angel Kids**
Every Child in the Blessing of God
PLAY HOUSE & PRE-SCHOOL



2025 ADMISSION OPEN
PERSONALITY DEVELOPMENT TRAINING
MINDFUL ACTIVITY SKILLS
CBSE PATTERN SYLLABUS
PLAY GROUP L.K.G. H.K.G
EXCEPTIONAL LEARNING METHOD
HOMELY ATMOSPHERE
CREATIVITY SKILLS
B/H. LIMDA CHOWK, SAIYEDVADA, “SAHAR”, JUNAGDH
CONTECT : 91068 56924
E-mail : angelkidzpresch2023@gmail.com/

# ૨૦૨૫ના કાગ એવોર્ડ માટે જાણીતા લોક સાહિત્યકાર અમુદાન ગઢવીની પસંદગી

## તા.૩-૩-૨૦૨૫ના રોજ પુ.કાગબાપુની ૪૮મી પુણ્યતિથી નિમિતે અર્પણ થશે

જૂનાગઢ તા.૧૧


જુનાગઢ ના વતની અને સમગ્ર વિશ્વમાં જેમણે લોક સાહિત્યનો ધુણો ધખાવેલ છે તેવા અમુદાનભાઈ ગઢવીને ૨૦૨૫ નો કાગ એવોર્ડ અર્પણ થશે. પુજય કાગબાપુની ૪૮ મી પુણ્ય તીથી નીમીતે ધોષિત થયેલ કાર્યક્રમ મુજબ તા.૦૩/૦૩/૨૦૨૫ સોમવારના રોજ પુજય મોરારી બાપુના સાનિધ્યમાં કાગના ફળીયે કાગની વાતુ વિષય અંતર્ગત પ્રકલ્પમાં અમુદાનભાઈ ગઢવીને કવિશ્રી કાગ એવોર્ડ અર્પણ થશે રાજુલા જીલ્લાના મજાદર ગામે યોજાનારા આ સંમેલનમાં ગુજરાતી ડાયરાના લોક કલાકારો ચારણી સાહિત્યના વિધ્વાનો વિગેરે થઈને કુલ-૫ એવોર્ડ આપવામાં આવશે. ભાઈશ્રી અમુદાનભાઈ ગઢવીને આ એવોર્ડ મળ્યાના સમાચાર મળતા તેના મિત્રો અને શુભેચ્છકો માં આનંદની લહેર દોડી ગઈ છે. જુનાગઢ જીલ્લાના મોણીયા ગામે જન્મલો અને મોટો થયેલો આ મોટા ગજાનો લોક સાહિત્યકાર કઈ કેટલીયે અકલ્પીય શબ્દ શકિત થી ગામઠી પ્રયોગો જે રીતે હાથ વગા કરી રજુઆત કરે છે ત્યારે મૌનીના મોઢા માંથી પણ વાહ-વાહ બોલાય જાય છે તેવુ બેનમુન ચારણી સાહિત્યના આ કલાકાર છે ચારણી સાહિત્યના શબ્દો વાવીને જેણે લોક સાહિત્યને ઉજાગર કરેલ છે તેવા ભાઈશ્રી અમુદાન ગઢવીના કંઠે થી નીકળેલા શબ્દો બળુકા છે અમુદાન બનેલો નહી પરંતુ જન્મેલો કલાકાર છે અને છેલ્લા થોડાક સમય માં તો લોક સાહિત્ય માંથી હાસ્ય અને સંસ્કૃતી ની વાતોની સાથો સાથ સંસ્કાર અને દેશકિત તેના પ્રિય વિષયો બની ગયેલ છે.આ કલાકાર ને રૂા.૫૧,૦૦૦/- ની રાશી સાથે પુ. મોરારીબાપુના કરકમળ દ્વારા ગુજરાતી એનાયત થશે

સાહિત્યનો પ્રતિભાવંત એવોર્ડ કહેવાય તેવો કાગ એવોર્ડ ૨૦૨૫ એ તીરથ ટાણે ગુજરાતના લોક સાહિત્ય ના તેના ચાહકો રોમે રોમે પોરહાશે. ખુદારી, ખુમારી, ખુંખારી, લોક સાહિત્યનો બેતાજ બાદશાહ, કાઠીયાવાડી હાડ બળુકી, બાખડ, બોલીનો તળપદી તમન્ચો, ઠસહાર, રજુઆતનો રાજા તોફાનીઉડોરસ એટલે જ લોક સાહિત્યની સાથો સાથ હાસ્ય અને સંસ્કૃતીને તેના કંઠ માંથી નીકળે છે ત્યારે શ્રોતાઓ તેમને બીરદાવે છે. ભાઈશ્રી અમુદાનની નાની -નાની વાર્તાઓ માં પણ આપણા સાંપ્રત જીવનના કોઈ ને કોઈ સંદર્ભ સાથે પ્રસ્તુતા હોય છે. લય અને ઉર્મીના સંવેદનશીલ કલાકારની વાણીમાં વૈવિધ્ય અને વૈપુલ્ય થી તરબતર છે. શબ્દોવાવીને જેણે લોક સાહિત્યને ઉજાગર કરેલ છે અને લોહી સિંચીને જેણે કાગ-મેધાણીની કયારીઓના રખોપા કર્યા છે તે અમુદાનભાઈ ગઢવી એટલે લોક સાહિત્યની એક જીવતી દંત કથા, અમુદાનભાઈ ગઢવીએ જેમ લોક સાહિત્યને ઉજાગર કર્યુ તે રીતે આધુનીક યુવા પેઢીને પણ સંસ્કૃતીના પાઠ ભણાવેલા છે તે તેમની આગવી વિશેષતા છે.

શાહબુદીન રાઠોડની જેમ વ્યંગ અને હાસ્યને જીવન જીવવાની પધ્ધતી સાથે સાંકળીને સંસ્કૃતીના પાઠ ભણાવેલા છે આવા કલાકાર ભાઈશ્રી અમુદાનભાઈ ગઢવીને જયારે પુજય મોરારીબાપુના કરકમળ થી કાગ બાપુની કર્મજ ભુમીમાં આ વર્ષનો શ્રેષ્ઠ ગુજરાતી એવોર્ડ કાગ એવોર્ડ-૨૦૨૫ મળવા જઈ રહયો છે ત્યારે તેમના શુભેચ્છકો અને પ્રસંશકો તેને ભાવભર્યુ અભિવાદન કરી લોક સાહિત્ય નુ ખેડાણ હજુ પણ વર્ષો સુધી કરતા રહે તેવી ઉમદા શુભેચ્છા પાઠવે છે.

**કિરીટ બી સંઘવી**
**સંયોજક - વનમેન આર્મી**
**મો. ૯૮૨૫૨ ૪૮૨૬૨**

# રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નવું ટર્મિનલ મુસાફરોના સ્વાગત સાથે મુસાફરોની સફર સાથે ખુલ્લું મુકાયું



## ટર્મિનલના ઉદઘાટનમાં મુસાફરો બન્યા મુખ્ય મહેમાનો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

રાજકોટના હીરાસર ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નવા ટર્મિનલને મુસાફરોના સ્વાગત સાથે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. થોડાં સમય પૂર્વે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે એરપોર્ટનું ઉદઘાટન થયા બાદ મુસાફરોને વિવિધ સુવિધાઓ મળી રહે તે માટે એરપોર્ટ ખાતે જુદી જુદી કામગીરીને ઓપ આપવામાં આવ્યો છે. ત્યારે રાજકોટ આવનાર અને રાજકોટથી બહારગામ જતાં આશરે ૪૦૦ જેટલા મુસાફરોને ગુલાબ અને ગીફટ બોકસ આપવામાં આવ્યા હતા. નવા ટર્મિનલના ઉદઘાટનની શરૂઆત સરસ્વતી વંદના અને ચંદન તિલકથી કરવામાં આવી હતી. ટર્મિનલને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. આ ટર્મિનલમાં સૌ પ્રથમ મુંબઈ-રાજકોટની ફલાઈટના મુસાફરોનું આગમન થતાં એરપોર્ટ ઓથોરીટીના સ્ટાફે મુસાફરોને જ મુખ્ય મહેમાન બનાવીને પુષ્પગુચ્છ આપીને ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યું હતું. ગુજરાતી સંસ્કૃતિમાં પ્રચલિત રાસ-ગરબાથી મુસાફરોનું સ્વાગત થતાં તેઓ ખુબ જ પ્રભાવિત થયા હતા. મુસાફરોએ અદ્યતન સુવિધા સાથેના નવા ટર્મિનલની ભેટ બદલ સરકારના આભાર વ્યક્ત કર્યો હતો.

**એરપોર્ટ ઉપર અમારૂ સુંદર રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું : પ્રીતિ મહેશ્વરી**

નવા ટર્મિનલની શરૂઆત થતાં મુસાફરોને મુખ્ય મહેમાન બનાવવામાં આવ્યા હતા, આ તકે મુસાફર પ્રીતિ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, એરપોર્ટ ઉપર મારૂ ઉત્સાહભેર સ્વાગત થતાં મને ખુબ જ ગમ્યું હતું. તેઓને જાણીને આનંદ વ્યક્ત કર્યો હતો કે, રાજકોટ ખાતે નવા ટર્મિનલને ખુલ્લું મુકવાના અવસરે પધારતા મુસાફરોનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

**"આ મારા માટે નવો અને સુંદર અનુભવ છે" : કેપ્ટન અનંત પવાર**

નવા ટર્મિનલના ઉદઘાટન સમયે મુસાફર કેપ્ટન અનંત પવારે પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, અમે અહીં આવ્યા ત્યારે જાણવા મળ્યું કે અહીં પણ આવા પ્રયોગો કરવામાં આવે છે અને અમારું ભાવભેર સ્વાગત થતાં ખુબ જ આનંદ થયો હતો. આ મારા માટે નવો અને સુંદર અનુભવ છે.

**નવા ટર્મિનલનું ઉદઘાટન એ એક લેન્ડમાર્ક છે : એડવોકેટ સુરેશ કોટાલ**

મુસાફર એડવોકેટ સુરેશ કોટાલે જણાવ્યું હતું કે, નવા ટર્મિનલનું ઉદઘાટન એ એક લેન્ડમાર્ક છે. આ પ્રકારની અધ્યતન સુવિધાઓના કારણે વિદેશી પ્રવાસીઓ ભારત આવવા પ્રેરિત થશે. તેઓ ભારત આવતા ટુરીઝમ ક્ષેત્રનો ખુબ સારો વિકાસ થઈ શકશે.

# પ્રયાગરાજ મહાકુંભમેળામાં સહજ ધ્યાન યોગ સાથે સાધુ સંતોની થઈ સેવા



## શ્રી ગિરનાર સાધના આશ્રમ દ્વારા શ્રી શૈલજાદેવીજીનાં સાનિધ્ય સાથે થયેલું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

શ્રી ગિરનાર સાધના આશ્રમ દ્વારા શ્રી શૈલજાદેવીજીનાં સાનિધ્ય સાથે પ્રયાગરાજ મહાકુંભમેળામાં સહજ ધ્યાન યોગ સાથે સાધુ સંતોની સેવા થઈ છે. જૂનાગઢ શ્રી ગિરનાર સાધના આશ્રમનાં સ્થાપક શ્રી પુનિતાચારીજી મહારાજનાં સ્મરણ સાથે સહજ યોગિની શ્રી શૈલજાદેવીજીનાં સાનિધ્ય સાથે સાધુ સંતો માટે આરોગ્ય સેવા અને પ્રસાદ ભંડારાનાં આયોજનનો લાભ રહ્યો છે. પ્રયાગરાજમાં મહાત્મ્યભર્યા મહાકુંભમેળામાં સર્વત્રથી મોટી સંખ્યામાં ભાવિકો લાભ લઈ રહ્યાં છે, જેમાં આ શિબિરમાં સહજ ધ્યાન યોગ સાથે સાધુ સંતોની સેવા થઈ છે. અહિયાં આશ્રમ પરિવારનાં સાધક તબીબો દ્વારા સાધુઓની આરોગ્ય સેવા થઈ છે. 'હરિ ૐ તત્સત જય ગુરૂદત્ત' સ્મરણ અને ધ્યાન સાથે આ ભવ્ય મહાકુંભમેળામાં શ્રી ગિરનાર સાધના આશ્રમ કાર્યકર્તા સાધકો દ્વારા સુંદર સેવા કાર્ય રહ્યું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૩,૨૮૮ છાત્રો પરીક્ષા આપશે

## જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષ કલેક્ટરની અધ્યક્ષતામાં એક્શન પ્લાન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ગુજરાત રાજ્યમાં આગામી તારીખ ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ ૧૦ તથા ૧૨ ની બોર્ડની પરીક્ષાઓ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પરીક્ષા સમિતિના અધ્યક્ષ જિલ્લા કલેકટર આર.એમ. તન્નાની આગેવાનીમાં સમિતિના સદસ્ય જિલ્લા શિક્ષણ અધિકારી ડો. હર્ષવર્ધનસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં વિવિધ એક્શન પ્લાન તથા પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટેનું આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

**જિલ્લામાં કુલ ૧૩૨૮૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે બોર્ડની પરીક્ષાઓમાં ધોરણ ૧૦ માં ૭૯૫૬ નિયમિત વિદ્યાર્થીઓ સાથે કુલ ૯૨૪૬ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. જ્યારે ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં ૩૩૧ વિદ્યાર્થીઓ તથા ધોરણ ૧૨ ના સામાન્ય પ્રવાહમાં ૩૭૧૧ મળી કુલ ૩,૨૩૭ નિયમિત વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપશે. ધો. ૧૨ સાયન્સ પ્રવાહની પરીક્ષા કેન્દ્ર ખંભાળિયા તથા મીઠાપુર બે સ્થળે છે. જયારે સામાન્ય પ્રવાહમાં ખંભાળિયા સાથે ભાણવડ, ભાટિયા, કલ્યાણપુર, દ્વારકા અને મીઠાપુર વિગેરે કેન્દ્ર ફાળવવામાં આવ્યા છે.

આ સાથે ધોરણ ૧૦ માં આ તમામ સ્થળો ઉપરાંત નંદાણા, જામ રાવલ સહિતના કેન્દ્રોમાં પણ પરીક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દ્વારકા જિલ્લા પરીક્ષાના સમિતિના અધ્યક્ષ કલેકટર આર.એમ. તન્નાની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિ પણ બનાવવામાં આવી છે. જેમાં સભ્ય તરીકે જિલ્લા પોલીસ વડા, જિલ્લા શિક્ષણાધિકારી, માન્ય મંડળોના પ્રમુખ અને મહા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જિલ્લામાં રાજય સરકાર તરફથી મળેલા એક્શન પ્લાન મુજબ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે પરીક્ષા સંદર્ભમાં પરીક્ષા કાર્ય સાથે જોડાયેલાઓ માટે ટ્રેનિંગ અને માર્ગદર્શન સાથે જિલ્લામાં કંટ્રોલ રૂમ તથા દરેક તાલુકામાં શિક્ષણવિદો દ્વારા કાઉન્સિલિંગની વ્યવસ્થા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પરીક્ષાના તમામ સ્થળ પર સી.સી. ટી.વી. તથા તેનું લાઈવ રેકોર્ડિંગ થાય તે માટે તથા તમામ સ્થળે પરીક્ષાના સમયે વીજ પુરવઠો અવિરત રીતે જળવાઈ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષા સ્થળોની આસપાસ લોકોના ટોળા એકત્ર ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત તથા જિલ્લા કક્ષાએ પોલીસ કંટ્રોલ રૂમ અને હેલ્પલાઈન ઉપરાંત રાજય કક્ષાએ હેલ્પ લાઈનની વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ માનસિક તનાવ ન અનુભવે તે માટે ખાસ મદદરૂપ થવા નંબરો પણ જાહેર કરવામાં આવ્યા છે. બોર્ડની પરીક્ષામાં ચોરી કરનારાઓ તથા તેમને મદદરૂપ થનારાઓ સામે પગલાની જોગવાઈ કરવામાં આવી છે. જે-તે વિષયના પ્રશ્નપત્ર દરમિયાન આ વિષયના શિક્ષકોને પરીક્ષા સુપરવિઝનમાં ન રાખવા માટેનું પણ આયોજન થયું છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો. હર્ષવર્ધનસિંહ જાડેજા, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સવદાસ માડમ, વર્ગ-૨ ના અધિકારી કમલેશભાઈ પાથર, ગોપાલભાઈ નકુમ વિગેરે જિલ્લાની આ પરીક્ષા વ્યવસ્થામાં જોડાયા છે. પરીક્ષા માટેની આ બિલ્ડીંગોની ચકાસણી પણ કરવામાં આવી છે. જેમાં ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર વિગેરે વર્ગ ૨ ના અધિકારીઓ દ્વારા પરીક્ષામાં ચેકિંગની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# બુધવારે માઘી પૂર્ણિમા સાથે માં લલિતા શ્રી વિદ્યા જયંતિ

મહા શુદ પૂનમને બુધવાર તારીખ ૧૨-૨-૨૫ આ દિવસે માઘી પૂર્ણિમા છે. આ દિવસે માં લલિતા શ્રી વિદ્યા જયંતિ પણ છે અને આજ દિવસે વ્રતની પૂનમ પણ છે. મઘા નક્ષત્રના નામ ઉપરથી મહા માસ નામ પડેલ છે. આ દિવસે સવારના ૮:૦૫ કલાક સુધી સૌભાગ્ય યોગ ઉત્તમ છે. આ દિવસે ગંગા સ્નાન અથવા તો આસપાસના આવેલ તીર્થોમાં સ્નાન કરવું ઉત્તમ છે અને જીવનના બંધનોમાંથી મુક્તિ અપાવનાર છે. ખાસ કરીને જે લોકો તીર્થમાં સ્નાન કરવા ન જઈ શકતા હોય તો આ દિવસે સવારના નિત્ય કર્મ કરી અને સ્નાન કરવાના જળમાં ગંગાજળ પધરાવી અને ત્રિવેણી સંગમ પ્રયાગમાં સ્નાન કરવાની ભાવના કરી હર હર ગંગે બોલતા બોલતા સ્નાન કરવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થશે. આ દિવસે શ્રી સૂક્તના પાઠ કરવા શ્રી યંત્રની પૂજા કરવી ઉત્તમ છે. આ દિવસે સાથે માં લલિતા શ્રી વિદ્યાજયંતી હોવાથી શ્રી યંત્ર ઉપર સાકર વાળું દૂધ શ્રી સૂક્ત બોલતા બોલતા ચડાવાથી સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. શ્રી સૂક્તના પાઠ કરવા પણ ઉત્તમ છે વિષ્ણુ ભગવાન સાથે લક્ષ્મીજીની પૂજા કરવી પણ ઉત્તમ ફળ આપનાર બનશે. આ દિવસે સત્યનારાયણ ભગવાનની કથા કરાવી ચંડીપાઠ કરાવવા પણ ઉત્તમ ફળ આપનાર બનશે. માઘી પૂર્ણિમાના દિવસે ગોળ અને ઘીનું દાન દેવું જોઈએ તે ઉપરાંત આ દિવસે સાંજે ચંદ્ર ઊગે એટલે પાણીમાં ગંગાજળ તથા સાકર નાખી અને ચંદ્રને અર્ધ્ય આપવું. માનસિક શારીરિક શાંતિ મળશે. આ દિવસે માઘી પૂર્ણિમા અને સાથે માં લલિતા શ્રીવિદ્યા જયંતી હોવાથી આ આખો દિવસ શુભ ગણાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# ખંભાળિયા નજીક અનધિકૃત રીતે થતી ખનીજ ચોરી ઝડપાઈ: મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા - દ્વારકા ધોરીમાર્ગ ઉપર સોમવારે એલ.સી.બી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે ગેરકાયદેસર રીતે બોકસાઈટ લઈને જઈ રહેલા એક ટ્રકને ઝડપી લઈ, ધોરણસર કાર્યવાહી કરી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત એ.એસ.આઈ. ડાડુભાઈ જોગલ તથા પ્રવીણભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામની સીમમાંથી બોકસાઈટનો જથ્થો લઈને નીકળેલા જી.જે. ૩૭વી. ૮૭૯૩ નંબરના એક ટ્રકને ખંભાળિયા - દ્વારકા હાઈવે પર દાત્રાણા ગામના પાટીયા પાસે અટકાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ ટ્રકમાંથી ગેરકાયદેસર રીતે લઈ જવાતા ૫૦ ટન જેટલા બોકસાઈટનો જથ્થો કબજે કરી અને આગળની કાર્યવાહી માટે ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, આકાશ બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, ડાડુભાઈ જોગલ, અજીતભાઈ બારોટ,



સજુભા જાડેજા, વિપુલભાઈ ડાંગર, ખીમાભાઈ કરમુર, દિનેશભાઈ માડમ, સહદેવસિંહ જાડેજા, પ્રવીણભાઈ માડમ અને સચિનભાઈ નકુમ દ્વારા કરવામાં આવી હતી.

# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખના પિતાનું અવસાન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

સાબરકાંઠાના ઈડર તાલુકાના નિવાસી અમૃતલાલ માધવલાલ પટેલ (મુખી) (ઉ.વ. ૭૨) તે ભાનુપ્રસાદ પટેલ (ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્ય)ના પિતાશ્રી તેમજ ડો. સ્મિત પટેલના દાદા તારીખ ૧૦ ના રોજ અવસાન પામ્યા છે. સદગતનું બેસણું ગુરૂવાર તારીખ ૧૩ મીના રોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી તેમના મસાલ (તા. ઈડર) ખાતેના નિવાસ્થાને રાખવામાં આવેલ છે.

# જૂનાગઢના ડોક્ટરની અનોખી સિદ્ધિ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જાણીતા બાલ આરોગ્ય નિષ્ણાંત ડો. અરૂણ કોઠારીએ ગુજરાત સ્ટેટ માસ્ટર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ૩ જો નંબર મેળવી ગુજરાત સ્ટેટ ટીમમાં સ્થાન મેળવેલ છે. તા.૧૭ ફેબ્રુઆરીથી શરૂ થતી ઓલ ઈન્ડિયા માસ્ટર ટેબલ ટેનિસની ટુર્નામેન્ટમાં ભાગ લેવા તેઓ ઈન્દોર જશે.




બાળકના સર્વાંગી વિકાસ માટે દરેક બાળકે એક આઉટડોર ગેમમાં ભાગ લેવો જોઈએ તેમ તેઓએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં અન્ય રાજ્યો કરતા વન આવરણમાં નજીવો વધારો

### કરોડો રોપાનું વાવેતર અને ગ્રીન ગુજરાતના દાવા સામે વાસ્તવિકતા

## ગુજરાતમાં દરેક ચોમાસામાં કરોડો રોપાનું વાવેતર કરાતું હોય છે પરંતુ પૂરતી માવજતના અભાવે તેમાંથી મોટાભાગના કરમાઈ જતા હોય છે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં દર ચોમાસા પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે લાખો-કરોડો રોપાનું વાવેતર જંગલ સહિતના વિસ્તારોમાં કરાતું હોવા છતાં દેશભરના રાજ્યોની સરખામણીમાં રાજ્યમાં જંગલ જમીન અને વૃક્ષારોપણના વિસ્તારમાં મામૂલી વધારો થવા પામ્યો છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૩માં વન અને વૃક્ષારોપણમાં વૃદ્ધિ થવા પામી છે તેમાં ગુજરાત કરતા અનેક રાજ્યમાં મોટો વધારો થયો છે. ગુજરાતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં ફક્ત ૧૬૪.૦૮ કિલોમીટરનો જ વધારો થવા પામ્યો છે. ગુજરાતમાં દરેક ચોમાસામાં કરોડો રોપાનું વાવેતર કરાતું હોય છે પરંતુ પૂરતી માવજતના અભાવે તેમાંથી મોટાભાગના કરમાઈ જતા હોય છે. સામાજિક વનીકરણ સહિતની વિવિધ ઝુંબેશના નામથી વાવેતર કરાય છે પરંતુ થોડા સમય પછી તેમાંથી અનેક ટ્રી ગાર્ડ ખાલી જોવા મળે છે. ખરેખર કેટલા રોપામાંથી મોટા વૃક્ષ થાય છે તેનો ઘટસ્ફોટ ભારત વન સ્થિતિ રિપોર્ટ-૨૦૨૩માં થવા પામ્યો છે. તે મુજબ સમગ્ર દેશમાં વર્ષ ૨૦૨૧ની તુલનામાં ૧૪૪૫.૮૧ ચોરસ કિલોમીટર વિસ્તારની વૃદ્ધિ થવા પામી છે. તેમાં ગુજરાતમાં ૧૬૪.૦૮ ચોરસ કિલોમીટરનો વધારો દર્શાવાયો છે. આશ્ચર્યની વાત એ છે કે અનેક રાજ્ય એવા છે જેમાં ગુજરાત કરતા વધુ મોટી સંખ્યામાં આ વધારો નોંધાયો છે એટલું જ નહીં કુલ વન વિસ્તાર પણ વિપુલ પ્રમાણમાં છે. ગુજરાતમાં વન પર્યાવરણ વિભાગ દ્વારા વૃક્ષારોપણની ઝુંબેશ દરમિયાન અનેક દાવા કરવામાં આવતા હોય છે પરંતુ વાસ્તવિક સ્થિતિ અલગ છે.

### મુખ્યમંત્રીના વરદ હસ્તે મહોત્સવનો આરંભ

# ભારત વિકાસ પરિષદના સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ

## સ્વસ્થ સંસ્કારિત અને સમર્થ ભારત બનાવવાની આ અવિરત ચાલતી યાત્રાને વર્ષ ૨૦૨૪ને ૫૦ વર્ષ પૂર્ણ થયા




ગાંધીનગર, તા.૧૧

સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ આ પાંચ આયામોને આધીન વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના નિર્માણનું કાર્ય ભારત વિકાસ પરિષદ પાછળ કેટલાય સમયથી સમગ્ર દેશમાં કરતુ આવ્યું છે. ગુજરાતમાં આ યાત્રા વર્ષ ૧૯૭૪માં "સમુત્કર્ષ" એવા નામથી શરુ થઈ હતી. સ્વસ્થ સંસ્કારિત અને સમર્થ ભારત બનાવવાની આ અવિરત ચાલતી યાત્રાને વર્ષ ૨૦૨૪ને ૫૦ વર્ષ પૂર્ણ થયા. આ ગૌરવશાળી અવસરે ભારત વિકાસ પરિષદ દ્વારા "સુવર્ણ જયંતિ મહોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય માનનીય શ્રી ડૉ મનમોહન વૈધ હાજર રહ્યા હતા. સુવર્ણ જયંતિ મહોત્સવએ ભારત વિકાસ પરિષદના દરેક સદસ્ય માટે સેવા, સંસ્કાર અને સમર્પણનો ઉત્સવ બની રહ્યો. સમગ્ર ગુજરાતમાં આવેલ વિવિધ શાખામાંથી આવેલ ૩૦૦૦થી વધુ સદસ્યોએ પ્રત્યક્ષ હાજર રહીને આ ભવ્ય કાર્યક્રમને માણ્યો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેટલાય સદસ્ય ૨૦૦ કિમિથી વધુનો પ્રવાસ કરીને પહોંચ્યા. કાર્યક્રમની શરૂઆતમાં "દશાઅવતાર"ની ભારત નાટ્યમ દ્વારા શીતલબેન મકવાણાની દિવ્ય રજુઆતથી હાજર સૌ મંત્રમુગ્ધ થયા ત્યારબાદ ભારત વિઅકસ પરિષદની ગુજરાતમાં યાત્રા દર્શાવતી એક ફિલ્મ રજુ થઈ. કાર્યક્રમનો આરંભ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, સુરેન્દ્રભાઈ પટેલ, દિનેશભાઈ અમીન, ચૈતન્ય ત્રિવેદી અને અન્ય ગણમાન્ય અતિથિઓએ દીપ પ્રાગટ્ય કરીને કરાવ્યો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ અજિતભાઈ શાહ, રાજકુમાર ભગત, વિનોદભાઈ શાહ, વલ્લભભાઈ રામાણી, હિમતસિંહ રાઠોડ, સતિષભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કરને સન્માનિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં હસમુખભાઈ પટેલ, દિનેશભાઈ કુશ્વાહ, દેવાંગભાઈ દાણી, સુજયભાઈ મહેતા, જયેશભાઈ ત્રિવેદી, મહેશભાઈ પરીખ, શૈલેષભાઈ પટેલ, વિજયભાઈ ઠાકર, ભાનુભાઈ ચૌહાણ, કમાન્ડન્ટ (AOL), ૧૦૦ બટાલિયન RAF અને અન્ય સામાજિક અગ્રણીઓ વિશિષ્ઠ અતિથિરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રહિત પ્રથમની ભાવના પ્રબળ બની છે. સેવા અને સમર્પણના ભાવ દ્વારા ઉન્નત સમાજ થકી વિકસિત રાષ્ટ્રના નિર્માણની ભાવના આજે સાકાર થઈ રહી છે.

આ અંગે વાત કરતાં સેવાભાવ, સંસ્કાર અને સેવાદાયિત્વથી પણ રાજકારણ કરી શકાય એ તેમણે સાબિત કર્યું છે. સેવા અને સમર્પણભાવ થકી આજે સંસ્કૃતિ અને વિરાસતનું જતન થઈ રહ્યું છે. તેના દ્વારા વિકસિત અને વૈભવશાળી ભારતના નિર્માણનો પાયો નંખાઈ રહ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું. સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં ભારત વિકાસ પરિષદના યોગદાન વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે આજે દેશ અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓ સરકાર અને વહીવટી તંત્રને પૂરક બનીને સમાજના દરેક વર્ગને આગળ લાવીને આગવી સમાજસેવા અને કર્તવ્યનિષ્ઠાનાં દર્શન કરાવી રહી છે. અલગ અલગ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન થકી આ સંસ્થા સમાજસેવા અને રાષ્ટ્રહિતના સંસ્કારોને વિસ્તારી રહી છે, આ સંગમને મહાકુંભના સંગમ સાથે સરખાવ્યો, મુખ્યમંત્રીએ વડાપ્રધાનના યહી સમય હે, સહી સમય હે સૂત્રને દોહરાવીને રાષ્ટ્રહિત પ્રથમ અને વિશ્વ બંધુત્વની ભાવના સાથે સૌને સ્વર્ણિમ ભારત અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

મુખ્ય વકતા ડૉ મનમોહનજી વૈધ એ ભારત વિકાસ પરિષદના સદસ્યને ભારત વિષે સમજણ આપી હતી ભારતની વિચારસરણી બધા થી અલગ છે ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં લાખોની સંખ્યામાં સામાન્ય લોકો સેવા કરવા માટે નીકળતા રહ્યા છે. પ્રત્યેક વ્યક્તિમાં દેવત્વ છે અને મનુષ્યના જીવનનું અંતિમ લક્ષ્ય આ દેવત્વને પ્રગટ કરવાનું છે. ભારતની કોઈ પણ ભાષામાં એક્સક્લ્યુડ શબ્દનો અર્થ નથી કારણ કે આપણે કોઈને એક્સક્લ્યુડ કરતા નથી, આપણો વિચાર સર્વ સમાવેશી છે. સમાજની કાળજી લેવાની જવાબદારી માત્ર સમાજની છે તે પશ્ચિમનો વિચાર છે ભારતમાં આવી કોઈ પરંપરા હતી નહિ. રવિન્દ્રનાથ ટાગોરના ઉલ્લેખ દ્વારા જણાવ્યું કે જે સમાજ રાજ્ય ઉપર ઓછામાં ઓછું આધારિત હોય તે સ્વદેશી સમાજ છે. પ્રત્યેક વ્યક્તિમાં દેવત્વ છે અને મનુષ્યના જીવનનું અંતિમ લક્ષ્ય આ દેવત્વને પ્રગટ કરવાનું છે. ભારતની કોઈ પણ ભાષામાં એક્સક્લ્યુડ શબ્દનો અર્થ નથી કારણ કે આપણે કોઈને એક્સક્લ્યુડ કરતા નથી, આપણો વિચાર સર્વ સમાવેશી છે. ભારતને જાણવું આવશ્યક છે ભારત હજારો વર્ષોથી સ્વસ્થ અને સમૃદ્ધ જીવાત જીવતું આવ્યું છે. કેવી રીતે જીવવું તેનો અનુભવ અને જ્ઞાન ભારત પાસે છે. ભારત પોતાના સ્વ પર આધારિત રહીને વિશ્વ માટે લાઈટ હાઉસ બની શકશે. ભારત વિકાસ પરિષદમાં રહેલ ભારતનો આ અર્થ છે. આ કાર્યક્રમના સ્થાન ઉપર ગુજરાતના વિવિધ પ્રાંત અને શાખાઓ દ્વારા કરવામાં આવેલ સેવા અને સંસ્કારલક્ષી કાર્યક્રમની ઝલક આપતી એક વિશેષ પ્રદર્શની બનાવવામાં આવી હતી તથા કાર્યક્રમ સ્થળ ઉપર રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાય્રક્રમના અંતે ભરતભાઈ ઠક્કરે ઉપસ્થિત સૌની આભારવિધિ કરી હતી અને સૌ ભોજન લઈને છુટા

# વેરાવળ શહેરના અનડીટેકટ ચોરીના ગુન્હાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી કાઢતી વેરાવળ સીટી પોલીસ




વેરાવળ તા. ૧૧

જૂનાગઢ રેન્જ આઈ.જી.પી.શ્રી નીલેશ જાજડીયા, ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહજી એન.જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારનાઓએ જીલ્લામાં બનતા ઘરફોડ ચોરી/લુંટ/મીલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ આવા ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ આવા ગુન્હાઓ આચરતા આરોપીઓને પકડી પાડવા જરૂરી સુચના આપેલ હોય. જે અનુસંધાને વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં૧૧૧૮૬૦૦૯૨૫૦૦૭૯/૨૦૨૫ બી.એન.એસ. ક.૩૦૫, ૩૩૧,(૪), ૫૪ મુજબનો ગુન્હો ગઈ તા.૨૬/૦૧/૨૦૨૫ ના ક.૧૦-૦૦ થી તા.૦૩/૦૨/૨૦૨૫ના બપોરના બે વાગ્યા પહેલા કોઈપણ સમયે વેરાવળ સોની વંડી સામે નગરપાલીકા કવાર્ટરમાં કોઈ અજાણ્યા ચોર ઈસમોઓ આ કામના ફરીયાદીના મકાનનો દરવાજો તોડી ફરીયાદીની પત્નીને કરીયાવરમાં મળેલ અલગ-અલગ પ્રકારના વાસણો જેની કિ.રૂા.૧૫,૫૦૦/- ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય જેથી સદરહું ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ વેરાવળ સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામીની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ વેરાવળ સીટી પો.સ્ટે.ના ટાવર પોલીસ ચોકીના પો.સબ ઈન્સ. કે.એન.મુછાળએ આ વણ ઉકેલાયેલ ગુન્હાને તાત્કાલીક ઉકેલવા અને ગુન્હાના કામના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડવા સુચના કરતા ટાવર પોલીસ ચોકી સ્ટાફ પો.સ્ટે. વિસ્તારમાં સદરહુ ગુન્હાના આરોપી/ચોર મુદામાલ બાબતે વોચ/તપાસમાં હતા તે દરમ્યાન ટાવર પોલીસ ચોકીના એ.એસ.આઈ.દેવીબેન નોઘણભાઈ બારડ તથા પો.કોન્સ.દિપકભાઈ ઉકાભાઈ બાંભણિયાનાઓને સંયુકતમાં મળેલ ખાનગી બાતમી તથા ટેકનિકલી હકિકતના આધારે નીચે જણાવેલ નામવાળા વ્યકિતીઓને વેરાવળ શહેર રંગોલી આઈસ્ક્રીમની બાજુમાંથી મજકુર ઈસમોને હસ્તગત કરી યુકતી પ્રયુકતીથી પુછપરછ કરતા સદર ચોરીનો ગુન્હો કરેલાની કબુલાત આપતા હોય જેથી આરોપીઓને ઉપરોકત ગુન્હામાં ચોરીમાં ગયેલ અસલ મુદામાલ સાથે પકડી પાડી અન ડીટેકટ ચોરીના ગુન્હાને ડીટેકટ કરવામાં આવેલ છે.

# ખાંભા ગામ પાસે લીફટ લીધેલ ધોકડવાની મહિલાના ચેઈન ચિલ ઝડપનો ગુનાનો ભેદ ઉકેલતી એલસીબી પોલીસ

## બે મોટર કાર અને મોબાઈલ ફોન સાથે રૂા. બે લાખ સાત હજાર ૫૭૦ નો મુદામાલ કબજે કર્યો



ઉના તા. ૧૧

ઊનાના ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામની આધેડ વયની મહિલા મગુબેન સાજણભાઈ ગુજ્જર (ઉ.વ.૫૫), રે. ધોકડવા ચાર દિવસ પહેલા સાવારકુંડલા કામ સબ્બ ગયા હતા પરંતુ ધોકડવા આવતા હતા ત્યારે અમરેલી જિલ્લાના ખાંભા ગામ આગળ ટી. પોસ્ટ પાસે વાહનની રાહ જોઈ ઊભા હતા ત્યારે એક સફેદ કલરની મોટર કાર પાસે આવી ચાલકે ક્યાં જવું છે તો મહિલાએ ધોકડવા જવું છે તેમ કહેતા અમે પણ તે તરફ જઈ એ છે તેમ કહી લિફ્ટ આપી હતી. મોટરમાં એક મહિલા અને બે બે પુરૂષો સહિત ચાર લોકો હતા. મહિલાની નજર ચૂકવી ગળામાં પહેરેલ સોનાની ચેઈન દોઢ તોલાનો રૂપિયા ૧લાખ, ૭ હજાર સિત્તોર રૂપિયાની કિંમતનો નજર ચૂકવી સરકાવી લઈ લીધેલ તે તેના ગામ આવતા ઉતરી ગયા હતા ગળામાં ચેન ના હોય જે અંગે સવારકુંડલા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમોએ સામે ફરિયાદ નોંધાવી હતી.

ગત રવિવારે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ગામે સરકારી હોસ્પિટલ પાસે રાત્રે ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી. આઈ.એ.બી. જાડેજા, પી.એસ. આઈ.એ. સી.સિંધવ પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજુ ભાઈ બાલુભાઈ ગઢીયા, સુભાષભાઈ પુનાભાઈ ચાવડા, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ બાલુભાઈ મોરી અને સ્ટાફએ વાહન ચેકીંગ કરતા હતા ત્યારે બે સફેદ કલરની મારુતિ સ્વિફ્ટ કાર રોકાવતા તેમાં રહેલ સંજય રાણા ભાઈ વાઘેલા (ઉ.વ.૩૨), રે. ભીમ પરા ઊના અને એક મહિલા તેની પત્ની રીનાબેન સંજય વાઘેલા (ઉ.વ.૨૩)રે. ભીમપરા ઊનાની તપાસ કરતા પૂછપરછ કરતા શંકાસ્પદ લાગતા પોલીસ સ્ટેશને લાવી આગવી ઢબે પૂછપરછ કરતા તેમની પાસેથી સોનાનો ચેઈન રૂપિયા ૧,૦૭,૦૭૦/નો મળી આવેલ પોલીસને જણાવેલ કે આ ચેન તેમણે ખાંભા ગામ પાસે એક વૃદ્ધ મહિલાને લિફ્ટ આપી તેની પાસેથી નજર ચૂકવી લઈ લીધો હતો. પોલીસે તેમની પાસેથી બે મોટર કાર નંબર GJ 13 AB 1347 રૂપિયા ૫૦ હજાર અને બીજી મોટર કાર GJ 06 BL 2812 રૂપિયા ૫૦૦૦૦/ની તેમજ એક મોબાઈલ ફોન મળી ૨ લાખ ૭ હજાર ૫૭૦/નો મુદામાલ સાથે પકડી સાવરકુંડલા પોલીસને જાણ કરી હતી આરોપીએ એક વધુ કબૂલાત આપેલ કે તે એક વૃદ્ધ પુરૂષરના ખમિશના સોનાના બટનની પણ ચિલ ઝડપ કરી હતી. આમ ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચની સતર્કતાથી ગુનાનો ભેદ ઉકેલી નાખેલ છે.

### કૃષિ ક્ષેત્રના વિકાસને મળી નવી દિશા...

# એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF) યોજના હેઠળ અત્યાર સુધીમાં ગુજરાતના ૩,૫૦૦ કૃષિલક્ષી પ્રોજેક્ટ્સ માટે રૂા. ૩,૯૦૦ કરોડની સહાય મંજૂર

## તાજેતરમાં જ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે ગુજરાતને પુરસ્કાર એનાયત કરાયો

ગાંધીનગર તા. ૧૧

કૃષિ ક્ષેત્ર એ ભારતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. દેશના ખેડૂતો લઘુત્તમ નુકશાન સાથે મહત્તમ આવક મેળવી શકે તે માટે અનેકવિધ નવતર પહેલો કરવામાં આવી છે. કૃષિ ક્ષેત્રની સમૃદ્ધિ એ હરહંમેશથી ભારત અને ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે. દેશના ખેડૂતોને સ્વનિર્ભર બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૦માં ફાર્મ-ગેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂા. ૧ લાખ કરોડ સાથે "એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF)" યોજનાની જાહેરાત કરી હતી, જે વર્ષ ૨૦૩૩ સુધી અમલમાં રહેશે. આ યોજના હેઠળ કૃષિ આધારિત ઈન્ફ્રાસ્ટ્રકચરને પ્રોત્સાહન આપવામાં આવે છે. ભારત સરકારની આ મહત્વકાંક્ષી યોજનાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં સફળ અમલીકરણ થઈ રહ્યું છે. એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજના હેઠળ પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ તથા એગ્રો પ્રોસેસિંગ જેવા વિવિધ એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસને રૂા.૨ કરોડ સુધીની તમામ લોન ઉપર વાર્ષિક ૩ ટકાની વ્યાજ સહાય, મહતમ ૭ વર્ષ સુધીની મર્યાદામાં આપવામાં આવે છે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે AIF અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાતના ૩,૫૦૦ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩,૯૦૦ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સમાં ૬૪૩ સોર્ટીંગ અને ગ્રેડિંગ યુનિટ, ૫૮૫ વેરહાઉસ, ૫૫૫ કસ્ટમ હાયરીંગ સેન્ટર, ૫૪૦ પ્રાયમરી પ્રોસેસિંગ યુનિટ તેમજ ૨૩૬ જેટલા કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઈનના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. એટલું જ નહિ, AIF યોજના હેઠળ મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટ્સ થકી કૃષિ ક્ષેત્રે ગ્રામીણ રોજગારીની તકોમાં અનેકગણો વધારો થયો છે. કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા નવી દિલ્હી ખાતે "AIF એક્સેલન્સ એવોર્ડ સમારોહ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજનાના સફળ અમલીકરણ અને ઉત્કૃષ્ટ કામગીરીમાં ગુજરાત રાજ્ય પાંચમા ક્રમે આવતા કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ હસ્તે ગુજરાતને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. કૃષિ મંત્રીશ્રીએ મહત્તમ ખેડૂતો અને કૃષિ સાહસિકો સુધી આ યોજનાનો લાભ પહોંચાડવા બદલ કૃષિ વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ ફંડ દ્વારા ખેડૂતોને તેમની ઉપજના સંગ્રહ અને પ્રોસેસિંગ માટે વધુ સારી સુવિધાઓ મળશે, કૃષિ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને નવીનતાને પ્રોત્સાહન મળશે તેમજ ખાદ્ય ઉત્પાદન અને વિતરણમાં સુધારો થશે. જેના પરિણામે ખેડૂતોની ઉત્પાદકતા અને આવકમાં વધારા સાથે દેશની ખાદ્ય સુરક્ષામાં પણ વધારો થશે, તેમ તેમણે ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કોલ્ડ સ્ટોરેજ, વેરહાઉસ, પ્રોસેસિંગ યુનિટ્સ અને અન્ય કૃષિ સંબંધિત માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે આ યોજનાનો લાભ - ખેડૂતો, કૃષિ ઉધોગ સાહસિકો, સ્વસહાય જુથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), માર્કેટિંગ સહકારી મંડળીઓ (APMC) તેમજ અન્ય સંબંધિત સંસ્થાઓ લઈ શકે છે.

# ઊના પંથકનો કુખ્યાત દારૂનો બુટલેગર અને દુષ્કર્મનો આરોપી અમદાવાદથી ઝડપાયો

ઉના તા. ૧૧

ઊના તાલુકાના ખાણ ગામે રહેતો કુખ્યાત બુટલેગર રસિક જીણાભાઈ બાંભણિયાની ઉપર ઊના, નવા બંદર, કોડીનાર, તલાલા ગીર, જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં ૨૮ થી વધુ ગુનાઓ દાખલ છે. અને ઊના પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ તેની ઉપર દુષ્કર્મ કર્યુ હોવાની ફરિયાદ નોંધાવી હતી. તેમજ દેશી દારૂની ભઠ્ઠીનો ગુનો પણ દાખલ કરેલ હતો જે ગુનામાં ફરાર હોય તેને પકડવા જૂનાગઢ રેન્જ ના ડી.આઈ.જી.પી. નિલેશ જાજડીયા, ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિહ જાડેજાએ કડક સૂચના આપી હતી જેથી ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા અને પી.એસ.આઈ. એ.સી. સિંધના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. રામદેવસિંહ જાડેજા, ગોવિંદભાઈ વંશ, અજીતસિંહ પરમાર સહિત સ્ટાફે જુદી જુદી ટીમ બનાવી ટેકનિકલ સોર્સથી માહિતી મેળવી હતી કે આરોપી રસિક જીણા ગોવાથી અમદાવાદ એરોપ્લેનમાં અમદાવાદ આવે છે. એટલે અમદાવાદ પહોંચી આરોપી એરપોર્ટ થી બહાર નીકળતા તુરંત દબોચી લઈ પકડી લીધો હતો. અને ઊના પોલીસ સ્ટેશનમાં લાવી પોલીસને સોંપેતા ઉના પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# શ્રી યોગેશ્વર વિદ્યા મંદિર અરણીયાળા શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

મેંદરડા તા. ૧૧

મેંદરડા તાલુકાના અરણિયાળા ખાતે શ્રી યોગેશ્વર કેળવણી મંડળ સંચાલિત યોગેશ્વર વિદ્યા મંદિરમાં અભ્યાસ કરતા ધો.૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કેળવણી મંડળના પ્રમુખ નિરંજન પુરોહીત, આચાર્ય અર્જુન બકોત્રા, પ્રાથમિક શાળાના આચાર્ય ચૌહાણ, વર્તમાન અને ભુતપુર્વ વિદ્યાર્થી, વાલીગણે હાજરી આપી હતી. વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસ, વકતવ્ય વગેરે રજુ થયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં સરસ્વતીના ફોટાઓ ભેટ આપવામાં આવેલ હતા. તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો, મહેમાનો તથા વાલીઓએ ભોજન પણ સાથે લીધેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદીશભાઈ ડાંગરએ કરેલ હતું.

શાળાના સ્ટાફના યોગેશભાઈ પુરોહીત, ભરતભાઈ ડાંગર, ગાયત્રીબેન ખુમાણ, નયનાબેન કાથરોટીયા, કોમલબેન ગરધરીયા, અરવિંદ પરમારે રાસ, વકતવ્ય તથા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ હતું. કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના ઉપપ્રમુખ નરેશ પુરોહીતે કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# હિંદુ આસ્થાની મજાક

કોંગ્રેસ અને તેના નેતાઓ ભાજપ પર નિશાન સાધવાના ચક્કરમાં કઈ રીતે વારંવાર હિંદુઓની આસ્થાની અવગણના કરવા, તેની મજાક ઉડાવવા અને તેના પર આઘાત કરવા ટેવાઈ ગયા છે, તેનો નવો નમૂનો છે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું એ નિવેદન કે ગંગામાં ડૂબકી લગાવવાથી ગરીબી દૂર નથી થવાની. હિંદુ સમાજની આસ્થા પર કુઠારાઘાત કરનારા આવા કોઈ નિવેદનની શી જરૂર પડી હશે? તેમનું આ નિવેદન તો એ જ દર્શાવે છે કે તેઓ હિંદુઓની આસ્થાનું ધ્યાન રાખવાનું તો દૂર રહ્યું, પરંતુ તેના પર સામાન્ય સંવેદનશીલતા દર્શાવવાની પણ જરૂર નથી સમજતા. જો તેમણે ભાજપ પર હુમલો જ કરવો હતો તો તેના માટે કોઈ પણ વિષય પસંદ કરી શકતા હતા. વિષયોની અછત નથી. પરંતુ ખડગેને એ ખટકી રહ્યું છે કે ભાજપના અનેક નેતાઓ મહાકુંભમાં ડૂબકી લગાવી રહ્યા છે. તેઓ કોંગ્રેસના જૂના નેતા છે અને તેમને ખબર હોવી જોઈએ કે મહાત્મા ગાંધીએ પણ કુંભ સ્નાન કર્યું હતું. એ જ રીતે વડાપ્રધાન રહેતી વખતે જવાહરલાલ નેહરુ પણ કુંભ ગયા હતા. ત્યારે તેમની સાથે પાર્ટીના અનેક વરિષ્ઠ નેતાઓ પણ હતા. ઈન્દિરા ગાંધી પણ લાલબહાદુર શાસ્ત્રીનાં અસ્થિઓને એ સમયે સંગમમાં પ્રવાહિત કરવા ગયાં હતાં, જ્યારે ત્યાં કુંભ ચાલી રહ્યો હતો. સોનિયા ગાંધીએ પણ કુંભની મુલાકાત લીધી છે!

ભાજપ પર નિશાનો સાધવાના ચક્કરમાં ગંગા સ્નાનની મજાક ઉડાવનારા મલ્લિકાર્જુન ખડગે એ પણ ભૂલી ગયા કે ૨૦૨૧માં પ્રિયંકા ગાંધીએ પણ સંગમમાં ડૂબકી લગાવી હતી. કોઈ કુંભમાં ડૂબકી લગાવે કે કોઈ મંદિર જાય, એ તેની પોતાની આસ્થાની બાબત છે. જો ખડગેને આ બધું ઠીક ન લાગતું હોય તો તેમની મરજી, પરંતુ તેનો એ મતલબ નહીં કે તેઓ કરોડો હિંદુઓની મજાક ઉડાવે. જો તેમને ધાર્મિક, સાંસ્કૃતિક પરંપરાઓ પર વિશ્વાસ ન હોય તો શું તેઓ આવી જ વાત અન્ય મત-મજહબ માટે કરી શકશે? તેઓ એવું કરવાનું વિચારી પણ નહીં શકે અથવા તો એમ કહો કે એવું કરવાની તેમનામાં હિંમત નથી. જો તેઓ ખુદને નાસ્તિક ગણાવવા માગતા હોય તો તેઓ સ્વતંત્ર છે, પરંતુ તેમની નાસ્તિકતાના નિશાના પર માત્ર હિંદુઓની જ આસ્થા કેમ? જો કોંગ્રેસ ખડગેના નિવેદનનું સમર્થન કે બચાવ કરે છે, તો તેનો એ જ મતલબ કહી શકાય કે તે હિંદુ વિરોધ અને તુષ્ટીકરણની નીતિ અપનાવીને રસ્તો ભટકી ગઈ છે અને જે રસ્તે તે ચાલી રહી છે તેનાથી તેની વાપસી આસાન નથી. શું આ એ જ કોંગ્રેસ છે, જેના યુવરાજ રાહુલ ગાંધી એક સમયે ચૂંટણી સમયે મંદિર-મંદિર જઈ રહ્યા હતા અને ખુદને જનોઈધારી બ્રાહ્મણ ગણાવીને શિવભક્ત બનીને કૈલાસ માનસરોવરની યાત્રા પણ કરી આવ્યા હતા? જો કોંગ્રેસ અધ્યક્ષ ખરેખર એ જાણવા માગતા હોય કે કરોડો લોકો કુંભમાં ડૂબકી કેમ લગાવે છે તો તેમણે પોતાના સહયોગી પક્ષ સપાના પ્રમુખ અખિલેશ યાદવને પૂછી લેવું જોઈએ, જેમણે હાલમાં જ ગંગા સ્નાન કર્યું હતું.

# પ્રયાગરાજના મહાકુંભ મેળામાં ઉત્તર ગુજરાતના રોટલા અને સૌરાષ્ટ્રના ગાંઠિયાની બોલબાલા

## મહાકુંભના સેક્ટર – ૬ સ્થિત ગુજરાત પેવેલિયનમાં સખી મંડળની બહેનો દ્વારા સંચાલિત કાફેટેરિયામાં બનતા વ્યંજનોનો બિનગુજરાત ગુજરાતીઓને પણ લાગ્યો ચટકો

અમદાવાદ તા. ૧૧

તીર્થરાજ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળો ગુજરાતની સખી મંડળની બહેનો માટે પણ રોજગારીનો અવસર લાવી છે. કુંભમેળામાં સંગમ સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં જઈ રહેલા ગુજરાતીઓ માટે ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલા પેવેલિયન પાસે ઉભી કરાયેલી કાફેટેરિયામાં ગુજરાતી વ્યંજનો બનાવવા અને પીરસવાની જવાબદારી ગુજરાતથી ગયેલી વિવિધ સખી મંડળની બહેનોને સોંપવામાં આવી છે. વિશેષ વાત તો એ છે કે, આ કાફેટેરિયામાં બનતા ગાંઠિયા અને કાઠિયાવાડી થાળીનો ચટકો અન્ય રાજ્યના સ્વાદરસિયાઓને પણ લાગ્યો છે.

પ્રયાગરાજમાં ગંગા નદીના વિશાળ પટમાં ઉભી કરવામાં આવેલા કુંભ મેળાના અલાયદા નગરમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સેક્ટર-૬માં ભારદ્વાજ નગર પાસે એક વિશાળ પેવેલિયન બનાવવામાં આવ્યું છે. અહીં યાત્રિકોને સાવ નજીવા દરે ઉતારો આપવામાં આવે છે. યાત્રાળુંઓની સુવિધાના ધ્યાને રાખી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બીજા ૨૬૫ પથારીની સુવિધા સાથેનો ડોમ ઉદ્દઘાટિત કર્યો છે.

ગુજરાત પેવેલિયનથી સંગમ સ્થાન માત્ર ચારેક કિલોમિટરના અંતરે છે. નાગવાસુકી મંદિરના રસ્તેથી સરળતાથી સંગમ સ્થાને જઈ શકાય છે. આ બાબતને ધ્યાને રાખી ગુજરાત પ્રવાસન નિગમનું પેવેલિયન લોકપ્રિય બન્યું છે. એસટી દ્વારા શરૂ કરવામાં આવેલી બસ સુવિધાના યાત્રીઓને પણ અહીં ઉતારવામાં આવે છે.

ગુજરાત પેવેલિયનમાં રાજ્યના પ્રવાસન સ્થળોના નિદર્શન સાથે એક વિશેષ વાત એ ધ્યાને પડે છે કે, અહીં સખી મંડળની બહેનો દ્વારા કાફેટેરિયા ચલાવવામાં આવી રહ્યો છે. આ કાફેટેરિયામાં ચાકોફી ઉપરાંત ઉત્તર ગુજરાતના રોટલા સાથે કાઠિયાવાડી થાળી અને સૌરાષ્ટ્રના ગાંઠિયા પણ મળે છે. ગુજરાતી હોય એટલે સ્વાદમાં કોઈ કમી ના રહેવી જોઈએ ! એટલું જ નહીં, થેપલા પણ મળે છે બોલો ! પ્રયાગરાજથી પરત ફરતી વેળાએ ભાથામાં થેપલા લઈ જવા અહીં સખી મંડળની બહેનોને ઓર્ડર આપવામાં આવે છે.

મહેસાણાથી અહીં આવેલા શિવ મિશન મંગલમ્ નામક સખી મંડળના જલ્પાબેન ઠાકોરના હાથથી બનેલા બાજરાના રોટલાનો સ્વાદ તો બિનગુજરાતીઓને પણ લાગ્યો છે. જલ્પાબેન અને તેમના પતિ રાહુલભાઈએ અહીં સ્ટોલ લગાવ્યો છે અને સાવ સસ્તા દરે રોટલા સાથે કાઠિયાવાડી, ગુજરાતી થાળી જમાડે છે.

# પર્યાવરણ જાગૃતિ માટે આટલું કરો

૧. બ્રશ કરતી વખતે નળ ખુલ્લો ન છોડવો.
૨. થાળીમાં જમવાનું ન મુકવું જેથી અન્નનો બગાડ ન થાય.
૩. પેપરની બંને સાઈડનો ઉપયોગ કરવો જોઈએ.
૪. કચરો ગમે ત્યાં ન ફેંકવો જોઈએ.
૫. વપરાશમાં ના હોય એવા બધા જ ડિવાઇસ તેમજ ચાર્જરની સ્વીચ તરત જ બંધ કરી દેવી જોઈએ.
૬. AC, RO કે વોશિંગ મશીનમાંથી નીકળતા પાણીનો ફરીથી ઉપયોગ કરવો જોઈએ.
૭. નાહવા માટે ફુવારાની જગ્યાએ નાની ડોલ અને ટમલરનો ઉપયોગ કરવો જોઈએ.
૮. વસ્તુ ખરીદવા ઘરની બહાર નીકળીએ ત્યારે હંમેશા કપડાની બેગ સાથે લઈને જ નીકળીએ.
૯. એક છોડ વાવીએ અને તેનું આખું વર્ષ જતન કરીએ.
૧૦. લાઈટ પંખાનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો, બારી-બારણા ખોલીને કુદરતી હવા અને સૂર્યપ્રકાશનો ઉપયોગ વધારવો જોઈએ.
૧૧. પક્ષીઓ માટે ઘરના આંગણે પાણીનું બાઉલ અને ચણનું બાઉલ રાખવું જોઈએ.
૧૨. નજીકના અંતરે જવા ચાલીને જવું જોઈએ અથવા સાઈકલનો ઉપયોગ કરવો જોઈએ.
૧૩. સિગ્નલ પર કે કોઈક લાઈનમાં ૨૦સેકન્ડથી વધારે રાહ જોવાની હોય ત્યારે વ્હિકલનું એન્જિન બંધ કરી દેવું જોઈએ.
૧૪. યુઝ એન્ડ થ્રો વસ્તુઓનો વપરાશ કરવાની જગ્યાએ ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવીવસ્તુઓ જ વાપરવી જોઈએ.
૧૫. પરિવારના ખાસ દિવસોમાં એક એક છોડ ઉગાડીને તેનું જતન કરવું જોઈએ.
૧૬. પર્યાવરણ સાથે મૈત્રી રાખતી પદ્ધતિઓ સાથે ગાર્ડનિંગ કરવું, ઓર્ગેનિક ખાતર અને કમ્પોસ્ટનો ઉપયોગ કરવો જોઈએ.
૧૭. વૃક્ષારોપણ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે લોકલ સ્કૂલ, એનજીઓ અથવા સોશિયલ ગ્રુપ સાથે જોડાવું જોઈએ.
૧૮. ઊર્જા બચાવવા માટે સોલાર એનર્જી જેવા ઉર્જા સ્રોતોનો ઉપયોગ કરવો જોઈએ.
૧૯. વર્ષા પાણીનો સંગ્રહ કરીને તેનો ઉપયોગ ખેતી માટે કે ઘરના અન્ય કામ માટે કરવો જોઈએ.
૨૦. ઈલેક્ટ્રોનિક્સની ખરીદી વખતે આઉટડેટેડ ઈલેક્ટ્રોનિક ઉપકરણો રિસાયકલ કરવા આપવા અથવા ડોનેટ કરવાં જોઈએ.

-મિત્તલ ખેતાણી

# ૧૦૮ ઈમરજન્સી દ્વારા એમ્બ્યુલન્સમાં નોર્મલ પ્રસુતિ કરાવી માતા અને બાળકની જીંદગી બચાવાઈ



ગીર સોમનાથ તા.૧૧

'૧૦૮ સેવા' કટોકટીની પળોમાં આશીર્વાદ સમાન બને છે. આવો જ એક કિસ્સો કોડિદ્રામાં બન્યો હતો. જ્યાં તાલાલા ૧૦૮ દ્વારા કટોકટીની પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સમાં જ મહિલાની નોર્મલ પ્રસુતિ કરાવામા આવી હતી અને માતા અને બાળકનો જીવ બચાવવામાં આવ્યો હતો. આ અંગે ઈએમટી યોગેશભાઈએ જણાવ્યું હતું કે, વેરાવળ તાલુકાના કોડિદ્રા ગામે સગર્ભા મહિલાને પ્રસૂતિનો દુઃખાવો થતા તાલાલા ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન આવ્યો હતો. જેથી ફરજ પરના કર્મચારી ઈએમટી અને પાયલોટ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચ્યાં હતાં. ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ મહિલાને દુઃખાવો વધી ગયો હતો. જેના કારણે સ્થળ પર જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી.

કટોકટીની પરિસ્થિતિમાં ગર્ભનાળ પણ બાળકના ગળામાં વીંટળાયેલી હતી. જોકે, ૧૦૮ના બાહોશ કર્મચારીઓએ આ જોખમભરી પરિસ્થિતિમાં પણ સરળતાપૂર્વક ડિલિવરી કરાવી હતી. ૧૦૮ હેડ ઓફિસના ડૉક્ટરની સલાહ મુજબ કામ કરતાં કર્મચારીઓએ માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો અને બંનેને સલામત સિવિલ હોસ્પિલમાં વેરાવળ ખાતે વધુ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતાં. આ રીતે ડિલિવરી સફળતાપૂર્વક કરી જીવ બચાવતા સગા-સંબંધીઓએ ૧૦૮ના કર્મચારીનો આભાર માન્યો હતો.

# ઊના, ગીરગઢડા અને નવાબંદર પોલીસ સ્ટેશનનાં ૧૭૦ થી વધુ પોલીસ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરાઈ

ઉના તા. ૧૧

ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાએ ગીર સોમનાથ જિલ્લા હેઠળ આવેલ ઊના, ગીર ગઢડા, નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી માટે ઊનાની રેફરલ હોસ્પિટલમાં કેમ્પ રાખવામાં આવેલ હતો. જેમાં સિવિલ સર્જન ડો. મિશ્રા, ડો. વિપુલભાઈ ડુંમાતર, સર્જન ડો. મનોજ માનસેતા, ઈ.એન.ટી. સર્જન ડો. હાર્દિક એમ. ચારણીયા , એમ.ડી. હિતેશભાઈ નાડોળા , સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.ઉલ્લાસ ચૌહાણ, લેબ. ટેકનીશ્યન હિરલબેન જાલોનધ્રા, દાંતના ડોકટર મિત ડોડીયા વિગેરે ડોકટરોએ ૧૭૦થી વધુ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની આરોગ્ય ચકાસણી કરી જરૂરી સૂચના આપી હતી.

# "દિલ્હીની જીતનો ગુજરાતમાં જશ્ન" વેરાવળ ટાવર ચોકમાં જિલ્લા ભાજપ દ્વારા ફટાકડા ફોડી મોં મીઠા કરાવ્યા





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૦

વેરાવળના ટાવર ચોક ખાતે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર પીઠિયા, મહામંત્રી દિલીપ બારડ, શહેર ભાજપ પ્રમુખ શૈલેષ મેશવાણીયા, તાલુકા પ્રમુખ પ્રદ્યુમ્નસિંહ ડોડીયા સહિત મહિલા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરોએ ફટાકડા ફોડી એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા. જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર પીઠિયાએ જણાવ્યું કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં સત્તાધારી આમ આદમી પાર્ટીને જોરદાર આંચકો લાગ્યો છે અને ભાજપનો શાનદાર વિજય થયો છે. રાજધાનીમાં ભાજપની જીતને લઈને સમગ્ર દેશમાં પાર્ટીમાં ખુશીનો માહોલ છવાયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ જીત દિલ્હીના લોકોના સર્વાંગી વિકાસ, કલ્યાણકારી યોજનાઓ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ પ્રત્યેના વિશ્વાસનું પ્રતીક છે. તેમણે ભાજપની વિકાસની રાજનીતિને સમર્થન આપવા બદલ દિલ્હીના મતદાતાઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કાર્યકરોએ "જીત ગયા ભાઈ જીત ગયા, ભાજપવાળા જીત ગયા"ના નારા લગાવ્યા હતા.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાની યોગાસન સ્પર્ધા ૨૦૨૫ પૂર્ણ થઈ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન યોગસેવક શિશપાલ રાજપુતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકા જિલ્લાની જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા ૨૦૨૫ ગઈકાલે મયુર શૈક્ષણિક સંકુલ નંદાણા કલ્યાણપુરમાં સફળતા પૂર્વક સંપન્ન થઈ હતી. સૌરાષ્ટ્ર ઝોન યોગ કોર્ડીનેટર શ્રી વિજયભાઈ શેઠ ચીફ જજ, યોગ પ્રચારક ધનાભા જડિયા સહાયક જજ ૧, જિલ્લા સોશિયલ મીડિયા કન્વીનર યોગ કોચ સન્નીભાઈ પુરોહિત સહાયક જજ ૨ તરીકે ઉપસ્થિત રહ્યા. સ્પર્ધામાં ૯ થી ૧૬ વર્ષ, ૧૭ થી ૩૫ વર્ષ, ૩૬ વર્ષથી ઉપર, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ટ્રેનર કોચ વિશિષ્ટ કેટેગરી એમ ૪ કેટેગરીના યોગી ભાઈઓ બહેનો માટેની આ સ્પર્ધા યોજાઈ. વિજેતા ખેલાડીઓને આગામી દિવસોમાં ઝોન કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જવાનું થશે જેમાં સૌરાષ્ટ્ર ઝોન પમા આવતા દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, મોરબી, કચ્છ સહિતના ૭ જેટલા જિલ્લાઓના ખેલાડીઓ સ્પર્ધામાં ઉતરશે.

# વડાપ્રધાન મોદીની અમેરિકા યાત્રા પર દુનિયાની નજર



નવી દિલ્હી, તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ ફેબ્રુઆરીથી અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને આમંત્રણ મોકલ્યું છે. ઉલ્લેખનીય છે કે જ્યારે મોદી ૨૦૧૪ માં પહેલીવાર ભારતના વડાપ્રધાન બન્યા હતા, તે સમયે ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬ માં પહેલીવાર અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. પછી ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી, પીએમ મોદી અને ટ્રમ્પની જોડી ખૂબ જ સફળ રહી. હવે ૫ વર્ષ પછી, વડા પ્રધાન મોદી અને ટ્રમ્પની જોડી ફરી બનવા જઈ રહી છે. દુનિયાની નજર પીએમ મોદીની અમેરિકા મુલાકાત પર ટકેલી છે. તેમણે સોમવારે કહ્યું હતું કે તેમની અમેરિકા મુલાકાત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન બંને દેશો વચ્ચે સહયોગમાં મળેલી સફળતાઓને આગળ વધારવાની તક હશે. ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાત માટે રવાના થતા પહેલા તેમણે પોતાના નિવેદનમાં કહ્યું કે આનાથી ટેકનોલોજી, વેપાર, સંરક્ષણ, ઉર્જા અને સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતાના ક્ષેત્રો સહિત અમેરિકા સાથે ભારતની ભાગીદારીને વધુ વિસ્તૃત અને ગાઢ બનાવવા માટે એક એજન્ડા વિકસાવવામાં પણ મદદ મળશે.

તેમણે કહ્યું કે ટ્રમ્પ બીજા કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ બન્યા પછી આ તેમની પહેલી મુલાકાત હશે. તેમણે કહ્યું, "આપણે બંને દેશોના લોકોના પરસ્પર લાભ માટે સાથે મળીને કામ કરીશું અને વિશ્વ માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરીશું."

તેમણે કહ્યું, "હું મારા મિત્ર પ્રમુખ ટ્રમ્પને મળવા માટે આતુર છું. મને યાદ છે કે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન અમે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા માટે સાથે મળીને કામ કર્યું હતું." મોદી ૧૦ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી ફ્રાન્સની મુલાકાત લેશે અને ત્યાંથી તેઓ બે દિવસની મુલાકાતે અમેરિકા જશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::
મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે.
- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા સુદ-૧૪ વ્રતની પૂનમ તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫, મંગળવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૨, પુષ્ય નક્ષત્ર, આયુષ્માન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૮, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) ક્રૌ.કચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. નવિન આયોજનો પાર પડે.
વૃષભ:મિત્રોથી લાભ મળે. આર્થિક વિકાસના માર્ગ ખુલે.
મિથુન:વ્યર્થ વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. શત્રુઓ ફાવી જતા જણાય.
કર્ક: નવિન તક મળે. પ્રવાસથી લાભ થાય.
સિંહ: કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કન્યા: સંતાનથી લાભ મળે. કાનુની કાર્યમાં સફળતા મળે.
તુલા: માનસિક અશાંતિના ભોગ બનવું પડે. વ્યર્થ ક્રોધ રહે.
વૃશ્ચિક:મનની મુરાદ બર આવે. આર્થિક ધન લાભ રહે.
ધન: સારા કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. હિતશત્રુઓનું જોર વધે.
મકર: સ્વજનો કે નજીકના મિત્રોથી લાભ થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: નવિન ઓળખાણ થાય. આર્થિક સમસ્યા દૂર થતી જણાય.
મીન: સાહસિક કાર્યોથી ધન લાભ થાય. પર્યટનનો યોગ છે.

# એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટે એજેક્સ એન્જિયરીંગમાં આઈપીઓ પહેલાં રૂા.૨૧૨ કરોડનું રોકાણ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડે તેના બે ફંડ્સ દ્વારા કોંક્રિટ ઈક્વિપમેન્ટ ઉત્પાદક એજેક્સ એન્જિનિયરીંગમાં જાહેર ભરણા પહેલાં આઈપીઓ ખૂલે તે પહેલાં રૂા.૨૧૨ કરોડનું રોકાણ કર્યું છે. એસબીઆઈ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ અને એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા રોકાણ કરાશે. કંપનીની વેબસાઈટ ઉપર અપલોડ કરાયેલી રોકાણકારો માટે નોટિસ મૂજબ પ્રમોટર જેકોબ હેનસેન ફેમિલી ટ્રસ્ટ અને એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડ વચ્ચે ૫ જાન્યુઆરીના રોજ શેર પર્ચેઝ એગ્રીમેન્ટ કરાયો હતો. આ કરાર મૂજબ જેકોબ હેનસેન ફેમિલી ટ્રસ્ટે કુલ ૨૭.૦૨ લાખ શેર્સ બે ફંડ્સ - એસબીઆઈ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ - ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ- પ્રતિ શેર રૂા.૬૨૯ની કિંમતે ટ્રાન્સફર કર્યાં છે. આ ટ્રાન્ઝેક્શનનું કુલ કદ રૂા.૧૭૦ કરોડ છે. વ્યક્તિગત રીતે ૧૯.૦૭ લાખ ઈક્વિટી શેર્સ એસબીઆઈ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ - ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને ૭.૯૫ લાખ શેર્સ એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડને ટ્રાન્સફર કરાયા હતાં. આ પહેલાં ૭ ફેબ્રુઆરીના રોજ એક્કર ઈન્વેસ્ટર્સ પાસેથી એકત્રિત કરાયેલા કુલ ભંડોળના ૧૧.૦૩ ટકા એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટને ફાળવાયા હતાં, જેમાં ૩.૧૭ લાખ શેર્સ એસબીઆઈ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ અને ૩.૪૭ લાખ શેર્સ એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડને ફાળવાયા હતાં. આ શેર્સ પ્રતિ શેર રૂા. ૬૨૯ની કિંમતે ફાળવાયા હતાં, જે ટ્રાન્ઝેક્શનનું કદ લગભગ રૂા. ૪૨ કરોડ થવા પામે છે. આ બે ટ્રાન્ઝેક્શન સાથે રોકાણની કુલ રકમ રૂ. ૨૧૨ કરોડ થવા પામે છે. એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ આઈપીઓ બાદ કંપનીમાં ૨.૯૪ ટકા હિસ્સો ધરાવશે. બેંગ્લોરમાં મુખ્યાલય ધરાવતી કંપનીનું રૂા. ૧,૨૬૯ કરોડનું પ્રારંભિક જાહેર ભરણું જાહેર સબસ્ક્રિપ્શન માટે ૧૦થી૧૨ ફેબ્રુઆરી દરમ્યાન ખુલ્લું રહેશે. કંપનીએ પ્રતિ શેર રૂા. ૫૯૯-૬૨૯ પ્રાઈઝ બેન્ડ નિર્ધારિત કર્યો છે. એજેક્સ એન્જિનિયરિંગ અગ્રણી કોંક્રિટ ઈક્વિપમેન્ટ ઉત્પાદક છે, જે કોંક્રિટ એપ્લિકેશન વેલ્યુ ચેઈન સંબંધિત ઉપકરણો, સેવાઓ અને ઉકેલોની વ્યાપક શ્રેણી ધરાવે છે. કંપનીની કર્ણાટકમાં ચાર એસેમ્બલિંગ અને ઉત્પાદન સુવિધાઓ કાર્યરત છે અને દરેક અલગ અલગ ઉત્પાદન લાઈનમાં નિષ્ણાત છે.

# ૪૪૯ શાળાઓના વિલયના નિર્ણય મુદ્દે રાજસ્થાન સરકાર શા માટે ટીકાનો સામનો કરી રહી છે

## શાળાઓના વિલયના નિર્ણયનો વિરોધ વિદ્યાર્થીઓ, વાલીઓ અને ક્યારેક તો શાસક પક્ષના ધારાસભ્યો તરફથી પણ થઈ રહ્યો છે

જયપુર, તા.૧૧

રાજસ્થાનના બિકાનેર જિલ્લામાં એક સિનિયર સેકન્ડરી સ્કૂલની સામે છોકરીઓના એક જૂથે તેમના વાલીઓ સાથે ભેગા થઈને રાજ્યના શિક્ષણ મંત્રી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને ભૂખ હડતાળ ઉપર જવાની ધમકી આપી. તેમની ફરિયાદ એ હકીકતને કારણે થઈ કે તેઓ જે શાળામાં ભણતા હતા-સરકારી છોકરીઓની સિનિયર સેકન્ડરી સ્કૂલ, જસુસર ગેટ બિકાનેર-તે જ પરિસરમાંથી ચાલતી બીજી સરકારી સ્કૂલમાં મર્જ કરવામાં આવી હતી. વિરોધ કરતી એક છોકરીએ પત્રકારોને જણાવ્યું.'અમે છોકરીઓની સ્કૂલમાં ભણવા માંગીએ છીએ કારણ કે અમારા પરિવારો અમને છોકરાઓની સ્કૂલમાં ભણવા માંગતા નથી. એક તરફ સરકાર કહે છે કે તે શિક્ષણને પ્રોત્સાહન આપે છે પરંતુ તે છોકરીઓની સ્કૂલ બંધ કરી રહી છે જ્યાં અમે અભ્યાસ કરીએ છીએ. અમને શા માટે સજા આપવામાં આવી રહી છે?'

બિકાનેરની આ શાળા ૪૪૯ સરકારી શાળાઓનો એક ભાગ છે જેને રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૭થી ૧૬ જાન્યુઆરી દરમ્યાન ૧૦ દિવસના સમયગાળામાં મર્જ કરવામાં આવી છે, જેમાં ઓછી નોંધણી અને એક જ પરિસરમાં અલગ શાળાઓ ચલાવવા સહિતના કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, શાળા મર્જરના નિર્ણયને કારણે રાજ્યના મુખ્યમંત્રી ભજન લાલ શર્માની આગેવાની હેઠળની ભાજપ સરકારની ભારે ટીકા થઈ છે, વિદ્યાર્થીઓ અને વાલીઓએ રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો કર્યા છે, જેમાં મર્જરના આદેશોને પાછા ખેંચવાની માંગ કરવામાં આવી છે. બિકાનેરમાં પ્રદર્શન સહિત ઘણા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનોનું એક સામાન્ય કારણ કન્યા શાળાઓનું સહ-શિક્ષણ શાળાઓમાં વિલિનીકરણ છે.

રાજસ્થાન શિક્ષણ વિભાગના ૧૬ જાન્યુઆરીના આદેશમાં કહેવામાં આવ્યું છે કે બિકાનેરના જસુસર ગેટ ઉપર આવેલી કન્યા શાળાને ઓછી નોંધણીને કારણે મર્જ કરવામાં આવી રહી છે. બિકાનેરમાં વિરોધ કરનારાઓમાં દલિત વાલ્મીકી સમુદાયના એક વ્યક્તિ ચોરારામ ચાવરિયા પણ હતા, જેમણે કહ્યું હતું કે તેમની ભત્રીજીઓ મર્જ થઈ રહેલી કન્યા શાળામાં અભ્યાસ કરે છે. ચાવરિયાએ મીડિયાને જણાવ્યું 'જસુસર ગેટની કન્યા શાળામાં મોટાભાગની વિદ્યાર્થિનીઓ દલિત અને આદિવાસી જેવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાંથી આવે છે જેમના માતાપિતા મજૂરી કરે છે. તેઓ તેમને ખાનગી શાળાઓમાં મોકલવાનું પોસાય તેમ નથી. ઘણા પરિવારો તેમની દીકરીઓને સહશિક્ષણ શાળાઓમાં અભ્યાસ કરવા માંગતા નથી. ઘણા વર્ષોથી ચાલી આવતી કન્યા શાળાઓ બંધ કરવાનો હેતુ શું છે તે અમે સમજી શકતા નથી,'. ૧૦ દિવસમાં ૪૪૯ સરકારી શાળાઓનું વિલીનીકરણ મર્જરનો ક્રમ ત્યારે શરૂ થયો જ્યારે પ્રાથમિક શિક્ષણ વિભાગના નિયામક દ્વારા ૭ જાન્યુઆરીએ એક આદેશ જારી કરવામાં આવ્યો, જેમાં એક જ પરિસરમાંથી ચલાવવામાં આવતી ૨૧ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિલીનીકરણનો નિર્દેશ આપવામાં આવ્યો. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'જ્યારે એક કરતાં વધુ સરકારી પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓ એક જ પરિસરમાંથી ચલાવવામાં આવે છે, ત્યારે આ શાળાઓમાં પૂરતી નોંધણી થતી નથી,'. શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવવા માટે શાળાઓનું વિલીનીકરણ કરવામાં આવી રહ્યું છે. ૭ જાન્યુઆરીએ જારી કરાયેલા અન્ય એક આદેશમાં શૂન્ય નોંધણી ધરાવતી ૧૬૯ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિલીનીકરણ માટે મંજૂરી આપવામાં આવી હતી. શાળાઓને તેમના ગામડાઓમાં તેમની નજીકની શાળાઓ સાથે મર્જ કરવામાં આવી હતી.

હિન્દીમાં જારી આદેશમાં કહેવામાં આવ્યું છે 'સરકારી પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓ એકબીજાની ખૂબ નજીક કાર્યરત હોવાથી, વિદ્યાર્થીઓની પૂરતી નોંધણી થતી નથી. પરિણામે, શિક્ષણના અધિકારના ધોરણો હેઠળ શિક્ષકોની જગ્યાઓ મંજૂર હોવા છતાં, શિક્ષકો ઉપલબ્ધ નથી, જે શિક્ષણની ગુણવત્તા ઉપર પ્રતિકૂળ અસર કરે છે.' ૭ જાન્યુઆરીએ જારી કરાયેલા બે આદેશોનો અર્થ એ થયો કે રાજ્યમાં ૧૯૦ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓનું વિલીનીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારબાદ, ૧૬ જાન્યુઆરીએ, માધ્યમિક શિક્ષણ નિયામકે એક આદેશ જારી કર્યો, જેમાં શૂન્ય/ઓછી નોંધણી, એક જ પરિસરમાંથી એક કરતાં વધુ શાળાઓ ચલાવવામાં આવી રહી છે અને એકબીજાની ખૂબ નજીકમાં આવેલી શાળાઓ સહિતના કારણો દર્શાવીને ૨૫૯ સરકારી શાળાઓના વિલીનીકરણને મંજૂરી આપવામાં આવી. ૧૬ જાન્યુઆરીના આદેશ સાથે, રાજસ્થાનમાં ૧૦ દિવસના સમયગાળામાં મર્જ કરાયેલી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓની કુલ સંખ્યા ૪૪૯ થઈ ગઈ. ભાજપના ધારાસભ્યએ મંત્રીને લખ્યું છે કે, 'આ વિસ્તારની એકમાત્ર કન્યા વરિષ્ઠ માધ્યમિક શાળા હતી,' શાળાઓના વિલીનીકરણના નિર્ણયનો વિરોધ વિદ્યાર્થીઓ, વાલીઓ અને ક્યારેક શાસક પક્ષના ધારાસભ્યો તરફથી પણ થયો છે. અજમેર જિલ્લાના બ્યાવરમાં, મુકેશ કુમાર ગેહલોત જેવા માતા-પિતા તેમની પુત્રી જ્યાં ધોરણ ૯માં અભ્યાસ કરે છે તે શાળાના મર્જર સામે વિરોધ પ્રદર્શનમાં જોડાયા છે. ગેહલોતે જણાવ્યું, 'સરકારે બ્યાવરના દિગ્ગી મોહલ્લામાં આવેલી કન્યા વરિષ્ઠ માધ્યમિક શાળાને પટેલ નગરની સરકારી વરિષ્ઠ માધ્યમિક શાળામાં મર્જ કરવાનો નિર્ણય લીધો છે જ્યાં છોકરાઓ પણ અભ્યાસ કરે છે. અમે આ પગલાનો વિરોધ કરી રહ્યા છીએ




કારણ કે અમે નથી ઈચ્છતા કે કન્યા શાળા બંધ થાય,' અજમેરમાં, સ્થાનિક લોકોએ ઉર્દૂ માધ્યમની શાળાને હિન્દી માધ્યમની શાળામાં મર્જ કરવાનો વિરોધ કર્યો. સ્થાનિક કાઉન્સિલર અઝહર ખાને જણાવ્યું, 'ઉર્દૂ માધ્યમની શાળા ૧૯૪૧થી ચલાવવામાં આવી રહી હતી પરંતુ હવે તેને હિન્દી માધ્યમની શાળામાં મર્જ કરવામાં આવી છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ વિરોધ કરી રહ્યા છે. અમે શિક્ષણ વિભાગને પત્ર લખ્યો છે. 'આ નિર્ણય પાછો ખેંચવાની માંગ કરી રહ્યા છીએ,'. જનતાના ભારે વિરોધને કારણે શાસક ધારાસભ્યો સહિત ધારાસભ્યોએ સરકારને તેના નિર્ણય ઉપર પુનર્વિચાર કરવા કહ્યું છે. જસુસર ગેટ ખાતે કન્યા શાળાના વિલીનીકરણ સામે બિકાનેરમાં વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલા વિરોધને પગલે, બિકાનેર પશ્ચિમના ભાજપના ધારાસભ્ય જેઠાનંદ વ્યાસે શિક્ષણ મંત્રી મદન દિલાવરને પત્ર લખીને વિનંતી કરી હતી કે જસુસર ખાતેની કન્યા શાળાને વિલીનીકરણના નિર્ણયમાંથી બાકાત રાખવામાં આવે. ભાજપના ધારાસભ્ય વ્યાસ દ્વારા શિક્ષણ મંત્રીને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે, 'આ વિસ્તારની એકમાત્ર કન્યા વરિષ્ઠ માધ્યમિક શાળા હતી, જ્યાં નજીકના વિસ્તારોમાં રહેતી ગરીબ છોકરીઓ અભ્યાસ કરતી હતી. તે વિસ્તારના સામાજિક વાતાવરણને કારણે, છોકરીઓ છોકરાઓ સાથે અભ્યાસ કરવામાં અસ્વસ્થતા અનુભવે છે. પરિણામે, તેઓ દૂર સ્થિત શાળાઓમાં પ્રવેશ લેવાની ફરજ પડશે અથવા શિક્ષણ અધવચ્ચે છોડી દેશે, જે કન્યા શિક્ષણ વિકસાવવાની સરકારની ઈચ્છાની વિરૂધ્ધ હશે,'. વિરોધ પક્ષ, નાગરિક સમાધ્ દ્વારા સરકારની ટીકા, શિક્ષણ મંત્રી દ્વારા આ પગલાનો બચાવ શાળાઓના વિલીનીકરણના કારણે નાગરિક સમાજ પણ વિરોધ કરી રહ્યો છે, જેમણે આ પગલાની નિંદા કરી છે અને તેને 'દુઃખદ પગલું' ગણાવ્યું છે. પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL) રાજસ્થાનના પ્રમુખ ભંવર મેઘવંશીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે,"PUCL માને છે કે ઓછા વિદ્યાર્થીઓની નોંધણીના આધારે સરકારી શાળાઓ બંધ કરવી એ શિક્ષણ અધિકાર (RTE) કાયદાની ભાવનાની વિરૂધ્ધ્ છે. દલિત, આદિવાસી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો જેવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે, સરકારી શાળાઓ શિક્ષણનો સૌથી સુલભ સ્ત્રોત રહે છે,'. તેમણે જણાવ્યું કે 'ઓછી નોંધણીને કારણે શાળાઓ બંધ કરવા બદલ સરકારે શરમ અનુભવવી જોઈએ, કારણ કે તે વિદ્યાર્થીઓને આકર્ષવામાં તેની નિષ્ફળતાને પ્રકાશિત કરે છે. તેના બદલે, સરકારે સરકારી શાળાઓને વિદ્યાર્થીઓ માટે વધુ આકર્ષક બનાવવા માટે પગલાં લેવા જોઈએ. સસ્તું શિક્ષણ એ સમાનતા અને સામાજિક ન્યાય પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે,'. વિપક્ષ કોંગ્રેસે પણ શાળાના વિલીનીકરણ અંગે સરકાર ઉપર હુમલો કર્યો છે, અને આરોપ લગાવ્યો છે કે ભાજપ શિક્ષણ પ્રણાલીને ખાનગી ખેલાડીઓને સોંપવા માંગે છે. કોંગ્રેસના ધારાસભ્ય અને રાજસ્થાનના વિપક્ષી નેતા ટીકારામ જુલીએ જણાવ્યું, 'ભાજપ સરકારનો વાસ્તવિક ઉદ્દેશ શિક્ષણને ખાનગી હાથમાં સોંપવાનો છે, જે RSSના એજન્ડાનો એક ભાગ છે. તેઓ ગરીબ અને નબળા વર્ગના બાળકોને શિક્ષણના અધિકારથી વંચિત રાખવા માંગે છે અને આદર્શ વિદ્યા મંદિર શાળાઓ ફરીથી સ્થાપિત કરવા માંગે છે,'. જોકે, રાજસ્થાનના શિક્ષણ પ્રધાન મદન દિલાવરે શાળાઓના મર્જરના પગલાનો બચાવ કરતા કહ્યું કે ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. દિલાવરે પત્રકારોને જણાવ્યું કે,એવું કહેવું યોગ્ય નથી કે રાજસ્થાન સરકારે ૪૫૦ શાળાઓ બંધ કરી દીધી છે. તે બંધ કરવામાં આવી નથી પરંતુ મર્જ કરવામાં આવી છે. તેનો અર્થ એ છે કે તે શાળાઓને મર્જ કરવામાં આવી છે જ્યાં શૂન્ય નોંધણી હતી અથવા જ્યાં એક જ પરિસરમાંથી એક કરતાં વધુ શાળાઓ ચાલી રહી હતી કારણ કે તેનો કોઈ અર્થ નથી. અમને ડબલ ટીચિંગ સ્ટાફની જરૂર છે જ્યારે મર્જ થવા ઉપર, અમારી પાસે એક આચાર્ય, એક વિષય માટે એક લેક્ચરર હશે અને અમે બાકીના શિક્ષકોને અન્ય શાળાઓમાં નિયુક્ત કરી શકીએ છીએ જ્યાં તેમની જરૂર હોય,'. દિલાવરે આરોપ લગાવ્યો કે, કોંગ્રેસના શાસનકાળ દરમ્યાન હજારો શાળાઓનું મર્જર કરવામાં આવ્યું હતું.

# ૭૦ ટકા કાયમી અપંગતા ધરાવતી મહિલાને આંગણવાડી કાર્યકર તરીકે નિયુક્ત કરવાના હુકમને હાઈકોર્ટે રદ કર્યા




અમદાવાદ, તા.૧૧

હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ ગીતા ગોપીની ખંડપીઠે ૭૦ ટકા કાયમી અપંગતા ધરાવતી મહિલાને આંગણવાડી કાર્યકર તરીકે નિયુકત કરવા અંગેના સીંગલ જજના હુકમને રદબાતલ ઠરાવ્યો હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, આંગણવાડી કાર્યકર તરીકેની ભૂમિકા નિભાવવા માટે શિશુઓ, બાળકો અને માતાની સંભાળ રાખવા સહિતના કાર્યો કરવા માટે શારીરિક ક્ષમતા ખૂબ જરૂરી બની રહે છે. આ ઉપરાંત સંબંધિતર સત્તાવાળાઓને પણ ઉમેદવારની ફરજો અદા કરવા બાબતે જરૂરી યોગ્યતા અને તબીબી તંદુરસ્તી ચકાસવાનો અધિકાર છે. હાઈકોર્ટે સરકારી ઠરાવમાં નિર્દિષ્ઠ આંગણવાડી કાર્યકરની ફરજો અને જવાબદારીઓની તપાસ અને મહિલાના તબીબી ફિટનેસ પ્રમાણપત્રની પુર્નઃ તપાસ કર્યા બાદ આ હુકમ કર્યો હતો. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, પ્રતિવાદી મહિલા વિકલાંગ વ્યકિતઓના અધિકાર અધિનિયમ-૨૦૧૬ની પેટા કલમ-૨ (આઈ)માં વ્યાખ્યાન્વિત કર્યા મુજબ, બેંચ માર્ક અપંગતાના ૪૦ ટકાથી વધુથી પીડાઈ રહી હોવાથી તેના માટે કાર્યક્ષમતા સાથે ફરજ નિભાવવી શકય ના બનત. હાઈકોર્ટે જણાવ્યું કે, ૨૦૧૯ના સરકારી ઠરાવમાં નિર્દિષ્ઠ આંગણવાડી કાર્યકરની જવાબદારીઓમાં ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની મુલાકાત લેવી, તેમના સ્વાસ્થ્ય અને પોષણની તપાસ કરવી, ત્રણથી છ વર્ષના બાળકો માટે સવારના અને બપોરના સમયે યોગ્ય ભોજન આપવુ અને તેઓ પ્રિ-સ્કૂલમાં પણ જતા હોય છે. ઉપરાંત, શારીરિક રીતે વિકલાંગ બાળકો માટે આંગણવાડી કાર્યકરો તેમની તબીબી તપાસ માટે પણ મોકલવા પડે છે અને બાળકોને ઘરેથી શાળાએ લાવવા અને પરત લઈ જવાની પણ કવાયત કરવી પડે છે. આ બધી ફરજો અને જવાબદારીઓ જોતાં પ્રતિવાદી મહિલાની ૭૦ ટકા કાયમી અપંગતાના કારણે તે આ ફરજ અને કાર્યક્ષમતા માટે અયોગ્ય હતી. ૭૦ ટકા કાયમી અપંગતા ધરાવતી મહિલાને આંગણવાડી કાર્યકર તરીકે નિયુકત કરવાના સીંગલ જજના હુકમને પડકારતી પ્રોગ્રામ ઓફિસર, આઈસીડીએસ દ્વારા કરાયેલી અપીલની સુનાવણીમાં જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ ગીતા ગોપીની ખંડપીઠે સીંગલ જજના હુકમને રદબાતલ ઠરાવવાની સાથે સાથે આ ચુકાદો જાહેર કર્યો હતો. જે વિકલાંગ કે કાયમી અપંગ ઉમેદવારોની નિમણૂંકને લઈ વધુ સ્પષ્ટતા લાવશે.

# દેશ માટે સમાન નાગરિક સંહિતા અપનાવવી એ ફક્ત સમયની વાત છે : ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ

નવી દિલ્હી તા.૧૧

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ખુશી વ્યક્ત કરી છે કે ઉત્તરાખંડ સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. રાજ્યસભા ઈન્ટર્નશિપ પ્રોગ્રામના પાંચમા બેચને સંબોધતા, ધનખડે કહ્યું કે આજે આપણે બધા ખૂબ ખુશ છીએ કારણ કે ભારતીય બંધારણમાં જણાવેલી એક મોટી આકાંક્ષા ફળીભૂત થઈ છે. તેમણે કહ્યું, 'ભારતીય બંધારણની કલમ ૪૪ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તમામ નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા સુરક્ષિત કરવાના પ્રયાસોને મંજૂરી આપે છે પરંતુ આ અત્યાર સુધી મુલતવી રાખવામાં આવ્યું છે.' તેમણે કહ્યું, 'રાજકારણ આપણા મનમાં એટલું ઊંડે સુધી ઘૂસી ગયું છે કે તે ઝેરનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. રાજકીય લાભ માટે રાષ્ટ્રવાદનું બલિદાન આપતી વખતે આપણે આંખ પણ પલકારતા નથી અને તેના કારણે આ કાર્ય અટકી ગયું.' તેમણે કહ્યું, 'આજે આપણે બધા ખૂબ ખુશ છીએ. ભારતીય બંધારણ અપનાવ્યા પછી એક સદીનો છેલ્લો ક્વાર્ટર શરૂ થઈ ગયો છે અને દેવભૂમિ ઉત્તરાખંડે સમાન નાગરિક સંહિતાને વાસ્તવિકતા બનાવી છે. આ રાજ્યએ તે કર્યું છે. હું ના વિઝનની પ્રશંસા કરૂં છું સરકાર રાજ્યમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરીને બંધારણના સ્થાપકોના સ્વપ્નને સાકાર કરવા બદલ, અને મને ખાતરી છે કે તે ફક્ત સમયની વાત છે જ્યારે આખો દેશ સમાન કાયદો અપનાવશે.

# શું નીતિશ પણ 'વંશવાદ'નો માર્ગ અપનાવશે અને પોતાના પુત્રને રાજકારણમાં ઉતારશે?

(એજન્સી) તા.૧૧

શું બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર તેમના ૪૮ વર્ષના એકમાત્ર પુત્ર નિશાંત કુમારને રાજકારણમાં લાવશે કે પછી નિશાંત કુમાર પોતે રાજકારણમાં આવશે? આ પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી બિહારમાં જ નહીં પરંતુ બિહારની બહારના રાજકીય વર્તુળોમાં પણ સતત પૂછવામાં આવી રહ્યો છે. બિહારમાં આવા કામો માટે મકરસંક્રાંતિની વારંવાર રાહ જોવામાં આવે છે પરંતુ કેટલાક સમાચાર સૂચવે છે કે નિશાંત કુમારને હોળી પછી રાજકારણમાં લાવવામાં આવી શકે છે. નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારના નિવેદન વિશે સૌથી વધુ ચર્ચા એ હતી કે તે આધ્યાત્મિકતામાં રસ ધરાવે છે, પરંતુ તાજેતરમાં તેણે પોતાના પિતાના સમર્થનમાં રાજકીય નિવેદન આપીને ચર્ચાને ગરમ કરી દીધી છે કે તે પોતે રાજકારણમાં પ્રવેશ કરી શકે છે. નિશાંતે જનતાને વિધાનસભા ચૂંટણીમાં JDUને વિજયી બનાવવાની અપીલ કરી અને પોતાના પિતા નીતિશ કુમારને ફરી એકવાર મુખ્યમંત્રી બનાવવાની પણ અપીલ કરી છે. નિશાંત કુમાર વિશે વધુ માહિતી ઉપલબ્ધ નથી પરંતુ એવું કહેવાય છે કે તે તેના પિતાની જેમ એન્જિનિયર છે અને બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, મેસરામાંથી સોફ્ટવેર કોર્સ કર્યો છે. નીતિશ કુમારે પોતે ક્યારેય આ પ્રશ્નનો જવાબ આપ્યો નથી કે તેમનો પુત્ર રાજકારણમાં આવવા માંગે છે કે નહીં. જો કે, તેઓ સતત 'વંશવાદી રાજકારણ' માટે આરજેડી વડા લાલુ પ્રસાદ ઉપર નિશાન સાધી રહ્યા છે. આને માત્ર યોગાનુયોગ ગણી શકાય નહીં કે એક તરફ નીતિશ કુમાર રાજનીતિથી દૂર રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે તો બીજી તરફ તેમના પુત્ર નિશાંત કુમારના રાજકારણમાં આવવાની તૈયારીઓની ચર્ચા ચાલી રહી છે. એવું પણ કહી શકાય કે નીતીશ પાસે ઘણા લેફ્ટનન્ટ છે જે નિશાંત કુમારને રાજકારણમાં લાવવાની તૈયારીમાં વ્યસ્ત છે. જેડીયુના નેતા અને રાજ્યના વરિષ્ઠ કેબિનેટ મંત્રી શ્રવણ કુમાર, જે નીતિશ કુમારના ગૃહ જિલ્લા નાલંદાના છે, નિશાંતને રાજકારણમાં લાવવામાં ભૂમિકા ભજવી શકે તેમ માનવામાં આવે છે. જ્યારે શ્રવણ કુમારને નિશાંત વિશે પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે જો તે રાજકારણમાં આવવા માંગે છે તો તે તેમનું સ્વાગત કરશે. તેમણે નિશાંતને સારી વિચારસરણી ધરાવતો યુવાન ગણાવ્યો અને જણાવ્યું કે આવા લોકોએ રાજકારણમાં પોતાની ભૂમિકા ખૂબ જ ઉત્સાહથી ભજવવી જોઈએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે જો નિશાંત રાજનીતિમાં આવશે તો બિહારના લોકો તેમને સ્વીકારશે. જનતા દળ યુનાઈટેડ નિશાંત કુમારના રાજનીતિમાં આવવાની ચર્ચા ઉપર સત્તાવાર રીતે કંઈ કહી રહ્યું નથી પરંતુ તેના ઘણા નેતાઓ ઉત્સાહ બતાવી રહ્યા છે. બીજી તરફ ભારતીય જનતા



પાર્ટી આ મામલે સંપૂર્ણપણે મૌન છે. બીજી તરફ વિપક્ષી પાર્ટીઓ ખાસ કરીને આરજેડી રાહ જોઈ રહ્યા છે કે નિશાંત કુમાર રાજકારણમાં આવશે તો ભત્રીજાવાદના બહાને નીતિશ કુમાર ઉપર હુમલો કરવાનું શરૂ કરશે. હકીકતમાં ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી નીતિશ કુમાર અને બિહાર માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થવા જઈ રહી છે. નીતીશ કુમારે ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં જાહેરાત કરી કે તેઓ હવે ચૂંટણી નહીં લડે. જો કે, આવા નિવેદનોને રાજકારણમાં વધુ મહત્ત્વ આપી શકાતું નથી કારણ કે નિવેદનો ઉલટાવી શકાય છે. આ નિવેદન છતાં નીતિશ કુમાર ૨૦૨૫માં મુખ્યમંત્રી પદના દાવેદાર બની શક્યા હોત, પરંતુ તેમના સ્વાસ્થ્યને લઈને સતત અટકળો તેમના કેસને નબળો પાડે છે. સત્તાવાર રીતે જનતા દળ યુનાઈટેડ અને ભારતીય જનતા પાર્ટી બંનેનું નિવેદન છે કે ૨૦૨૫માં પણ વિધાનસભાની ચૂંટણી નીતિશ કુમારના નેતૃત્વમાં જ લડવામાં આવશે, પરંતુ તે વચ્ચે ભારતીય જનતા પાર્ટી તરફથી એવા સંકેત પણ મળી રહ્યા છે કે તેઓ નીતીશ કુમારના નેતૃત્વમાં જ ચૂંટણી લડશે. ૨૦૨૫માં મુખ્યમંત્રી. નિર્ણય અંગે પછીથી વિચારીશું. ભાજપના કેટલાક નેતાઓ તો એમ પણ કહે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર બનાવવી તેમની પ્રાથમિકતા છે. રાજકીય વિવેચકો કહે છે કે જો નીતિશ કુમાર ચૂંટણીની રાજનીતિ છોડી દે છે, તો જેડીયુમાં નેતૃત્વની ખેંચતાણ થઈ શકે છે અને જ્યારે એક સમુહ નીતીશ કુમારના પુત્ર નિશાંતને જેડીયુમાં સામેલ કરીને નુકસાનની ભરપાઈ કરવા માંગે છે, તો બીજું સમૂહ ઈચ્છે છે કે તે કબજો કરે.

# અંબાણીની નવી બુલેટપ્રૂફ રોલ્સ રોયસ કારની કિંમત ૨૦ કરોડ રૂપિયાથી વધુ

નવી દિલ્હી, તા.૧૧

ભારતના સૌથી ધનિક, અંબાણી પરિવાર, તેમની ભવ્ય જીવનશૈલી અને અજોડ કાર સંગ્રહ માટે પ્રખ્યાત છે. તાજેતરમાં, તેઓએ તેમના વાહન કાફલામાં એક અનોખું વાહન ઉમેર્યું, એક બુલેટપ્રૂફ રોલ્સ રોયસ કુલીનન તેમના સંગ્રહમાં આ પ્રથમ આર્મર્ડ કલનન વૈભવી અને સુરક્ષાના તેમના મિશ્રણનું પ્રદર્શન કરે છે. બુલેટપ્રૂફિંગમાં વિશેષતા ધરાવતી ચંદીગઢ વર્કશોપમાં અદભુત ચાંદીના કલનનની છબીઓ ઓનલાઈન ઉભરી આવી છે. આ કસ્ટમાઈઝ્ડ SUVની કિંમત ૨૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. અહેવાલો મુજબ, તેમના સંગ્રહમાં દસથી વધુ કુલીનન સાથે અંબાણીઓનો રોલ્સ રોયસ વાહનો પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટ છે. આમાં ૨૦૧૯માં ખરીદેલી ઘણી બ્લેક બેજ આવૃત્તિઓ, ફેન્ટમ VIII એક્સટેન્ડેડ અને ભારતની પ્રથમ કુલીનનનો સમાવેશ થાય છે. તેમના વિશાળ સંગ્રહમાં બેન્ટલી, મર્સિડીઝ-મેબેક, લેમ્બોર્ગિની, ફેરારી અને એસ્ટન માર્ટિન જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. દરેક કાર વિશિષ્ટતા અને શૈલી માટે તેમના દોષરહિત સ્વાદને પ્રતિબિંબિત કરે છે. મુકેશ અંબાણી, જેઓ ઘણીવાર મર્સિડીઝ-બેન્ઝ S 680 ગાર્ડ જેવી કવચ યુક્ત સેદાનમાં જોવા મળે છે, તેમણે આ SUVને ભારતીય રસ્તાઓ ઉપર અનુકૂળ થવા માટે પસંદ કરી. કલનન એ જ વૈભવી આરામ અને વધારાની વૈવિધ્યતા પ્રદાન કરે છે, જે તેને વ્યવહારૂ છતાં સુસંસ્કૃત પસંદગી બનાવે છે.

# મનુસ્મૃતિ વિશેની ગેરસમજણ અને સ્પષ્ટતા







આશરે ૨ મહિના પહેલાં મને આચાર્ય પ્રિયેશજીનો એક વોટ્સઅપ મેસેજ આવ્યો કે એક મનુસ્મૃતિ વિષય ઉપરનો કોર્સ ગાંધીનગર પાસે દર્શનયોગધામમાં થવાનો છે, એ જાણ થતાં કોર્સમાં રજીસ્ટર કરીને, કોર્સ પહેલાંનાં સતત ૧૫ દિવસ સુધી મનુસ્મૃતિ વિશેની ગેરસમજણનાં બધાં પ્રશ્નોનું લીસ્ટ કર્યું, ગુજરાતભરનાં ઘણાં મિત્રોને પણ આમંત્રિત કર્યા. એમની પાસેથી મળેલાં પ્રશ્નોને પણ લીસ્ટમાં ઉમેર્યા. જેમણે ૧૦ વર્ષની અથાક મહેનતથી ૧૯૮૧ માં પ્રચલિત મનુસ્મૃતિનાં કુલ ૨૬૮૪ શ્લોકમાંથી મિલાવટવાળા આશરે ૧૪૫૦ શ્લોક ૭ પદ્ધતિ દ્વારા દૂર કરી આશરે ૧૨૫૦ શ્લોકની વિશુદ્ધ મનુસ્મૃતિ લખી છે, તેવા ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલયનાં વાઈસચાન્સેલર આચાર્ય ડો સુરેન્દ્રકુમારજીને કોર્સ દરમ્યાન પ્રશ્નો પૂછ્યા અને જે જવાબો મળ્યાં તે નોંધી, તેના વિષે સમાજ જાગૃત થાય, ઊંચનીચનાં જાતિગત ભેદભાવો, સ્ત્રી, શુદ્રો, માંસભક્ષણ, આંબેડકરજી વિશેની ગેરમાન્યતાઓ દુર થાય, સમાજ સંગઠિત થાય, એકીકરણ થાય. સાચી વાત, સત્યજ્ઞાન લોકો સુધી પહોચે માટે પ્રમાણ સાથે આ લેખ લખી રહ્યો છું. જે વિષયમાં સમાજનાં મહતમ લોકો અત્યાર સુધી અજાણ છીએ. અજ્ઞાનનો જોરશોરથી પ્રચાર થયો છે, એટલે સત્યજ્ઞાન પહોચવામાં થોડો સમય લાગશે, પણ પ્રયાસ તો કરીએ. આખરે એવું તો ઈતિહાસમાં શું થયું કે આપણું સતત વિભાજન થતું રહ્યું. વિશાળ દ્રષ્ટિ ચાલી ગઈ. સંકુચિતતા ડગલે ને પગલે વધતી રહી. કોણ જવાબદાર અને એનું સ્થાયી સમાધાન શું ? કોઈકે ક્યારેક તો પ્રયત્ન પ્રારંભ કરવો પડશે, જેમણે શરુ કરી દીધો છે, એમની સાથે જોડાઈ જઈએ, એવાં આશય સાથેનો અભ્યાસ આપની સમક્ષ રાખી રહ્યો છું.

હવે આપણે માનીએ છીએ કે વાંદરામાંથી મનુષ્ય નથી બન્યો, આર્યો બહારથી નથી આવ્યાં, એમ આવનાર ભવિષ્યમાં પણ લોકો ઊંચનીચનાં ભેદભાવ માટે મનુસ્મૃતિ જવાબદાર છે એવી થીયરી ખોટી પડશે. પણ એ માટે થોડો સમય લાગશે. લોકો પ્રમાણ સાથે સમજશે કે કાં તો આપણે ષડયંત્રનો શિકાર હતાં અથવા આપણી જ દુરદ્રષ્ટિનાં અભાવ, સંકુચિતતા, નિહિત સ્વાર્થ માટે આપણો જ વાંક અને ભૂલ હતી કે કોઈ આપણને મૂર્ખ બનાવી ગયા, જેનું દુષ્પરિણામ આપણે અત્યાર સુધી ભોગવી રહ્યાં છીએ. કોઈકનું બોલેલું, લખેલું સાંભળેલું એ વિષે ખરી ચકાસણી કરીને નિર્ણય કરવામાં થોડો સમય લાગશે. હા, જો સંપૂર્ણ મનુસ્મૃતિ પુસ્તક ખરીદીને વાંચ્યું તો તો ૧૦૦% સમાધાન મળશે એ નક્કી. પણ સત્ય શોધવાની તીવ્ર જીજ્ઞાસા અને એ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ હશે તો જ સત્ય મળશે અથવા નજીક પહોચી શકીશું. નહીતર જુનું મગજમાં પડેલ મિથ્યાજ્ઞાન જ સાચું, અને મનુસ્મૃતિ ખોટી એવું દ્વંદ્વ હંમેશને માટે ચાલતું રહેશે અને અત્યારે આપણે એક ના થયાં તો ભવિષ્યમાં આપણે વધુ વિભાજીત થતાં રહેશું અને આપણા અનેક પ્રકારનાં દુશ્મનો એનાં નિહિત સ્વાર્થ માટે ભાગલા પાડો અને રાજ કરો ની નીતિથી ફાયદો લેતાં રહેશે. તોડવું સહેલું, જોડવું અઘરું. વિનાશ કરવો સહેલો, સર્જન કરવું અઘરું. નબળું મૂકી દઈએ, સારું લઈએ.

હવે આપણે નક્કી કરવાનો સમય આવી ગયો છે કે આપણે જોડવાની ભૂમિકામાં કે તોડવાની ? આપણે બેસવાની ભૂમિકામાં કે ચાલવાની ? અંગ્રેજોનો સિદ્ધાંત છે કે કોઈપણ રાષ્ટ્રને તોડવું હોય તો એનાં ઈતિહાસ ઉપર ઘા કરો, એટલે એનો નાશ આપમેળે થઈ જશે. જેમ ગોવાળે દોહેલ દૂધમાં, ઘરે ઘરે દૂધ પહોચાડનાર સેવક દુધમાં પાણી મિક્સ કરે તો વાંક દોહવાવાળાનો નથી, પણ સેવકનો છે, એવી જ રીતે મનુસ્મૃતિ તો માનવ સંવિધાન છે, ન્યાય શાસ્ત્ર છે, પાછળથી મિલાવટ થઈ એમાં મહર્ષિ મનુ નો વાંક નથી, એ આ આખો લેખ વાંચશું એટલે ખ્યાલ આવી જશે. સંપૂર્ણ મનુસ્મૃતિનાં પ્રથમ ભાગમાં ભૂમિકા આપેલ છે, જે વાંચતા મોટાભાગની સ્પષ્ટતા થઈ જશે કે વિશ્વનાં અનેક દેશોમાં મહર્ષિ મનુનાં વિચારો ફેલાયેલ હતાં અને પુસ્તકનાં બીજા ચરણમાં ૨૬૮૪ શ્લોક આપેલ છે. જેમાં મિલાવટવાળા આશરે ૧૪૫૦ શ્લોકની આગળ ફૂદડી કરેલ છે અને શા માટે મિલાવટ વાળા છે એ ૭ પ્રકારની પદ્ધતિની ચર્ચા પણ પ્રત્યેક શ્લોકની નીચે આપેલ છે. જેથી એકદમ દીવા જેવું સ્પષ્ટ થઈ જશે. ૭ પ્રકારની પદ્ધતિ આ પ્રમાણે છે : પરસ્પર વિરોધ, વિષય વિરોધ, અવાંતર વિરોધ, પ્રસંગ વિરોધ, વેદ વિરોધ, શૈલી વિરોધ, પુનરુક્તિ.

આ લેખ દ્વારા પ્રશ્ન - જવાબનાં સ્વરૂપમાં આપણે સત્ય સમજવાનો પ્રયત્ન કરીશું. મનુસ્મૃતિનો પ્રભાવ ક્યાં ક્યાં સુધી હતો ? મનુસ્મૃતિ ધર્મશાસ્ત્રમાં ક્યાં ક્યાં વિષયો આવે છે ? મનુસ્મૃતિ પુસ્તક ક્યારે લખાયું ? વર્ણ અને જાતિ વચ્ચે શું તફાવત છે ? મનુસ્મૃતિમાં સ્ત્રીઓ, શુદ્રો વિષે શું લખ્યું છે ? માંસભક્ષણ વિષે શું લખ્યું છે ? ડો બાબાસાહેબ આંબેડકરે વર્ણ, જાતિ, મનુસ્મૃતિ વિશે શું લખેલું ? શું રામાયણ અને મહાભારતમાં મનુસ્મૃતિનો ઉલ્લેખ આવે છે ?

પ્રાચીનકાળથી જ મનુસ્મૃતિનો પ્રચાર પ્રસાર દૂર દૂરનાં દેશો સુધી થઈ ગયેલો. અનેક લેખકોએ લખેલું છે કે મનુસ્મૃતિનો પ્રભાવ ચીન, જાપાન, બર્મા, ફિલિપિન, મલાયા, સ્યામ(થાઈલેન્ડ), વિયેતનામ, કમ્બોડિયા, જાવા, ઈન્ડોનેશિયા, બાલી, શ્રીલંકા, બ્રિટેન, જર્મની, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, રૂસ, સાઈબીરીયા, તુર્કીસ્તાન, રોમ, યુનાન, બેબીલોનીયા, અસીરીયા, તુર્કી, ઈરાન, મિશ્ર, ક્રૃત, સુમેરિયા, અમેરિકા સુધી હતો. ચીનમાં પુરાતાત્વિક પ્રમાણ મળેલ. ૧૯૩૨ માં જાપાને ચીનની દીવાલ ઉપર કરેલ બોમ્બ વિસ્ફોટથી એક લોખંડનો ટ્રંક મળી આવેલ. જેમાં ચીની પુસ્તકોની પ્રાચીન પાંડુલીપી ભરેલ હતી. આ લેખ ઓગીત્સ ફીત્ઝ જ્યોર્જ લંડન લઈ બ્રિટીશ મ્યુઝીયમમાં રાખી દીધેલ. આ લેખોને પ્રો. એન્થની ગ્રીમે ચીની વિદ્વાનો પાસે વંચાવતાં એમાં એવું લખેલ મળ્યું કે મનુ નું ધર્મશાસ્ત્ર ભારતમાં સર્વાધિક માન્ય છે જે વૈદિક સંસ્કૃત માં લખેલું છે અને દસ હજાર વર્ષ કરતાં પણ પ્રાચીન છે. ડો કેવલ મોટવાનીનું મનુ ધર્મશાસ્ત્ર પુસ્તકનાં પેજ નંબર ૨૩૨ ઉપર આ લખેલ છે. એબી કીથનાં પુસ્તક હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લિટરેચરનાં પેજ નંબર ૪૦૪ ઉપર લખેલ છે કે મનુસ્મૃતિ કોઈ એક સમુદાય માટે નથી લખેલ પણ વિશ્વનાં તમામ સમુદાયો માટે સમાન રૂપથી જીવન નું પથ પ્રદર્શન કરવાવાળું છે. જર્મનીનાં વિખ્યાત ફિલોસોફર ફ્રેડરિક નિત્શેએ વિલ ટુ પાવર પુસ્તકનાં પેજ નંબર ૧૨૬ ઉપર તો ત્યાં સુધી લખ્યું છે કે બાઈબલ બંધ કરો અને મનુસ્મૃતિ વાંચો. કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ ઈન્ડીયામાં લખેલું છે કે બ બર્મા નાં સંવિધાન નું નામ ધમ્મથટ અને માનવસાર હતું. કમ્બોડિયાનું સંવિધાન માનવ નીતિસાર હતું. ઈરાન, ઈરાકનાં લોકો પોતાને આર્યવંશી માનતાં. મિશ્રનાં લોકો પોતાને સૂર્યવંશી માનતાં. અમેરિકાથી પ્રકાશિત મેકમિલન ફેમીલી એન્સાઈક્લોપીડિયાનાં પેજ નંબર ૧૩૧ ઉપર લખે છે કે મનુ માનવજાતિનો આદિપુરુષ છે. આદિ-સમાજનો વ્યવસ્થાપક છે અને આદિ-સભ્યતાનો પથપ્રદર્શક રાજા છે. એએ મેકડોનલનાં પુસ્તક હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લીટરેચરનાં પેજ નંબર ૪૩૨ ઉપર લખે છે કે સ્મૃતિઓમાં સૌથી પ્રાચીન અને મહત્વપૂર્ણ માનવ ધર્મશાસ્ત્ર એ છે જેને મનુ નું સંવિધાન કહેવામાં આવે છે. યુરોપીયન લેખક લુઈસ રેનોની પુસ્તક રીલીજીયન ઓફ એનસીયન્ટ ઈન્ડિયાનાં પેજ નંબર ૪૯ ઉપર લખે છે કે મનુ નાં કાનૂની વિધાન ખુબ જ સારી શિક્ષા પ્રદાન કરવાવાળા છે. આર એન ગીલ્બ્રીસ્ટ પોતાનાં પુસ્તક પ્રિન્સીપલ ઓફ પોલીટીકલ સાયન્સનાં પેજ નંબર ૧૬૩ ઉપર લખે છે કે મનુનું સંવિધાન હિંદુ કાનુનનાં સ્વરૂપમાં સૌથી પ્રભાવશાળી સંવિધાન છે.

મનુસ્મૃતિમાં જગતઉત્પતિ, માનવ ધર્મનું સ્વરૂપ, સંસ્કાર, ચાર આશ્રમ, ભક્ષ્ય અભક્ષય, સ્ત્રી ધર્મ, રાજ ધર્મ, ન્યાય વ્યવસ્થા, ચાર વર્ણ, કર્મફળ વિધાન, નિ;શ્રેયસ કર્મ, આત્મજ્ઞાન, ઈન્દ્રિય સંયમ, વેદાભ્યાસ અને મોક્ષ પ્રાપ્તિનાં સાધન, આમ જીવનનાં તમામ પાસાઓને આવરતા બધાં વિષયો આવી જાય છે. રામાયણ અને મહાભારતમાં પણ મનુસ્મૃતિનાં શ્લોકોનો સંદર્ભ હોય, મનુસ્મૃતિનો રચનાકાળ રામાયણ અને મહાભારત પહેલાંનો અને વેદ પછીનો મનાય છે. વર્ણ બાબતમાં સ્પષ્ટતા કરતો પ્રથમ અધ્યાયનો ૮૭મો શ્લોક કહે છે : સમસ્ત સંસારની સુરક્ષા, વ્યવસ્થા, સમૃદ્ધિ માટે મહાતેજસ્વી પરમાત્માએ મુખ, બહુ, જાંઘ અને પગનાં ગુણોની તુલનાથી નિર્મિત વર્ણો ક્રમશઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વર્ણોનાં પૃથક પૃથક કર્મ વેદોનાં માધ્યમથી નિર્ધારિત કર્યા. સર્વસ્યાસ્ય તુ સર્ગસ્ય ગુપ્ત્યર્થમ્ સ મહાદ્યુતિઃ મુખબાહુરૂપજ્જાનામ પૃથકકર્માન્યકલ્પ્યત. નિરુકતમાં પણ વર્ણો વૃણોતે (૨.૧.૪) એટલે કે કર્મ અનુસાર જેનું વરણ, ચયન કરવામાં આવે તે એવું કહ્યું છે. વર્ણ એટલે ગુણ, કર્મ, અભ્યાસ અનુસાર વરણ કરવું, ચયન કરવું અને જાતિ એટલે જન્મ આધારિત હોય, જેને મૃત્યુ પછી પણ બદલાવી ન શકાય. મનુએ વેદ ને અપૌરુષેય કહ્યા છે. વેદને પોતાની સ્મૃતિ અને ધર્મનો મૂળસ્ત્રોત માન્યો છે.

શું સ્ત્રીઓને મનુસ્મૃતિમાં નિમ્ન કક્ષાની વર્ણવી છે ? સંપૂર્ણ મનુસ્મૃતિનાં પેજ નંબર ૧૭૪, ત્રીજા અધ્યાયનાં ૫૬ માં પ્રચલિત શ્લોકમાં મનુ ઋષિ કહે છે કે યત્ર નાર્યસ્તુ પુજ્યંતે રમંતે તત્ર દેવતાઃ, યત્રેતાસ્તુ ન પુજયંતે સર્વાસ્તત્રા ફલાઃ ક્રિયાઃ જેનો અર્થ એવો થાય કે જે કુળમાં સ્ત્રીઓનો આદર, સત્કાર થતો હોય ત્યાં દિવ્ય સંતાન, દિવ્ય ગુણ, દિવ્યભોગ પ્રાપ્ત થતાં હોય અને જ્યાં આદર સત્કાર ન હોય, અનાદર અને ઉત્પિડન હોય તે કુળમાં ગૃહસ્થ સંબંધી બધી ક્રિયાઓ નિષ્ફળ રહે છે. સ્ત્રીઓની પ્રસન્નતા અને સમ્માન વગર ગૃહસ્થમાં ગુણી સંતાન, સુખ શાંતિ, સફળતા, ઉન્નતિ નથી થતી. અન્ય અનેક શ્લોકોમાં નારી સાથેનાં દુર્વ્યવહારથી કુલ નાશ પામે, આદર, સમ્માનથી કુલ ઉન્નત થાય એવું સ્પષ્ટ લખેલ છે. સ્ત્રીઓ સંતાન ઉત્પત્તિજે શ્લોકો મિલાવટથી ઉમેરાયા છે, તે આનાથી ઉલ્ટા હોવાથી મનુ ઋષિ દ્વારા દ્વારા કહેવાયા ન હોવા જોઈએ. જેનાં અનેક પ્રમાણ આગળ જોઈશું. વિશ્વનાં અનેક દેશોમાં મનુ ઋષિની પ્રસંશા જોવા મળે છે, જે તેમને વિદ્વાન, સંવિધાન નિર્માતા, સર્વ જગત માટે કલ્યાણકારી સૂચવે છે. પેજ નંબર ૧૧૮ પર બીજા અધ્યાયનાં ૧૦૪ નંબરનાં શ્લોકમાં મનુ ઋષિ કહે છે કે કોઈ મહિલા અન્યની પત્ની હોય, બહેન હોય, પોતાનાં સગામાં ન હોય, તો તેને બહેન(ભગિની), સૌભાગ્યવતી (સુભગે) અથવા આપ (ભવતિ) કહીને સંબોધિત કરવું જોઈએ. પરપત્ની તુ યા સ્ત્રી સ્યાદસંબંધા ચ યોનિતઃ, તાં બ્રૂયાદ્ ભવતીત્યેવં સુભગે ભગિનીતિ ચ. પેજ નંબર ૫૧૧ પર નવમા અધ્યાયનો ૧૩૦ મો શ્લોક પુત્ર અને પુત્રી સમાન છે, એવું કહે છે. જેવી પોતાની આત્મા છે જે તેવો જ પુત્ર છે અને પુત્ર જેવી જ આત્મારૂપ પુત્રી છે. પુત્રના અભાવમાં પુત્રી જ માતા-પિતાનાં ધનની અધિકારી છે. યથૈવાત્મા તથા પુત્રઃ પુત્રેણ દુહિતા સમા, તસ્યામાત્મની તિષ્ઠન્ત્યાં કથમન્યો ધનં હરેત્.

મહર્ષિ મનુ વિશ્વના સૌથી પ્રથમ પુરુષ છે કે જેમણે મહિલાઓની બાબતમાં સર્વપ્રથમ સર્વોચ્ચ વાત કરી છે. ઉદાહરણ તરીકે સ્ત્રીઓને ઘરની શોભા, લક્ષ્મી કહી છે (૯.૨૬) જો કોઈ સ્ત્રીઓના ધન ઉપર કબજો કરી લે તો એને ચોર સમજીને સજા કરવાનો આદેશ આપ્યો છે. (૮.૨૯) સ્ત્રીઓનું ધન ઉપયોગ કરે તેને નીચ, પાપી કહ્યો છે, પતન પામે છે (૩.૫૨) સ્ત્રીઓનાં અપહરણ કરનારને શારીરિક દંડથી પ્રાણવધની સજા કરવી જોઈએ. (૮.૩૨૩) સ્ત્રીઓ, બાળકો, વિદ્વાનોની હત્યા કરવાવાળાને પ્રાણવધ દંડ, કઠોરથી કઠોર, કષ્ટદાયક શારીરિક દંડ દેવો. (૯.૨૩૨) માતાપિતા, પત્ની, બાળકો સાથે કદી ઝઘડો ન કરવો. (૪.૧૮૦)

શું શુદ્રોને મનુસ્મૃતિમાં નિમ્નકક્ષા નાં દર્શાવ્યા છે ? અસ્પૃશ્ય કહ્યા છે ? શુદ્ર ની વ્યાખ્યા શું ? આ પ્રશ્નનાં જવાબમાં આખી મનુસ્મૃતિમાં ક્યાંય જન્મ આધારિત જાતિ વ્યવસ્થાને પ્રમાણ વાળો એકપણ શ્લોક નથી. કર્મ આધારિત વર્ણવ્યવસ્થાનાં અનેક શ્લોક મળી આવે છે. મનુવિહિત આર્યોની વર્ણ વ્યવસ્થા માં કેવળ ચાર વર્ણ અથવા જાતિ છે, પાંચમી કોઈ જાતી કે વર્ણ નથી. બ્રાહ્મણ ક્ષત્રિયો વૈશ્યઃ તર્યો વર્ણા દ્વિજાતયઃ ચતુર્થ એક જાતિસ્તુ શુદ્રો નાસ્તિ તુ પંચમઃ (૧૦.૪) શુદ્રવતીતિ નો અર્થ જેમણે નિયુક્ત કર્યો છે, એમનાં માટે અહિયાં, ત્યાં જઈને કાર્ય કરવું. શારીરિક શ્રમનું કાર્ય શુદ્ર વર્ણે નિષ્ઠાપૂર્વક કરવું. શુદ્ર આર્ય છે નું પ્રમાણ : વર્ણાપેતમપઆર્યરૂપમિવ અનાર્યમ (૧૦.૫૭) એટલે કે ચાર વર્ણોથી બહારનાં લોકો અનાર્યો છે. જેનો બાબાસાહેબ આંબેડકરે પોતાનાં સાહિત્યમાં અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે. મહર્ષિ મનુ શુદ્રને ઉચ્ચવર્ણને પ્રાપ્ત કરવાનો અધિકારી આ શ્લોક દ્વારા માને છે : શુદ્ધ પવિત્ર મન અને શરીરથી, પોતાનાંથી ઉત્કૃષ્ટ વર્ણવાળાઓની સેવા કરવાવાળા, મધુરભાષી, અહંકાર રહિત, સદા ત્રણે વર્ણોની સેવામાં રત શુદ્ર ઉચ્ચવર્ણને પ્રાપ્ત કરી લે છે. (૯.૩૩૫)

વર્ણવ્યવસ્થામાં પરિવર્તન થઈ શકે એવાં પ્રમાણ વાળો કહે છે કે ગુણ, કર્મ, યોગ્યતાનાં આધારે શુદ્ર બ્રાહ્મણ બની શકે છે અને બ્રાહ્મણ શુદ્ર બની શકે છે. એ જ રીતે ક્ષત્રિયો અને વૈશ્યોમાં પણ વર્ણપરિવર્તન થઈ શકે છે. શુદ્રો બ્રાહ્મણતામેતિ બ્રાહ્મણશ્ચૈતિ શૂદ્રતામ્, ક્ષત્રિયાજ્જાતમેવં તુ વિદ્યાદ્વૈશ્યાત્તથૈવ ચ. (૧૦.૬૫) વૃદ્ધ શુદ્રને બધાં દ્વિજો પહેલાં આદર આપે. માનારહ શુદ્રોપિ દશમીં ગતઃ (૨.૧૧૨) મનુએ શુદ્રો માટે ઉત્તમ, ઉત્કૃષ્ટ, પવિત્ર જેવાં શબ્દોનો પ્રયોગ કર્યો છે. (૯.૩૩૫) દ્વિજને ત્યાં અતિથિ તરીકે શૂદ્ર આવે તો એને ભોજન કરાવવાનો આદેશ છે. (૩.૧૧૨) ત્રીજા અધ્યાયનાં ૧૧૬ શ્લોકમાં દ્વિજોને આદેશ છે કે તેઓ પોતાનાં સેવકોને પહેલાં ભોજન કરાવ્યાં પછી જ પોતે ભોજન કરે, આટલું સમ્માન શુદ્રોને મનુસ્મૃતિમાં આપ્યું છે. શૂદ્ર પાસેથી પણ ઉત્તમ ધર્મ શીખવો, એવું બીજા અધ્યાયનાં ૨૧૩ માં શ્લોકમાં કહ્યું છે. ચોરીનાં અપરાધમાં શુદ્રને આઠ ગણો, વૈશ્ય અને છોડ ગણો ક્ષત્રિય અને ૩૨ ગણો અને બ્રાહ્મણને ૬૪ ગણો દંડ કરવો, એવો ૮માં અધ્યાયનાં ૩૩૭ અને ૩૩૮ માં શ્લોકમાં નિર્દેશ છે. મનુની દંડવસ્થા મનોવૈજ્ઞાનિક, ન્યાયપૂર્ણ, વ્યવહારિક અને ખૂબ જ પ્રભાવશાળી છે. મનુની ન્યાયવસ્થામાં ખેતરમાં પાક ખાઈ જવા બદલ ઘેટાને પણ એક લાકડી અને હાથીને પણ એક લાકડી એવું નથી. જેનાથી અપરાધ અંકુશમાં આવે એવી મનોવૈજ્ઞાનિક દંડ વ્યવસ્થા મહર્ષિ મનુએ આપણને વર્ષો પહેલાં આપી. આજે આપણે ભૂલી ગયા માટે અપરાધ ઓછો થવાનું નામ નથી લેતો. વેતનનાં વિષયમાં વગર મહેનતાણે કામ ન કરાવવું, નિમ્નસ્તરનાં સેવકને ઓછોમાં ઓછો એક પણ, ઉચ્ચસ્તરનાં સેવકને મહત્તમ ૬ પણ પ્રતિદિવસ વેતન આપવું. ઓઢવા, પહેરવાનાં કપડાં દર ૬ મહિને અને મહિને ૬૪ સેર અનાજ આપવું. (૭.૧૨૫, ૭.૧૨૬) માંદગીનાં કારણે રજા પડી હોય અને પરત આવીને નિયત કરેલ કામ પૂરું કરી દે તો વેતન કાપવું નહિ, એવું સ્પષ્ટ આઠમાં અધ્યાયનાં ૨૧૬ માં શ્લોકમાં કહ્યું છે. ૧૦ માં અધ્યાયનો ચોથા અને પિસ્તાલીસમાં શ્લોકમાં મહર્ષિ મનુએ શુદ્રોને સવર્ણ કહ્યા છે. વર્ણ પરિવર્તનનાં અનેક ઉદાહરણો આપણા ભારતીય ઈતિહાસમાં જોવા મળે છે. જેમ કે દાસીપુત્ર કવષ એલુશ અને શુદ્રનો પુત્ર વત્સ શ્રેષ્ઠ કર્મનાં કારણે ઋષિઓ કહેવાયા. ક્ષત્રિય કુળમાં જન્મેલ રાજા વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ થયા. અજ્ઞાત કુળનાં સત્યકામ જાબાલ ઋષિ બન્યા. ચંડાલના ઘરમાં ઉત્પન્ન માતંગ ઋષિ કહેવાયા. નિમ્નકુળમાં જન્મેલ વાલ્મિકી મહર્ષિ વાલ્મિકી બન્યા. દાસીપુત્ર વિદુર રાજા મહાત્મા કહેવાયા. ક્ષત્રિય કુળનાં દશરથ પુત્ર રામ અને યદુકુળમાં જન્મેલ કૃષ્ણ ભગવાન કહેવાયા. એનાથી વિપરીત કર્મો કરવાના કારણે પુલસ્ત્ય ઋષિનો વંશજ રાવણ રાક્ષસ કહેવાય. રાજા ત્રિશંકુ ચાંડાલ કહેવાયો, આમ, કર્મ આધારિત વર્ણ પરિવર્તન થયેલ. જન્મ આધારિત જાતિ વ્યવસ્થાનું ત્યારે અસ્તિત્વ જ નહોતું.

રામાયણમાં બાલી વધ દરમ્યાન બાલી રામ ઉપર આક્ષેપ કરતાં કહે છે કે તમે મારો વધ અન્યાયપૂર્ણ કર્યો છે ત્યારે રામ ભગવાન ન્યાયની ઉચિતતા સિદ્ધ કરવા માટે મનુસ્મૃતિનો આ શ્લોક ટાંકીને કહે છે : શાસનાદ્ વા વિમોક્ષાદ્ વા સ્તેનઃ સ્તેયાદ્ વિમુચ્યતે, અશાસિત્વા તુ તં રાજા સ્તેનસ્યાપ્રોતિ કિલ્બીષમ્. (રામાયણ કિષ્કિન્ધાકાંડ, સંપૂર્ણ મનુસ્મૃતિ, પેજ નંબર ૪૬૪, અધ્યાય ૮, શ્લોક ૩૧૬.) જેનો અર્થ થાય છે કે દંડ પામીને અથવા સ્વયં પ્રાયશ્ચિત કરીને, રાજા દ્વારા ક્ષમા કરીને ચોર ચોરીનાં અપરાધમાંથી મુક્ત થઈ જાય છે. ચોરને દંડ ન આપીને રાજા નિંદાપાત્ર બનતાં, લોકો ચોરને બદલે અધિક દોષ રાજાને આપે છે. અન્ય એક શ્લોક ટાંકીને કહે છે : રાજભિઃ કૃતદન્દાસ્તુ કૃત્વા પાપાનિ માનવાઃ, નિર્મલાઃ સ્વર્ગામાયાન્તિ સંતઃ સુકૃતિનો યથા. (સંપૂર્ણ મનુસ્મૃતિ, પેજ નંબર ૪૬૫, અધ્યાય ૮, શ્લોક ૩૧૮) જેનો અર્થ થાય છે : મનુષ્ય પાપ, અપરાધ કરીને રાજા અથવા ન્યાયાધીશ દ્વારા દંડ પ્રાપ્ત કરીને દોષમુક્ત થઈને, અપરાધનાં સંસ્કાર ક્ષીણ થવાથી, દોષી હોવાની ભાવના ન રહેવાથી, સારું કર્મ કરવાવાળા સંતની જેમ સુખશાંતિપૂર્વક જીવન જીવી શકે છે. સ્વામી જગદિશ્વરાનંદ સરસ્વતીજી ની સચિત્ર રામાયણમાં કિષ્કિંધાકાંડમાં ૩૨૩ માં પેજ નંબર ઉપર ઉપરોક્ત બંને શ્લોક ૨૧ અને ૨૨ નંબરે આપેલ છે. આવું જ મહાભારતનાં આદિપર્વ અને શાંતિપર્વમાં પણ મનુસ્મૃતિનાં શ્લોકોનો સંદર્ભ છે. જેનાથી નક્કી થાય છે કે મનુસ્મૃતિ મહાભારત અને રામાયણ કરતાં પણ પ્રાચીન છે. આપણા શાસ્ત્રો શ્રુતિ અને સ્મૃતિ આધારિત હતાં એટલે સ્વાભાવિક કાળક્રમે એમાં મિશ્રણ થયું. બૌદ્ધકાળ પછી વર્ણ વચ્ચેનાં વર્ચસ્વનો સંઘર્ષ થતાં નિહિત સ્વાર્થ માટે શ્લોકોનું ઉમેરણ થયું.

મનુસ્મૃતિ માંસભક્ષણ અને પશુયજ્ઞને પાપ માને છે. મહર્ષિ મનુએ જે પાંચ અનિવાર્ય યજ્ઞો કહ્યા તેનો મુખ્ય ઉદ્દેશ્ય હિંસાની નિવૃત્તિ છે. પશુઓની સવારી કરતી વખતે ચાબુક મારવાની પણ ના પાડી છે. દૈનિક જીવનચર્યામાં અજ્ઞાનવશ થનારી નાની નાની હિંસાઓની નિવૃત્તિ માટે પણ પ્રાયશ્ચિત કરવાનું વિધાન છે. એક શ્લોકમાં ૮ પ્રકારનાં વ્યક્તિઓને પાપી માન્યા છે : પ્રાણી, પશુને મારવાની આજ્ઞા આપવા વાળો, મારવા વાળો, માંસ કાપવા વાળો, માંસ લેવા - વેચવા વાળા, પકાવવા વાળા, પીરસવા વાળા, ખાવા વાળા આ બધા હત્યારા અને પાપી છે. (૫.૫૧) બધા પ્રકારનાં માંસ ભોજનથી દુર રહો. (૫.૪૯)

ડો બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ વાંગ્મયનાં ૧૭ થી વધુ ખંડો પબ્લીકેશન ડિવિઝન, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યાં છે. જેમાં ભારતમાં જાતિપ્રથા નામક પ્રકરણનાં પેજ નંબર ૨૯ ઉપર આંબેડકરજી લખે છે કે મહર્ષિ મનુએ જાતિનું વિધાન નિર્માણ નથી કર્યું. પેજ નંબર ૩૦ ઉપર કહે છે કે વર્ગ વિભાજન દક્ષતા નાં આધારે થયેલ, વર્ણ પરિવર્તન થઈ શકતું હતું અને વર્ણોને પણ વ્યક્તિનાં કાર્ય ની પરિવર્તનશીલતા સ્વીકાર્ય હતી. જાતિપ્રથા ઉન્મૂલન પ્રકરણમાં પેજ નંબર ૮૧ માં કહે છે કે જાતિ નો સિદ્ધાંત વર્ણ નાં સિદ્ધાંત કરતાં જુદો છે અને પરસ્પર વિરોધી છે. પહેલો સિદ્ધાંત ગુણ ઉપર આધારિત છે, એવું સ્પષ્ટ લખે છે. પેજ નંબર ૧૧૯ ઉપર મહર્ષિ દયાનંદે લખેલ વ્યાખ્યા ગાંધીજીની વ્યાખ્યા કરતાં વધુ બુદ્ધિમતા પૂર્ણ છે એવું લખે છે. પેજ નંબર ૧૫૧ માં લખે છે કે પ્રાચીન ભારતીય ઈતિહાસમાં મનુ ની સંજ્ઞા આદરસુચક હતી. પેજ નંબર ૧૭૯ ઉપર લખે છે કે યાજ્ઞવલ્કય નામનાં વિદ્વાન મનુ જેટલાં જ મહાન હતાં. રાનડે, ગાંધી અને જીન્નાનાં પ્રકરણમાં પેજ નંબર ૨૬૩ ઉપર આંબેડકરજી લખે છે કે જાતિપ્રથા ચાર વર્ણ નું ભ્રષ્ટ રૂપ છે. હિન્દુત્વ કે પ્રતિક પ્રકરણમાં ૧૮૧ પેજ નંબર ઉપર જાતિ વર્ણ નું વિકૃત સ્વરૂપ છે, એવું સ્પષ્ટ લખે છે. જાતિ પાતી એ વર્ણ વ્યવસ્થા ને સમ્પૂર્ણ રીતે વિકૃત કરી દીધી છે. ચારે વર્ણ માં પેદા થયેલ બધી જાતિ સવર્ણ હિંદુ છે. મનુ નું સમસ્ત ચિંતન વેદાનુકુલ છે, મનુનો શુદ્ર ઉપેક્ષિત નથી, બધાં વર્ણો એકબીજાનાં પુરક અને સહયોગી છે, એવું એમણે સ્પષ્ટ લખ્યું છે. મનુસ્મૃતિનું દહન કરેલું એ તેમણે વ્યક્તિગત આક્રોશમાં કરેલું. પોતે હિંદુ ધર્મશાસ્ત્રોનું અધ્યયન વિદેશી લેખકોનાં પુસ્તકો દ્વારા કરેલું અને પોતે સંસ્કૃત ભાષાનાં વિશેષ જાણકાર નથી, એવું પેજ નંબર ૩ ઉપર શુદ્રોની ખોજ પ્રકરણમાં લખે છે.

મહર્ષિ મનુ જ દુનિયાની એવી પ્રથમ વ્યક્તિ છે, જેમણે સમગ્ર દુનિયાને એક વ્યવસ્થિત નિયમબધ્ધ નૈતિક, આદર્શ માનવીય જીવન જીવવાની પદ્ધતિ શીખવાડી, તેઓ આદિ ધર્મશાસ્ત્રકાર છે, આદિ કાનૂનદાતા છે, આદિ સમાજ વ્યવસ્થાપક અને રાજનીતિ વ્યવસ્થાપક છે, આદિ રાજર્ષિ છે. મનુ જ એવા પ્રથમ ધર્મગુરુ છે, જેમણે લોકકલ્યાણ માટેનું આવડું મોટું અમૂલ્ય ભાથું આપ્યું કે આજે પણ આપણે એમને યાદ કરીએ છીએ. આમ, મહર્ષિ મનુએ સંપૂર્ણ સંસારનાં લોકો માટે કેવી રીતે રહેવું એ પથ દેખાડ્યો છે. સમય જતાં એમાં મિલાવટ થતાં લોકો એને હીન માનવા લાગ્યા. પણ ૧૯૮૧ માં દસ વર્ષની મહેનતથી મિલાવટ વાળા શ્લોક દુર કરી આપણને જે વિશુદ્ધ મનુસ્મૃતિ મળી છે, એ આવનાર સમયમાં સમગ્ર સમાજનું શ્રેષ્ઠ માર્ગદર્શન કરશે, એવી આશા સાથે આ લેખ મહર્ષિ મનુને સાદર અર્પણ. સંકલન : ડેનીસ આડેસરા. ર : ૭૬૦૦ ૫૦ ૫૦ ૫૦.

## ઉના ખાતે સર્વજ્ઞાતિય "વિવાહ સંસ્કાર" સમૂહલગ્ન મહોત્સવ - ૨૦૨૫ ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૧

"પ્રો.વસુબેન ત્રિવેદી(પૂર્વ મંત્રી ગુજરાત રાજ્ય) અને શાસ્ત્રી રમેશભાઈ દીક્ષિત તથા રાજુભાઈ ડાભી(ગીર સોમનાથ જિલ્લા ભાજપા ઉપાધ્યક્ષશ્રી)" ઊના અને રાજનભાઈ જાની તેમજ પરેશભાઈ જાની(તપોવન ફાઉન્ડેશન-જામનગર)નાં માર્ગદર્શન હેઠળ તમામ સર્વે જ્ઞાતિઓને જાણ કરવામાં આવે છે કે, માતા-પિતા વિહોણી અથવા માતા કે પિતાની છત્રછાયા ગુમાવેલ સર્વ હિન્દુ સમાજની દીકરીઓ માટે એક આશાસ્પદ નિર્ણય કે જે શાસ્ત્રોક્ત વિધિ દ્વારા મોંઘવારીના સમયમાં ક્ષમતા પ્રમાણે નિઃશુલ્ક સર્વજ્ઞાતિય "વિવાહ સંસ્કાર" સમૂહલગ્નનું આયોજન લક્ષ્ય ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ઊના(ગુજરાત)નાં પટાંગણમાં સૌ પ્રથમવાર તા.૧૭-૫-૨૦૨૫, શનિવારનાં રોજ સરકારનાં વર્તમાન નિયમોનુસાર તા.ઊના, જી.ગીર સોમનાથ ખાતે આયોજન કરવામાં આવેલ છે. તેથી સર્વ હિન્દુ જ્ઞાતિય માતા-પિતા વિહોણી અથવા માતા કે પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓનાં પરિવારને પ્રાધાન્ય આપી આ ભગીરથ કાર્યમાં લાભ લેવા ઈચ્છી રહ્યા છે તો તેઓએ નીચે દર્શાવેલ સંપર્કો ઉપર સંપર્ક કરી પોતાનું નામ અને જરૂરી વિગતો નિયત નમૂનાનું ફોર્મ ભરી તા.૧૦-૩-૨૦૨૫ સુધીમાં સંસ્થા સમક્ષ રજૂ કરવાના રહેશે અને આ રજુ થયેલ ફોર્મ અંગેની સંપૂર્ણ ચકાસણી સંસ્થા દ્વારા કરવામાં આવશે. આ સેવા યજ્ઞમાં જે કોઈ જ્ઞાતીજન આહુતીરૂપે આર્થિક અથવા કોઈ ચીજ-વસ્તુઓથી સહકાર આપવા ઈચ્છુક હોય તેવા દાતાશ્રીઓ યોગદાન માટે નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરી શકે છે અને આ યોગદાન આપનાર દાતાઓનું નામ આમંત્રણ પત્રિકામાં ફોટા સાથે આપવામાં આવશે. વધુ માહિતી માટે ધ્રુવ રમેશભાઈ દીક્ષિત-૯૪૨૬૩ ૩૦૫૩૧, ચંદ્રેશભાઈ જોશી (રાધે)-૯૯૨૪૧ ૦૪૯૧૭, અશ્વિન રાજુભાઈ ડાભી- ૯૯૯૮૨ ૬૨૪૦૦, નીલું બોરક્ષત્રીયા-૮૨૦૦૭ ૫૮૭૬૧, અનિલ રાઠોડ -૭૬૯૮૬ ૧૬૧૧૧, મુકેશભાઈ દવે-૯૯૯૮૨ ૬૨૪૦૦, ચિરાગ દિક્ષીત - ૮૨૦૦૨ ૮૫૮૨૨, અશ્વિનભાઈ ઝાલા-૬૩૫૧૮ ૧૯૫૮૫, નેહલબેન જોષી-૯૭૨૬૩ ૧૧૪૯૪, મિતાબેન દવે-૯૨૬૫૭ ૭૬૧૨૮ ઉપર સંપર્ક કરવો. નિઃશુલ્ક સમૂહલગ્નમાં લાભ લેવા ઈચ્છિત માતા - પિતા વિહોણી અથવા માતા કે પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને પ્રાધાન્ય આપી મર્યાદિત સંખ્યા રાખવાની થતી હોવાથી વહેલા તે પહેલાનાં ધોરણે સંસ્થાના ધારાધોરણો મુજબ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. પોતાના ધંધા રોજગારની જાહેરાત છપાનાર કંકોત્રીમાં અથવા મહોત્સવનાં દિવસે બેનર લગાવવા આપવા ઈચ્છુક વેપારીઓ આવકાર્ય છે.

## દિલ્હીમાં ઐતિહાસિક જીતની ઉજવણી માંગરોળમાં ફટાકડા ફોડી કરવામાં આવી




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૧

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે દિલ્હી વિધાનસભામાં ૨૭ વર્ષ પછી ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક ભવ્યજીતની ફટાકડાની આતશબાજી સાથે માંગરોળ ભાજપ પરિવાર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. દિલ્હી વિધાનસભામાં ૨૭ વર્ષે પછી ભારતીય જનતા પાર્ટીનો ઐતિહાસિક વિજય થતા માંગરોળ ભાજપ પરિવાર દ્વારા માંગરોળના લીમડા ચોક ખાતે લોકપ્રિય ધારાસભ્ય ભગવાનજીભાઈની ઉપસ્થિતિમાં ફટાકડાની આતશબાજી કરી આ ભવ્ય જીત ઉજવણી કરવામાં આવી હતી. ચૂંટણી પરિણામો જાહેર થતાં જ વિવિધ વિસ્તારોમાં ઉત્સાહનું મોજુ ફરી વળ્યું હતું. દિલ્હીની આ ઐતિહાસીક જીતના પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, વેલજીભાઈ મસાણી, માંગરોળ શહેર પ્રમુખ લીનેશભાઈ સોમૈયા સાથે માંગરોળ નગરપાલિકા ભારતીય જનતા પાર્ટીના ઊમેદવારો તેમજ કાર્યકરો જોડાયેલ દિલ્લીની જનતાએ કમળ ખીલ્યું એવી રીતે માંગરોળમાં પણ માંગરોળની જનતા કમળ ખીલવે તેવી અપીલ કરેલ.

# સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ૩૯માં સર્વજ્ઞાતિય ૨૫ દિકરીઓના સમુહ લગ્ન યોજાયા






## બે અંધ દીકરીઓએ પણ પ્રભુતામાં પગલા પાડયા : આ લગ્નમાં પિતા વિહોણી બે દીકરીઓને કન્યાદાન આપીને સાસરે વળાવી : લગ્ન સાથે બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા ૮૧૦૦ સીસી રકત એકત્રિત કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢની માનવ સેવામાં અજોડ જેનું નામ છે એવી સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા ભવનાથ ક્ષેત્રમાં સનાતન હિન્દુ ધર્મશાળા ખાતે રવિવારના રોજ ૩૯મો સર્વ જ્ઞાતિય ૨૫ દિકરીઓના સમૂહ લગ્ન ખૂબ જ ધામધૂમથી યોજાયો હતા. આ દીકરીઓને ભરપેટે કરિયાવર જેમાં બે ગ્રામ સોનાનું મંગળસૂત્ર, ચાંદીના સાંકળા, કીંમતી ઘરચોળા-પાનેતર, સેટી પલંગ ગાદલુ, કબાટ, ટીપોઈ, ગેસનો ચૂલો વિગેરે જેવી ૧૩૫ વસ્તુઓ દાતાઓના સહયોગથી મેળવીને એક બાપ પોતાની દીકરીને સાસરે વળાવે તે પ્રકારે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા અને અન્ય ટ્રસ્ટીગણ તથા સેવાભાવિશ્રીઓએ દિકરીઓને વિદાય આપી હતી. સાથે સાજન-મહાજનના ઘટાદાર આંબા નીચે મંડપમાં લગ્ન ગીત જેવા કે કોયલ બેઠી આંબલીની ડાળ, મારો મોરલીયો બેઠોરે ગઢને કાંગરે માણારાજ, લગ્ન ગીત-ફટાણાં ગાઈને જમાવટ કરી સ્વાગત-સન્માન કરી દરેક જાનને વળાવવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખએ સ્ત્રીભ્રૂણ હત્યા નહીં કરવાનો સંકલ્પ પણ નવદંપતીને લેવડાવ્યો હતો. સાથે લાઈફ બ્લડ બેન્ક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ સંસ્થા એ માનવીય સેવાકીય ક્ષેત્રમાં ખૂબ જ સારી નામના ની કમાઈ કરી છે, જે આજે માનવસેવા નો પર્યાય એટલે સત્યમ સેવા યુવક મંડળ ગણાય છે. આ સંસ્થાને આજે ૪૨ વર્ષ થયા છે અત્યાર સુધીમાં ૨૦૦૦ જેટલી દીકરીઓને કરિયાવર આપી અને સાસરે વળાવેલ છે. આ સંસ્થા સમૂહ લગ્ન ઉપરાંત ATM(એની ટાઈમ મેરેજ) મેરેજ પણ યોજે છે. આ સંસ્થાના નેજા હેઠળ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર કચ્છ કાઠીયાવાડ ગુજરાત-મુંબઈ અને વિદેશમાંથી પણ દાતાઓ દાનની સરવાણી વહાવે છે જે આ સંસ્થા પ્રત્યેનો પોતાનો વિશ્વાસ વ્યક્ત કરે છે. આ લગ્ન પ્રસંગમાં પિતા વિહોણી બે દીકરીઓના કન્યાદાન લંડન નિવાસી સજોડે નિશાબેન કુંદનભાઈ શાહ તેમજ આ જ સંસ્થાના સેવાભાવી જયોત્સનાબેન ચંપકભાઈ જેઠવાએ સોનાની ચુક અને બુટ્ટી કન્યાદાનમાં આપી અને પુણ્યનું કાર્ય કર્યુ હતું. આ પ્રસંગમાં દીકરીઓને આશીર્વાદ આપવા અર્થે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, દીપકભાઈ ચોક્સી, રમણીકભાઈ રાણીંગા, તારાબેન વૈઠા, વિજયભાઈ દોમડીયા, પ્રવિણાબેન ચોક્સી, કિરીટભાઈ રાણીગા, પી.ડી. ગઢવી, લોક સાહિત્યકાર અમુદાનભાઈ ગઢવી, જેન્તીભાઈ વઘાસિયા, ગીરીશભાઈ કોટેચા, ભીખાભાઈ જોશી, ચંદ્રિકાબેન જોષી, ભરતભાઈ લાખાણી, વિજયભાઈ મશરૂ, નાગભાઈ વાળા, પી.બી. ઉનડકટ, પરાગભાઈ કોઠારી, કે.ડી. પંડ્યા, હસુભાઈ જોશી, નયનભાઈ ભોગાયતા, દાદુભાઈ કનારા, રાજેશભાઈ લાલચેતા કાળુભાઈ સુખવાણી, મુકેશભાઈ રાજપરા, અશોકભાઈ વઘાસિયા, ડો. ભરતભાઈ ઝાલાવાડીયા, યોગીભાઈ પઢીયાર, વિજયભાઈ કિકાણી, રમેશભાઈ બાવળીયા, જીતુભાઈ પંડ્યા, નલીનભાઈ આચાર્ય, આશિષભાઈ રાવલ, મેહુલભાઈ ઉપાધ્યાય, જોશી બાપા, જ્યોતિબેન કેશવાલા, ગીતાબેન પરમાર, મધુબેન કણસાગરા, રૂપલબેન લખલાણી, નીમાબેન પરસાણીયા, પુષ્પાબેન પરમાર, લીનાબેન રાજરાણી, લાભુબેન ગોંડલીયા, ચેતનાબેન મિશ્રાની, પ્રવિણાબેન વાઘેલા, સાબીરાપીર શેખ, મીનાબેન સુખડિયા, રીટાબેન ચાવડા, મીનાબેન દુસારા, રમાબેન ચુડાસમા, વર્ષાબેન બોરી ચાંગર, રામમનોહરદાસ બાપુ, હરીશભાઈ મણિયાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ લગ્ન પૂર્ણપણે ધામધૂમથી ઉજવાય તે માટે સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેની પૂરી ટીમ છેલ્લા બે માસથી તડામાર તૈયારી કરી રહ્યા હતા સાથે અરવિંદભાઈ મારડિયા, દેવીદાસભાઈ નેણસાણી, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર, મનીષભાઈ લોઢીયા, બટુક બાપુ, મહેન્દ્રભાઈ વાઘેલા, કે કે ગોસાઈ, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, રાજેન્દ્રભાઈ ચુડાસમા, મનોજભાઈ રાજા, મનહરસિંહ ઝાલા, મુકેશભાઈ પાંડવ મુકેશગીરી મેઘનાથી, પરેશભાઈ બાંટવીયા, મૂળુભાઈ જોગલ, કે એસ પરમાર, અનિલભાઈ ટીલવાણી, ખીમજીભાઈ ડાભી, જલ્પેશભાઈ બુંદેલા, કિશોરભાઈ ચોટલીયા, દયાબેન માણેક, જયાબેન પરમાર, સરોજબેન જોશી, રમાબેન બેસ, મનોજભાઈ સાવલિયા વિગેરેએ ખંભે ખંભા મિલાવીને આ સમૂહ લગ્નની સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ હતી.

# દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ ભાજપાના પ્રચંડ વિજયોત્સવને ઉજવતું રાજકોટ જીલ્લા ભાજપ





## પાટનગર દિલ્હી સહીત ૧૯ રાજ્યોમાં ભાજપ અનેએનડીએની સરકાર સત્તામાં જીલ્લા ભાજપા દ્વારા તમામ મંડલોમાં દિલ્હી વિજયને આતશબાજી સાથે આવકાર્યો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૧

તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલ ચૂંટણીમાં ભાજપાનો જવલંત વિજય થતા રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની માર્ગદર્શન મુજબ રાજકોટ જીલ્લાના તમામ મંડલો ખાતે ભારત માતાકી જય તથા વંદેમાતરમના જયઘોષ સાથે આતશબાજી તેમજ નગરજનોને મીઠા મ્હો કરાવીને વિજયોત્સવ મનાવ્યો હતો. આ તકે જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા રવિભાઈ માંકડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તેમની ચાણક્ય રણનીતિ અને ભાજપાના શાસનોમાં થયેલા ચોતરફ વિકાસની આ જીત છે. ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીની ચૂંટણીમાં જેટલી પણ વિધાનસભા અને લોકસભાની ચૂંટણી તેમજપેટા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ સતત ઉત્તરોત્તર પ્રચંડ બહુમતી સાથે વિજયો પ્રાપ્ત કર્યો છે. ભારતીય જનતા પાર્ટીનો મૂળ મંત્ર છે ભ્રષ્ટાચારને નાબુદ કરી ભારતના વિકાસ સાથે વિશ્વગુરૂ બનાવવાની નેમ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચારમુક્ત ભારતને બનાવવા એક પછી એક કદમને લોકોએ સ્વીકારીને દિલ્હીની પ્રજાએ ભાજપાને સ્પષ્ટ બહુમતી આપી તે પુરવાર કરે છે કે ભારતની જનતાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથમાં દેશ સુરક્ષિત અને સલામત છે. ભારતીય જનતા પાર્ટીએ દિલ્હીની પ્રજાનો વિશ્વાસમત જીતી વિધાનસભાની ચૂંટણીમાં ૨૭ વર્ષ બાદ પ્રચંડ બહુમતીથી વિજય પ્રાપ્ત કર્યો છે. ૭૦ બેઠકોમાંથી ભાજપે ૪૮ બેઠક જીતી છે.

ભાજપની આગેવાની હેઠળનું ગઠબંધન હવે ૨૧ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાસન કરી રહ્યું છે. ભાજપ દિલ્હી સહીત ૧૫ રાજ્યોમાં સત્તામાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૪માં ઐતિહાસીક રીતે સતત ત્રીજી વખત સત્તા ઉપર આવતા તેઓ ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા નેતાઓમાના એક બનશે. તેમના નેતૃત્વ હેઠળ ભાજપે ગયા વર્ષે આઠ રાજ્યો, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઓડીશા, જમ્મુ કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણી લડી હતી, પાર્ટી અને તેના સાથી પક્ષોએ પાંચ રાજ્યો, આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, ઓડીશા, હરિયાણા અને મહારાષ્ટ્રમાં સરકાર બનાવી. આ સાથે ઉત્તરપ્રદેશની મિલ્કીપુર વિધાનસભાની પેટા ચૂંટણીમાં જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો, જેમાં સમાજવાદી પાર્ટીની નોમોશીભરી હાર થઈ છે. રાજકોટ જીલ્લા ભાજપ આવિજયોત્સવ સાથે દેશના તમામ નાગરિકો તેમજ કાર્યકર્તાઓને અભિવાદન કરી વિજયનો જશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# જૂનાગઢની નાલંદા હાઈસ્કુલનો વાર્ષિકોત્સવ ઉજવાયો



## ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ ગાંધીગ્રામ સિંધી સોસાયટી વિસ્તારમાં આવેલ નાલંદા વિદ્યાલયના ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવલીયાના માર્ગદર્શન હેઠળ શાળાના ઈન્ચાર્જ આચાર્ય વી.એમ.સોસા તથા ઉચ્ચ માધ્યમિક વિભાગના ડી.આર.અખેડ, એ.એ.કરંગીયા, શારદાબેન ડાંગર, મનસુખભાઈ રાઠોડ તેમજ પી.વી.કોરડીયા, પ્રભાતભાઈ ડાંગર સહિતના શૈક્ષણિક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ધો.૧૦ અને ૧૨માં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન વી.એમ.સોસા તથા સ્ટાફ દ્વારા આપવામાં આવેલ અને પરીક્ષામાં ખુબ સારા માર્કસ મેળવી શાળા અને પરિવારનું નામ રોશન કરો તેવી શુભકામના વ્યકત કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા નાલંદા વિદ્યાલયના શૈક્ષણિક સ્ટાફ ઉપરાંત બિનશૈક્ષણિક સ્ટાફે જહેમત ઉઠાવેલ હતી.

# ખંભાળિયાના વિવિધ મહત્વના પ્રશ્ને બિન રાજકીય નાગરિક સમિતિ દ્વારા તંત્રને રજૂઆતો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા શહેરના નગરજનોને કનડતા વિવિધ પ્રશ્નો તેમજ મહત્વની પાયાની જરૂરિયાતો સંદર્ભે અહીંની બિન રાજકીય અને સેવાભાવી વ્યક્તિઓ સાથેની નાગરિક સમિતિ દ્વારા સંબંધિત તંત્રને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. ખંભાળિયા શહેરમાં આવેલા વિવિધ રાજમાર્ગોમાં ઠેર-ઠેર ખાડા ખડબા આવેલા છે. વર્ષો પહેલા અહીં બનાવવામાં આવેલી ભુગર્ભ ગટરના ખુલ્લા તેમજ તૂટેલા ઢાંકણાઓના કારણે નાના-મોટા અકસ્માતના બનાવ અવારનવાર બને છે. રસ્તાથી ઉંચી લેવલના બનેલા ગટરના મેન હોલ ઉપરાંત એક રસ્તાને જોડતા બીજા રસ્તા વચ્ચેની અસમાનતા તેમજ જગ્યાના કારણે વાહન ચાલકોને થતી હાલાકી, જુદા જુદા વિસ્તારોમાં તૂટેલા કે વધુ પડતી ઉંચાઈ ધરાવતા સ્પીડ બ્રેકરના કારણે હાલ શહેરના રસ્તા મોટાભાગના રસ્તાઓ ચાલવા તેમજ વાહન ચલાવવાને યોગ્ય જણાતા નથી. અહીં નાના બાળકો, વૃદ્ધો તેમજ બીમાર અને અશક્ત લોકો તથા સગર્ભાઓ માટે આ રસ્તાઓ જોખમી બની રહ્યા હોય, જે અંગેની સમસ્યાનું તાકીદે નિવારણ લાવવા નાગરિક સમિતિ દ્વારા નગરપાલિકા તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ખંભાળિયા શહેરના મ્યુનિસિપલ ગાર્ડન ખાતે ઘણા સમય પહેલા તૈયાર કરવામાં આવેલો સ્વિમિંગ પૂલ હાલ બંધ હાલતમાં છે. ટેન્ડર પ્રક્રિયા સહિતના વિવિધ મુદ્દે બંધ રહેલા આ સ્વિમિંગ પૂલનું મેન્ટેનન્સ નિયમિત ન થાય તો પુલમાં ટાઈલ્સ બગડી જાય તેવી સંભાવના વચ્ચે લોકોને આ મહત્વની સુવિધા ન મળી રહેતા તંત્ર દ્વારા તાકીદે યોગ્ય કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. દ્વારકા - અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત ટ્રેનનો લાભ ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારને મળે તે હેતુથી અહીંથી પસાર થતી આ વંદે ભારત ટ્રેનનો સ્ટોપ ખંભાળિયામાં આપવામાં આવે તો અમદાવાદ આવવા-જવા માટે વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને ફાયદો તેમજ સુવિધા મળી રહે તે હેતુથી અહીંના વંદે ભારત ટ્રેનના સ્ટોપ માટેની માંગ કરવામાં આવી છે. ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલા ટાઉન હોલના ઉપરના માળે ફાયર એન.ઓ.સી. ન હોવાથી આ સેવા લોકો માટે હાલ બંધ છે. ઉપરાંત વિવિધ મુદ્દે આ ટાઉનહોલનું મેનેજમેન્ટ સંભાળી શકે તેવા કોન્ટ્રાક્ટર આસામી પાલિકાને ન મળતા આ ટાઉનહોલનો ઉપરનો માળ શોભાના ગાંઠિયા જેવી હાલતમાં હોય, આ મુદ્દે નિવારણ લાવવા સત્તાધીશો સમક્ષ નાગરિક સમિતિએ રજૂઆત કરી છે.


# દ્વારકા નજીક ટ્રક-સ્કૂટી વચ્ચે અકસ્માત : મહિલા કર્મચારી ગંભીર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

દ્વારકામાં આવેલી પીજીવીસીએલ કચેરીની નજીક પીજીવીસીએલ કચેરીના મહિલા કર્મચારીને અકસ્માત નડતા પીજીવીસીએલ કચેરીમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી ગઈકાલે સોમવારે પીજીવીસીએલ કચેરી નજીકના હાઈવે રોડ પરથી તેમના સ્કૂટર ઉપર બેસીને જઈ રહ્યા હતા. તે વખતે અહીંથી પુરપાટ ઝડપે આવતા જીજે ૨૫ યુ. ૫૦૭૭ નંબરના ડમ્પર ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જેના કારણે મહિલા કર્મચારી ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. અકસ્માત તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. જેથી તેમને દ્વારકાની સરકારી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે જામનગર રીફર કરાયા હતા. દ્વારકાની અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા મહિલાને ગંભીર હાલતમાં દ્વારકા સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા જયાં પ્રાથમિક સારવાર બાદ જરૂરિયાત જણાતા વધુ સારવાર અર્થે તેમને જામનગર ખસેડાયા હતા.

# ઉનાની સીમ વાડી વિસ્તારમાં જુગાર રમતા સાત જુગારીઓ ઝડપાયા



(પ્રતિનિધી દ્વારા)

ઉના તા. ૧૧

ઉનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાણાની સૂચનાથી પી.એસ.આઈ. પી.જી. જોશી અને સ્ટાફે ઊનાથી ચાચકવડ જતા રોડ ઉપર સીમ વાડી વિસ્તારમાં નર્સરી પાસે જયેશ ભીખાભાઈ મજેઠિયા તેમના નવા મકાન પાસે લોકોને બોલાવી રૂપિયાની હારજીતનો જુગાર રમતા હોય પોલીસે રેડ કરી જુગાર રમતા જયેશ ભીખા ભાઈ મજેઠિયા, સરફરાઝ હનીફભાઈ કુરેશી, યુસુફ સુલેમાન કચરા, રાકેશ ભીમજીભાઈ મકવાણા, મહમદ સિદીક રફીકભાઈ કુરેશી, સલીમ મહમદ કાતરીયા, મેહબૂબ ઈબ્રાહિમ ચોહાણ રે. તમામ ઊનાવાળાને ગંજી પતાથી તીનપત્તીનો જુગાર રમતા હોય રોકડા રૂા.૧૭૦૮૦/સાથે પકડી ઊના પોલીસ સ્ટેશનમાં લાવી જુગાર ધારા કલમ ૧૩ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# ખંભાળિયાની રેડક્રોસ સંસ્થા દ્વારા કાયમી ચાલતી સેવાકીય પ્રવૃત્તિ


## દર્દીઓને વિના મૂલ્યે વાપરવા અપાય છે વિવિધ સાધનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં જરૂરિયાતમંદ દર્દીઓ માટે ફોલ્ડિંગ બેડ, વ્હીલ ચેર, ટોયલેટ શીટ, વોકર, વિગેરે ચીજ વસ્તુઓ વિના મૂલ્યે વાપરવામાં માટે આપવામાં આવે છે. આ સેવા પ્રવૃત્તિનો આજ સુધી મોટી સંખ્યામાં દર્દીઓ લાભ લઈ ચૂક્યા છે. સંસ્થાની આ કાયમી પ્રવૃત્તિના પ્રોજેક્ટ ચેરપર્સન અખિલેશભાઈ મોદી દ્વારા સુંદર રીતે આ તમામ બાબત અંગેનું સંચાલન કરવામાં આવે છે. ઉપરોક્ત ચીજ વસ્તુઓ મેળવવા અથવા પરત આપવા માટે અખિલેશભાઈ મોદી (મો. ૯૨૬૫૯ ૧૦૮૪૮) પર સાંજે ૬ થી ૮ દરમિયાન સંપર્ક સાધવા સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે. આ ચીજ વસ્તુઓ રાખવા માટે અહીંના રઘુવંશી દાતા સદગૃહસ્થ સચિનભાઈ દતાણી (કલ્યાણ વાળા) તરફથી રેડક્રોસ સંસ્થાને વિનામૂલ્યે જગ્યા ફાળવવામાં આવી છે. જે બદલ સંસ્થાના ડિસ્ટ્રિક્ટ ચેરમેન કિરીટભાઈ મજીઠીયા તથા તેમની ટીમ દ્વારા સચિનભાઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# મંગળવાર નિમિતે શ્રીકષ્ટભંજન દેવ દાદાને પ્રિય સુખડીનો અન્નકૂટ ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૧-૦૨-૨૦૨૫ને મંગળવારના રોજ હનુમાનજીનેદાદાને પ્રિય સુખડીનો અન્નકૂટ ધરાવાયો હતો. આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા સવારે ૭ કલાકે કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારાકરવામાં આવી હતી. અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **દિવ્યેશ મણવર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **દિવ્યેશકુમાર હીમતલાલ મણવર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**દિવ્યેશકુમાર હીમતલાલ મણવર**
શ્યામ કુંજ, એસ.બી.એસ. કોલોની મેઈન રોડ,
બસસ્ટેશન પાછળ, આનંદ પાર્ક સોસાયટી,
માણાવદર - ૩૬૨૬૩૦



-: : ટચૂકડી જાહેરાત : :-

અધિક્ષકશ્રી, રે. હો. અને સા.આ.કેન્દ્ર-માણાવદર જી.જુનાગઢ ખાતે દ્વારા જુના લાકડા, લોખંડ તથા વાહનોના જુના ટાયર ટયુબ તથા ઇલેકટ્રીક માલ સામાનની" જ. જગ્યાએ છે ત્યાંથી તેવી જ સ્થિતિમાં" જાહેર હરાજી થી આખરી નિકાલ કરવાનો હોય રસ ધરાવતી પાર્ટી એ તા.૧૨/૦૨/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ દરમ્યાન સમય ૧૦-૩૦ થી૧૮-૦૦ કલાક દરમ્યાન રૂબરૂ સ્થળ પર માલ જોઇ ને પોતાના ભાવ બંધ કવરમાં રજી.એ.ડી.(RPAD) મારફતે નીચેના સમનામે પહોંચતા કરવાના રહેશે નિયત સમયમર્યાદા બાદ મળેલ ભાવના બંધ કવર ધ્યાને લેવામાં આવશે નહિ.

સરનામું.- વહિવટી શાખા, અધિક્ષકશ્રીની કચેરી, રે.હો. અને સા.આ.કેન્દ્ર-માણાવદર જી.જુનાગઢ

અધિક્ષક વર્ગ-૧
રે.હો. અને સા.આ.કેન્દ્ર,
માણાવદરજી.જુનાગઢ

માહિતી/જૂના/૮૮૪/૨૦૨૫

# જૂનાગઢ મનપાનો ચૂંટણીજંગ અંતિમ તબક્કામાં પ્રવેશ્યો : ભાજપ મોટા નેતાઓને પ્રચાર માટે મેદાનમાં ઉતારશે

## રાજકીય પક્ષો દ્વારા સતત કરવામાં આવી રહેલો લોકસંપર્ક : કયાંક મતદારો દ્વારા આવકાર તો કયાંક મતદારો દ્વારા જાકારો

જૂનાગઢ તા. ૧૧

આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી મનપાની ચૂંટણીને લઈને રાજકીય પાર્ટીઓ પ્રચાર કાર્યોમાં વ્યસ્ત છે. જનતા એટલે મતદારો ચૂંટણી પ્રક્રિયાથી હાલ અલિપ્ત હોય તેવું લાગે છે. આ દરમ્યાન મુખ્ય રાજકીય પક્ષ ભાજપ દ્વારા છેલ્લા દિવસોમાં ચૂંટણી પ્રચાર માટે મોટા ગજાનાં નેતાઓનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચૂંટણી માટેનું ચિત્ર હવે એકદમ સ્પષ્ટ આવી રહયું હોય, આમજનતામાં અનેક ચર્ચાઓ થઈ રહી છે તો બીજી તરફ અન્ય પક્ષમાંથી ઉમેદવારો ભાજપનાં ઉમેદવારને ટેકો આપી રહયા હોવાના બનાવો બની રહયા છે. ગઈકાલે વધુ એક ઉમેદવારે ભાજપમાં જોડાણ કર્યુ છે. વોર્ડ નં.૧૧નાં આમઆદમી પાર્ટીનાં ઉમેદવાર અનિલ કાથડીયાએ ચૂંટણી લડવાનાં બદલે ભાજપનાં ઉમેદવારોને સમર્થન આપી ભાજપમાં જોડાઈ ગયા હતા. તેઓએ જણાવ્યું હતું કે, વિકાસ કામ અને વિસ્તારનાં લોકોનાં સંતોષને ધ્યાને લઈ તેઓએ ભાજપનાં ઉમેદવારને સમર્થન જાહેર કર્યુ છે. આ રીતે એક પછી એક વિકેટો ખડી રહી છે અને ભાજપને માટે જીત મેળવવા માટે રસ્તો સાફ બની રહયો હોય, જો કે ભાજપની છાવણીમાં તો આનંદ અને ઉત્સાહની લાગણી વ્યાપેલી છે.

દરમ્યાન આધારભુત રીતે મળતા અહેવાલ અનુસાર આગામી શનિવારે જૂનાગઢમાં ભાજપનાં વધુ મોટા ગજાનાં નેતા અને સ્ટાર પ્રચારકોનાં કાર્યક્રમો યોજાઈ રહયા હોવાનું જાણવા મળે છે. જો સુત્રોનું માનીએ તો રાજયનાં ગૃહમંત્રી અને સર્વે સમાજમાં સારી એવી છાપ ઉપસાવનારા યુવા નેતા હર્ષ સંઘવી જૂનાગઢ આવી રહયા હોવાનું પણ જાણવા મળે છે જો કે આ અંગેનો કાર્યક્રમ સત્તાવાર રીતે જાહેર થયો નથી. જૂનાગઢ મનપાનો ચૂંટણી જંગ બરાબરનો જામ્યો છે અને રાજકીય પક્ષોનાં ઉમેદવારો ચૂંટણી પ્રચારનાં કાર્યમાં જોરશોરથી લાગી ગયા છે. ખાસ કરીને ભાજપનાં જે ગઢ જેવા વિસ્તારો છે તે વિસ્તારોમાં ભાજપનાં ઉમેદવારોને હારતોરાથી સ્વાગત પણ કરવામાં આવી રહયું છે અને અપવાદરૂપ કિસ્સામાં પ્રાથમિક સુવિધાનાં પ્રશ્ને ઉમેદવારોને મત માંગવા જતી વખતે ખરાબ અનુભવ પણ થઈ રહયા છે.

જેમ જેમ ચૂંટણીનાં દિવસો પસાર થઈ રહયા છે તેમ મતદારોને આપણા ઉમેદવાર તરફ કઈ રીતે વાળવા તેવા મહત્તમ પ્રયાસો કરવામાં આવી રહયા છે. એક તકે તો વચનોની લ્હાણી પણ કરવામાં આવી રહી છે. ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટી, અપક્ષો, એનસીપી સહિતનાં પક્ષોનો ચૂંટણી પ્રચાર કાર્ય વેગવાન બની રહયું છે ત્યારે બીજી તરફ જૂનાગઢની પ્રજા એટલે કે ખાસ કરીને મતદારો આ બધી બાબતોથી અલિપ્ત રહેતા હોય તેમ હાલ લાગી રહયું છે. મતદારોએ જાણે એવું મન બનાવી લીધું છે કે ચૂંટણીનાં દિવસે જ પસંદગીનાં ઉમેદવારને મત આપી તેને વિજેતા બનાવવા પ્રયાસો કરશે. કેટલીક જગ્યાએ દરેક પાર્ટીને અમે મત તમને જ આપીશું તેવો પણ વિશ્વાસ આપવામાં આવી રહયો છે. પરંતુ સાચી વાત એ છે કે હાલ મતદારોનું મન કળવું મુશ્કેલ છે.

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અન્વયે કામદારોને મતદાન માટે વારાફરતી ૩ કલાકની ખાસ રજા આપવાનો આદેશ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

રાજયની રાજયની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી રોજ યોજાનાર છે. મતદાનની તારીખે ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ ૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/ બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આથી આગામી તા.૧૬-૨-૨૦૨૫ (રવિવાર)ના રોજ યોજાનાર રાજયની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી માટે જે વિસ્તારમાં ચુંટણી યોજાવવાની છે, તે સમગ્ર વિસ્તારમાં કાર્યરત કર્મચારી/કામદારોને મતદાન કરી શકે તે માટે ૩(ત્રણ) કલાકની વારાફરતી ખાસ રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેમ શ્રમ આયુક્તએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢમાં મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ સંપન્ન






### જવાહર રોડ ખાતે ઢોલ નગારા, બેન્ડબાજા દ્વારા સ્વાગત , છપ્પન ભોગ દર્શન યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જવાહર રોડ ખાતે આવેલ મોઢવાડીના બલિયા હોલમાં ગઈકાલે મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત સાંજે ઢોલ નગારા બેન્ડબાજા ના સથવારે માતાજીની પધરામણી કરવામાં આવી હતી. ત્યારબાદ છપ્પન ભોગ દર્શનમા મોટી સંખ્યામાં મોઢવણિક પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોઢ બ્રાહ્મણ પરિવારો વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.દરેક બ્રાહ્મણ પરિવારને સુંદર મુગટો-ધોતી અને વણિક પરિવારોને માતંગી માતાજીનો યંત્ર ભેટમાં આપવામાં આવેલા.આ કાર્યક્રમમાં મોઢવણિક જ્ઞાતિના ૫૦થી વધુ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને મહાઆરતીમાં જોડાયા હતા. મહા આરતી સંપન્ન થયા બાદ સામૂહિક ભોજન પ્રસાદ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દર્શનભાઈ શેઠ, હિતેશભાઈ શાહ, નરેશભાઈ ત્રિવેદી, માર્કંડભાઈ જોશી, હરેશભાઈ દેસાઈ, દિલીપભાઈ મહેતા,નવનીત ભાઈ શાહ, હાર્દિકભાઈ શાહ, નિખિલભાઈ શાહ, હિતેશભાઈ મણીયાર, નિમેષભાઈ, રાહુલભાઈ પરીખ, સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## જૂનાગઢમાં પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ ભાજપમાંથી ૧૦ કાર્યકરો સસ્પેન્ડ : ખળભળાટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર સામે ભારતીય જનતા પાર્ટીના જૂનાગઢ મહાનગરના પ્રમુખે લાલ આંખ કરી છે. ભાજપના ઉમેદવાર સામે શિસ્તભંગ કરી ઉમેદવારી નોંધાવતા આવા ૧૦ કાર્યકરો, પૂર્વ કોર્પોરેટરને પક્ષમાંથી પાણીચું પકડાવી દેવાયું છે. આ અંગે શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માએ જણાવ્યું હતું કે, ભાજપના જ કેટલાક કાર્યકરો-પૂર્વ કોર્પોરેટરે ભાજપના સત્તાવાર ઉમેદવારની સામે શિસ્ત ભંગ કરી પોતે અથવા પોતાના પરિવારના સભ્યને ઉમેદવારી નોંધાવેલ છે. જેને લઈને ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સુચનાથી ૧૦ કાર્યકર્તાઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા છે. જેમાં વોર્ડ નંબર-૧ના મકવાણા હેમીબેન, મકવાણા પ્રતાપભાઈ, વોર્ડ નંબર-૪માંથી ભુવા નિસર્ગભાઈ, બડેલીયા ગિરીશભાઈ, વાઢીયા વિજયભાઈ અને વાઢીયા નયનાબેન, વોર્ડ નંબર-૬માંથી સાવલીયા કિશોરભાઈ, સાવલીયા મનિષાબેન, વોર્ડ નંબર-૯માંથી ભરાઈ અશ્વિનભાઈ અને વોર્ડ નંબર-૧૦માંથી હિતેન ઉદાણીને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા છે. જેને પગલે ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

## જૂનાગઢના વણઝારી ચોકમાં આવેલ એપાર્ટમેન્ટના બ્લોકમાંથી ૫ બોટલ દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરના વણઝારી ચોકમાં આવેલ રાજપેલેસ એપાર્ટમેન્ટ-બીના બ્લોકમાં પોલીસ દારૂ અંગે દરોડો પાડતા ૫ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે વણઝારી ચોકમાં આવેલ રાજપેલેસ એપાર્ટમેન્ટ-બીના બ્લોક નં.૨માં દારૂ અંગે દરોડો પાડતા પોલીસે ગીરીશ ઉર્ફે રૂગનાથભાઈ પોપટને વિદેશી દારૂની ૫ બોટલ કિ.રૂા.૩૦૦૦ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

### વિદેશી દારૂની ૨ બોટલ સાથે શખ્સ ઝડપાયો

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ઝાંઝરડા રોડ આવેલ હરીઓમનગર આશ્રય એપાર્ટમેન્ટ પાછળ આવેલ માધવ વાટીકા નામના બંગ્લોઝ પાસે જાહેરમાંથી આનંદ પ્રવીણભાઈ સોલંકી રહે.દાતાર રોડ, દુબડી પ્લોટવાળાને અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બે બોટલ કિ.રૂા.૧૭૦૦ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## બાંટવામાં ગેરેજ સામે રાખેલ ફોર વ્હીલ ખસેડવાનું કહેતા હુમલો કરી ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

બાંટવાના માણાવદર રોડ પર ગેરેજ સામે રાખેલ ફોર વ્હીલ હટાવવાનું કહેતા ઉશ્કેરાઈ જઈ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૨ શખ્સો વિરૂધ્ધ બાંટવા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાંટવા પોલીસ મથકે ધીરૂપરી મોહનપરી પરીએ લાખાભાઈ રબારી અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાની ગેરેજે આવતા તેની ગેરેજની સામે રાખેલ ફોર વ્હીલર ખસેડવાનું સાહેદ ફારૂકભાઈને કહેતા આરોપી લાખાભાઈએ ઉપરાણું લઈ ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુનો મારમારવા લાગેલ તેમજ અજાણ્યા શખ્સે ફરીયાદીની ગેરેજમાંથી લોખંડનો સળીયો લાવી ફરીયાદીને સાથળના ભાગે મારી બંને આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢના વણઝારી ચોક વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરના વણઝારી ચોકમાં આવેલ રાજમોતી એપાર્ટમેન્ટની નીચે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમી રમાડતા શખ્સને બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન વણઝારી ચોકમાં ઈન્દ્રભવન એપાર્ટમેન્ટવાળી શેરીમાં આવેલ રાજમોતી એપાર્ટમેન્ટની નીચે જાહેરમાં વરલી મટકાના આંક ફેરનો જુગાર રમી રમાડતા પ્રકાશભાઈ મોહનભાઈ કારીયાને ૧૧૮૭૦ રોકડ સહિત મોબાઈલ મળી કુલ ૧૬૮૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસમાં નાનુ નામનો વ્યકિત ફોન ઉપર વરલીના આંકડાઓ લખાવતો હોવાનું ખુલતા પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨(અ)મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં પીઆઈ સાવજ ઉપર હુમલો કરનાર બુટલેગરને રાજસ્થાનથી ૩ સાગરીત સાથે પોલીસે ઝડપી લીધો




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢના પીઆઈ ઉપર હુમલો કરી બુટલેગર ૩ સાગરીતો સાથે રાજસ્થાન ભાગી ગયો હતો. જોકે એલસીબીએ ૧૧૫ ગુનામાં સંડોવાયેલા ચારેયને જોધપુરની હોટલમાંથી દબોચી લીધા હતા. જૂનાગઢ પાસેના માખીયાળાના ગોડાઉનમાંથી એસએમસીએ ગત તા.૨ જાન્યુઆરીએ રૂપિયા ૧૦,૧૦,૦૧૪ની અંગ્રેજી દારૂની ૧૭૯૯ બોટલ કબ્જે કરી હતી. આ કેસમાં જૂનાગઢના ગિરનાર દરવાજા પાસે રહેતો બુટલેગર લખન મેરૂ ચાવડા ફરાર હતો. શુક્રવારની રાત્રે આરોપી જૂનાગઢ પાસેના પાદરીયા ગામે દ્વારકાધીશ ફાર્મમાં લગ્ન પ્રસંગે આવ્યો હોવાની બાતમી મળતા તપાસનીશ પીઆઈ વી.જે. સાવજ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે લખનને પકડવા ગયા હતા. સ્થળ ઉપરથી લખનને પકડતા અન્ય ૮ શખ્સ પીઆઈ સાથે ઝપાઝપી કરી માર મારી લખન મેરૂને ભગાડી ગયા હતા. આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. દરમ્યાન બુટલેગરને જૂનાગઢનો સુનિલ લાખા ભારાઈ, અલી ઉર્ફે બબલુ રફીક મકરાણી, જયેશ ઉર્ફે ઈલુ અશોક ગાંગડીયાએ કારમાં લઈ જઈ રાજસ્થાનના જોધપુરની હોટલ ડેઝલમાં છુપાવ્યો હોવાની બાતમી એલસીબીના દિવ્યેશ ડાભી, દિપક ચૌહાણને મળી હતી. જેના પગલે શનિવારની મોડી રાત્રે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે. પટેલની ટીમના પીએસઆઈ ડી.કે. ઝાલા, વાય.પી. હડીયા, સ્ટાફના નિકુલ પટેલ, વનરાજસિંહ ચુડાસમા, જીતેશ મારૂ વિગેરેએ ધસી જઈ સ્થાનિક પોલીસની મદદ મેળવી ચારેયને દબોચી લીધા હતા અને કાર, ૬ મોબાઈલ, ૨૧,૯૦૦ની રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ અંગે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ જે.જે. પટેલએ જણાવ્યું હતું કે, પાદરીયા ખાતે પલીસ અધિકારી ઉપર હુમલ કરી ભાગીને બાઈક મારફત લખન મેરૂ ચાવડા જૂનાગઢમાં ગિરનાર દરવાજા ખાતે આવ્યો હતો. બાદમાં બાઈક ઉપર બેસીને વડાલ ખાતે પહોંચ્યો હતો. જ્યાંથી સુનિલ લાખા ભારાઈ, અલી ઉર્ફે બબલુ રફીક મકરાણી અને જયેશ ઉર્ફે ઈલુ અશોક ગાંગડીયા અલી ઉર્ફે બબલુની જીજે-૧૧-બીએચ-૭૪૨૭ નંબરની કાર મારફતે લખન મેરૂને લઈ જઈ જોધપુર ખાતેની હોટલ ડેઝલમાં આશરો આપી છુપાવ્યો હતો. આરોપીઓનો ગુનાહિત ઈતિહાસમાં લખન મેરૂ ચાવડા સામે માર્ચ ૨૦૧૮થી તા.૨ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન દારૂ સહિત ૩૭ ગુના, સુનિલ લાખા ભારાઈ સામે ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન મારામારી, દારૂ સહિત ૮ ગુના, અલી ઉર્ફે બબલુ રફીક મકરાણી વિરૂધ્ધ ૨૦૧૭થી ૨૦૨૪ દરમ્યાન દારૂના ૨૪ ગુના અને જયેશ ઉર્ફે ઈલુ અશોક ગાંગડીયા સામે ૨૨ જુલાઈ ૨૦૧૪ થી ૧૪ જુન ૨૦૨૪ દરમ્યાન મારામારી, દારૂ સહિત ૧૬ ગુના નોંધાયેલા છે.

## જૂનાગઢના યુનીવર્સન ફિઝીયોથેરાપીમાં સારવાર મેળવી અનેક દર્દીઓ સ્વસ્થ બન્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરમાં મોટી ઉંમરના એક દર્દીને ખંભાની તકલીફને કારણે મુશ્કેલ જનક પરિસ્થિતિમાં મુકાયા હતા પરંતુ યોગ્ય સારવાર મળતા તેઓને સંપૂર્ણ રાહત મળી છે. જૂનાગઢના ન્હાનાલાલ રતનજી ઠાકર(ઉ.વ.૮૩)ને ખંભાની અસહ્ય તકલીફ હતી કે જેમાં ખુબ જ દુઃખાવો હતો અને હાથની મુવમેન્ટ પણ સંપૂર્ણ બંધ થઈ ગઈ હતી. ઘણી સારવાર લીધી પણ રાહત ન હતી. દરમ્યાન યુનીવર્સન ફિઝીયો થેરાપી કિલનીકમાં માત્ર ત્રણ અઠવાડીયાની અંદર સંપૂર્ણ રાહત મળી અને હાથ પહેલા જેવા જ થઈ ગયા છે અને દર્દીને સારી સારવાર મળી છે.

જૂનાગઢમાં આવેલ યુનીવર્સન ફિઝીયોથેરાપી કિલનીક ૨૦૦૫ થી કાર્યરત છે. અસંખ્ય દર્દીઓએ વિવિધ દુઃખાવા જેવા કે કમર, ગરદન, ઘુંટણ, પેની તેમજ પેરાલિસીસને કારણે વિવિધ અંગોમાં અસર પહોંચી હોય તેવા દર્દીઓએ પણ યુનીવર્સન ફિઝીયોથેરાપી કિલનીકમાં સારવાર મેળવી અને રાહત મેળવી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨
જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

